વેસ્લિયન પ્રણાલી મુજબનું ભક્તિયુક્ત જીવન

લેખક : ડૉ. સ્ટીવ હારપર

અનુવાદક : રેવ. આર. એમ. રાઠોડ

2-BGW2

વેસ્લિયન પ્રણાલી મુજબનું ભક્તિયુક્ત જીવન

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

લેખક : ડૉ. સ્ટીવ હારપર
અનુવાદક : રેવ. આર. એમ. રાઠોડ

પ્રકાશક :

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ,

અમદાવાદ - ૩૮૦ ૦૦૬

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫

નકલ : ૧૦૦૦

કિંમત : રૂ. ૧૫

મુદ્રક :

ફોટ્રોનિક્સ

ભરવાડા હાઉસ, હાઈકોર્ટ રેલ્વે ક્રોસિંગ પાસે,

નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯ ફોન : ૪૬૫૧૨૭

શ્રીમતી રાહેલબેન આર. ક્રિશ્ચિયનના સાજાપણા અર્થે

અમારાં સ્નેહાળ જનનીને મૃત્યુજનક માંદગીમાંથી સાજાપણું આપી, મૃત્યુ પર વિજય મેળવીને વિજયી બનેલા એવા સ્વર્ગીય ઈશ્વરપિતાએ પોતાના બળવાન હાથોમાં ધરી રાખી નવું જીવન અર્પ્યું. એ મહાન પરમ પિતાને માનમહિમા અને ગૌરવ સદાકાળ હોજો.

લકવાની ગંભીર માંદગી દરમ્યાન સગાં, સ્નેહીજનો, મિત્રોએ રૂબરૂ મુલાકાત લીધી. ઈશ્વરપિતા પાસે તેમનાં સાજાપણા માટે પ્રાર્થનાઓ કરી અને દિલાસાઓ પાઠવ્યા. એ સર્વનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

બાળકો

મનોરમા – મનોજ શાહ

આવકાર અને આભાર

'ઉપલી મેડી' ની ૪૦મી જયંતીની ઉજવણી પ્રસંગે નેશવીલ (U.S.A.) તરફથી અનુવાદ માટે જે બે પુસ્તકોની પરવાનગી મળી હતી તે બંને પુસ્તકો આ વર્ષે જ પ્રગટ થઈ શક્યાં છે તે બદલ પરમકૃપાળુ ઈશ્વરપિતાનો આભાર માનીએ છીએ. 'મને પ્રાર્થના કરતાં શીખવો' એ પછી 'વેસ્લિયન પ્રણાલી મુજબનું ભક્તિમય જીવન' એ બીજું પુસ્તક પ્રગટ થાય છે. આ પુસ્તકનો અનુવાદ આપણા પ્રખ્યાત અનુવાદક રેવ. આર. એમ. રાઠોડ સાહેબે કર્યો છે. આભાર રેવ. રાઠોડ સાહેબ.

આ પુસ્તકના પ્રકાશન માટે શ્રીમતી રાહેલબહેન આર. ક્રિશ્ચિયનને – શ્રીમતી રાહેલબહેન ને – શ્રી અર્નેસ્ટભાઈ સેમ્યુલભાઈ બારૈયાનાં પત્ની – ગંભીર માંદગીમાંથી સાજાપણું મળવાથી તેમનાં દીકરી મનોરમાબહેન મનોજભાઈ શાહ તરફથી રૂ. ૫૦૦૦/- નું ઉમદા દાન મળ્યું છે, તે બદલ ઈશ્વરપિતાને નામે મનોરમાબહેન મનોજભાઈનો આભાર માનીએ છીએ અને જેમના હાથમાં જ સાજાપણું આપવાની શક્તિ છે તે આપણા મહાન વૈદ પ્રભુ ઈસુ ખ્રિસ્તના સ્વાસ્થ્યબક્ષનાર હાથોમાં શ્રીમતી રાહેલબહેન વધુ ને વધુ તંદુરસ્તી પ્રાપ્ત કરે તેવું પ્રાર્થીએ છીએ.

– ભગવતપ્રસાદ ચૌહાણ

(સેક્રેટરી)

પ્રસ્તાવના

હાલ મંડળીમાં બે બહુ જ રસિક બનાવો એક ધ્યેય તરફ આવી રહ્યા છે.

પ્રથમ વેસ્લીના સાહિત્યના અભ્યાસ માટે બહુ જ કુદરતી રીતે નવો રસ પેદા થયો છે. જોન વેસ્લી એક ગંભીર એવા ઈશ્વરવેત્તા હતા અને હાલના સંજોગો માટે અંગત રીતે તેમજ મંડળીના નવીનીકરણ માટે ઉત્તમ નમૂનારૂપ હતા. તેવું સાહિત્ય ઊંડા અભ્યાસ અને સંશોધન માટે તેમજ તે પ્રવૃત્તિમાં સઘન અને મહત્વનો ઉમેરો કરે, આપણા જ્ઞાનમાં વધારો થાય, અને આપણે કદર કરીએ તે માટે ઉમેરાતું જ રહે છે.

સાથે સાથે આત્મિક જીવનઘડતરમાં પણ એક નવીન પ્રકારનો ભાર મૂકવામાં આવે છે.

એક વાત બહુ જ સ્પષ્ટ છે કે જ્યાં સુધી આપણામાં ભક્તિમય જીવનની ઊંડી અસર નહિ થાય, અને તેને સમજદારીપૂર્વક જીવનમાં નહિ ઉતારીએ ત્યાં સુધી જેને ખરા અર્થમાં "મંડળી" કહી શકીએ તેવી મંડળી બની શકશે નહિ.

મંડળીમાં ગમે તેવાં કાર્યક્રમો-યોજનાઓ કરીએ અને માળખાની રચના કરીએ પરંતુ તે બધાં અંગત અને સામાજીક જીવનમાં આત્મિકતામાં જે સામર્થ્ય છે તેનું સ્થાન લઈ શકે જ નહિ. આ બહુ જ મહત્ત્વના ક્ષેત્રમાં વ્યક્તિઓ અને મંડળી વૃદ્ધિ પામે તે માટે ઘણાં જ ઉપયોગી સાધનો મદદરૂપ થવા સાહિત્યમાં ઉમેરાઈ રહ્યાં છે.

આ પુસ્તક તે વેસ્લીના અભ્યાસમાં તેમજ આત્મિક જીવનના ઘડતરમાં કંઈક અંશે ફાળો આપી શકે તેવાં પ્રયત્નો કરવામાં આવ્યો છે.

આ પુસ્તકમાં હું એ બતાવવા માગું છું કે વેસ્લીના જીવન અને સેવાનું અને સર્વ ક્ષેત્રોને આવરી લેતું તેમનું સંપૂર્ણ સ્વાર્પણ તે તેમના મનનીય ભક્તિમય જીવનમાં જ હતું.

આપણે આપણા આત્મિક જીવનમાં આગળ વધીએ તે માટે વેસ્લીના સિદ્ધાંતો અને નમૂનાનો ઉપયોગ કરી માર્ગ સરળ બનાવીએ.

આ પુસ્તક પ્રભુ ઈસુની કૃપામાં અને જ્ઞાનમાં વધવા તમને મદદરૂપ થાય તો તે ખરેખર વેસ્લિયન પ્રણાલીકા પ્રમાણેનું સાચું મનનીય જીવન કહી શકાશે.

સ્ટીવ હારપર

એઝબરી થીઓલૉજીકલ સેમીનરી

વિલમોર - કેન્ટકી. અમેરિકા.

અનુક્રમણિકા

		પાના નં.
પ્રકરણ ૧	"વિહાંગવલોકન" જોન વેસ્લી : ભક્તિયુક્ત પુરુષ	૧
પ્રકરણ ૨	ખ્રિસ્ત સાથે સતત સંગત : "પ્રાર્થના"	૧૩
પ્રકરણ ૩	સર્વ સંપન્ન "શબ્દ" પ્રભુનું વચન બાઈબલ	૩૦
પ્રકરણ ૪	"મુસાફરી માટે ભાથું" પ્રભુભોજન	૪૪
પ્રકરણ ૫	"ન્યાયીપણા માટે ભૂખ" ઉપવાસ	૬૨
પ્રકરણ ૬	"સમૂહ જીવન" ખ્રિસ્તી કોન્ફરન્સો	૭૪
પ્રકરણ ૭	"દૂરંદેશીપણું" કૃપાનું સાધન આખા વિશ્વમાં	૯૧

પ્રકરણ : ૧ - "વિહાંગવલોકન"

જોન વેસ્લી : ભક્તિયુક્ત પુરુષ

"શરૂ કરો" ખાનગી મનન માટે દરરોજ થોડો સમય અલગ કરો. તમને ગમે કે ના ગમે પરંતુ દરરોજ બાઈબલ વાંચો. પ્રાર્થના કરો. આ તમારા જીવન માટે છે. મનનમય જીવન સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. જો આ પ્રમાણે નહિ કરો તો તમે તમારું આખું જીવન નજીવું કરી નાખશો."

ઉપરના શબ્દો જોન વેસ્લીએ પોતાના એક ઉપદેશકને લખ્યા હતા જે દરરોજના જીવનમાં મનનનું કેટલું બધું મહત્વ છે તે જોઈ શકાય છે.

આજે પણ ઘણાં જેઓ વેસ્લિયન જીવન શ્રેણીના જાણકાર છે કે વેસ્લી ખ્રિસ્તી મનનમય જીવનને સંપૂર્ણપણે સમર્પિત હતા.

તેઓ સવારે ખૂબ જ વહેલા ઉઠતા અને મનન માટે ઘણાં પુસ્તકોનો ઉપયોગ કરતા તે આપણે સારી પેઠે જાણીએ છીએ. પરંતુ ઘણી વાર તે ફક્ત આપણા જ્ઞાનની સીમા છે. પરિણામ

આપણા આત્મિક જીવન ઘડતરના યુદ્ધમાં વેસ્લીના નમૂનાનો આપણે નક્કર રીતે ઉપયોગ કરતા નથી.

આ એક દુઃખદ વાત છે. આપણા જીવન માટે મનનમય જીવનના દાખલા-નમૂના જ્યારે આપણે શોધી રહ્યા છીએ ત્યારે વેસ્લીનું મનનમય જીવન આપણા માટે પ્રેરણા અને બળ આપનાર બની રહે. ઈશ્વર સાથે આપણા સંબંધો ઘનિષ્ઠ બને માટે વેસ્લીના મનનમય જીવનના કેટલાક પાસા ઉપર પ્રકાશ પાડવા આ પુસ્તક એક નમ્ર પ્રયાસ છે. વેસ્લીના આવા જીવનના પાસામાંથી પ્રભુની કૃપા તે તેનું મૂળ હતી. એના ઉપર ખાસ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે.

પરંતુ આપણે આપણી આત્મિક યાત્રામાં વેસ્લીના જીવન તરફ ભોમિયા તરીકે જોઈએ. અને આજે તેને આપણી સાથે શો સંબંધ છે તે જાણવું ઘણું જ મહત્વનું છે.

વેસ્લીના જીવનમાં આધારભૂત પ્રભુનું જે વચન હતું તે યાદ રાખીને તેમાંથી આપણે ઊંડુ જ્ઞાન પ્રાપ્ત કરીએ.

ત્યારે તેણે તેને કહ્યું કે "પ્રભુ તારા દેવ પર તું તારા પૂરા મનથી પ્રીતિ કર." પહેલી અને મોટી આજ્ઞા એ છે અને બીજી આજ્ઞા એના જેવી જ છે. એટલે જેવી પોતા પર તેવી પોતાના પડોશી પર તું પ્રીતિ કર. આ બે આજ્ઞા આખાં નિયમશાસ્ત્ર તથા પ્રબોધકોનો પાયો છે" માત્થી ૨૨ : ૩૭-૪૦

આ ધ્યેયને પહોંચી વળવા વેસ્લીનું મનનમય જીવન એક સાધનરુપ બન્યું હતું. પ્રભુ ઉપર અને બીજાઓ ઉપર વધારે અને

સંપૂર્ણ પ્રેમ કરવો એ એના જીવનનું એક અવિભાજ્ય અંગ બની ગયું હતું.

વેસ્લી પ્રમાણે આપણે પણ પરમેશ્વર પર તથા બીજાઓ પર એવો જ પ્રેમ કરીએ તે માટે વેસ્લીના મનનમય જીવનમાંથી ચાવીરૂપ બાબતો તપાસીએ તો તે ઘણી જ ઉપયોગી બનશે.

૧. વેસ્લીનું મનનમય જીવન તે એક વાસ્તવિકતા હતી સત્ય હકીકત હતી જ્યારે આપણે વેસ્લીનું આવું જીવન તપાસીએ તો આપણને એમ લાગે છે કે આપણા વિશ્વાસની મુસાફરીમાં આપણે એક સાથી મુસાફરના પગલામાં પગ મૂકીને ચાલી રહ્યા છીએ.

આત્મિક જીવનની મુસાફરીમાં જેમ આપણને ચડ-ઉતરના અનુભવો થાય છે તેમ વેસ્લીને પણ થતા. તેનું મનનમય જીવન જેમ આપણું જીવન સંપૂર્ણ નથી તેમજ હતું. વેસ્લીએ જેમ આ મુસાફરીમાં આગેકૂચ કરી તેમ તેમ તેમણે પોતાની ભૂલો પણ આપણને જણાવી.

ઈ.સ. ૧૭૩૨ના અરસામાં એક મોટી ભૂલ થઈ. વેસ્લીના મનનીય જીવનમાં એક ભારે પરિવર્તન આવ્યું. તે પોતાની આત્મપરીક્ષા બહુ આકરી રીતે કરવા લાગ્યા તે પોતાના આત્મિક જીવનની નાડી તપાસવામાં ગુંથાયેલા રહ્યા પોતાની ખાનગી ડાયરીના છેલ્લા પાના ઉપર એમણે એક રીત લખી જેથી પોતે આત્મિક જીવનમાં પ્રગતિ કરી છે કે પીછેહઠ કરી છે તેનું મૂલ્યાંકન કરી શકે. એ રીત આવી હતી. પોતાના આત્મિક જીવનની પ્રગતિનો કે પીછેહઠનો

માપદંડ અમૂક પ્રશ્નો જે પોતે આગળથી નક્કી કર્યા હોય તે પૂછીને કાઢતા. એક ચાર્ટ બનાવતા અને જ્યારે પોતે પૂછેલા પ્રશ્નના જવાબમાં તેઓ નિષ્ફળ જતા ત્યારે ચાર્ટ ઉપર એક ટપકુ મૂકતા. દરેક અઠવાડિયાના અંતે આવાં ટપકાંનો આંક કાઢતા અને દરેક પ્રશ્નના જવાબમાં જીવનમાં કયા ક્ષેત્રમાં તે કેટલીવાર નિષ્ફળ નિવડયા છે તે જાણી લેતાં. આ પદ્ધતિમાં આપણે સ્પષ્ટ પણ જોઈ શકીએ છીએ કે વેસ્લી પોતાની ભૂલો કે નિષ્ફળતાઓ ઉપર વધુ ભાર મૂકવા લાગ્યા. આ પદ્ધતિ દ્વારા વેસ્લીનું મનનીય જીવન તે એક નિર્ગત થએલ વ્યક્તિના જેવું બની ગયું.

આ આપણા સર્વને ચેતવણીરૂપ છે. મનન માટે આપણે એક નકારાત્મક વલણ ઉપર ભાર મૂકીએ છીએ.

જો આપણે પોતા માટે પહેલેથી જ પોતાના માટે લઘુતાગ્રંથી ધરાવતા હોઈએ તો આવું સહેલાઈથી બને છે. યાકુબ ૫ : ૧૬મી કલમનો પહેલો ભાગ આપણે સહેલાઈથી અમલમાં મૂકીએ છીએ.

"તમે નિરોગી થાઓ માટે તમારાં પાપ એક બીજાની આગળ કબુલ કરો." અને આ કલમનો છેલ્લો ભાગ "અને એક બીજાને સારુ પ્રાર્થના કરો" એ ભાગ પડતો મૂકીએ છીએ.

પરિણામ એ આવે છે કે આપણું આત્મિક જીવન અધમાવસ્થાવાળું આવે છે અને આપણને આત્મિક રીતે પાંગળા બનાવે છે. હા એ જરૂરનું છે કે આપણા આત્મિક જીવનમાં જે નકારાત્મક બાબતો છે તે તરફ દુર્લક્ષ ન રાખીએ. આપણી નિષ્ફળતાઓ

અને પાપને જીવનમાં ગંભીરપણે લેવાં જોઈએ. વેસ્લીનો નમૂનો આપણને યાદ દેવડાવે છે તે આપણા પ્રશ્નોને મોટું રૂપ ન આપતાં પ્રભુની કૃપા ઉપર જ આધાર રાખીએ. આમ કરવાથી આપણા આત્મિક જીવનના ઘડતરમાં હકારાત્મક વલણ આવશે. વેસ્લીએ પોતાની નિષ્ફળતા માટે ચાર્ટની રીત તજી દઈને પોતાની ભૂલ સુધારી લીધી. આપણે મનની એવી પદ્ધતિ અપનાવવી જોઈએ કે જેમાં પ્રભુની કૃપા જ આપણને નિરોગી કરી પુનઃ સ્થાપન કરે છે. તે બાબત પર ખાસ ભાર મૂકવો. વેસ્લીનું આત્મિક જીવન બહુ જ વાસ્તવિક હતું. એ બહુ જ ચોક્કસ રીતે ઘડી કાઢવામાં નહોતું આવ્યું કે જેથી સાઈઠ વર્ષ સુધી એક નવી મોટરકાર ચાલે તેમ સરળતાથી ચાલતું હતું. પોતાની આત્મિક મુસાફરીમાં વેસ્લીને ઘણી બાબતો વ્યવસ્થીત કરવી પડી હતી. કેટલીક વખત પોતાની અમૂક રીતો પડતી મૂકવી પડી હતી.

વેસ્લી આપણને યાદ દેવડાવે છે કે પ્રભુની સાથે અર્થપૂર્ણ રીતે ચાલવું હોય તો આપણે પણ જીવનમાં વેસ્લીની જ રીતે ચાલવું જોઈએ.

૨. વેસ્લીના મનનમય જીવનનું બીજું પગથિયું તે શિસ્ત છે. તેમણે કેટલીક ભૂલો જરુર કરી. પરંતુ તેથી આગળ ધપવામાં તે અટકાવી શકી નહી. ખ્રિસ્તી જીવનનાં મૂળ તત્વો તેમણે શોધી કાઢયાં હતાં. તે તેઓ સારી પેઠે જાણતા હતા અને તેમાં પાર ઉતરવા તેમણે દઢ નિશ્ચય કર્યો હતો. આનું પરિણામ તે વેસ્લીની બહુ જ અસાધારણ સાક્ષી છે. તેમની દરરોજની ડાયરી ઉપરથી

જાણવા મળે છે કે સાઈઠ વર્ષ કે એથી વધુ સમય તેમણે વિશ્વાસુપણે આત્મિક શિસ્ત જાળવી રાખી. હા, વખતો વખત આ રીતનું માળખું અને અનું Couteat P.B બદલ્યું છે. વારંવાર જુદા જુદા પ્રયોગો તે ખુશીથી અપનાવતા. પરંતુ પ્રભુ સાથે અંગત સંબંધ બાંધવાની તેમની મૂળભૂત ઈચ્છાને તેમણે કદી જ બદલી નથી.

તેમના વિશ્વાસુપણાનો જે લાંબા સમય સુધી તેમણે નમૂનો આપ્યો છે. તે વાસ્તવિક છે તેમાં આપણે સમતોલપણું જોઈએ તે બહુ જ જરૂરનું છે. જેમ આપણને થાય છે તેમ વેસ્લીને પોતાના આત્મિક જીવનમાં ઘણીવાર બહુ જ શુષ્ક સમયોનો પણ અનુભવ થયો છે. તે વારંવાર પ્રાર્થના કરતા હતા તેના માટે તેમની ડાયરીમાં એક ખાસ ચિહ્ન રાખ્યું હતું. આ ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે ઘણા બધા દિવસોમાં તેમની પ્રાર્થનાઓ ઠંડી અને બેપરવાહ રહી હતી. પણ તેમણે પ્રાર્થના કરવાનું ચાલું જ રાખ્યું કારણ કે તેમની ખાત્રી હતી કે ફરી એકવાર તેમની પ્રાર્થનાઓમાં આનંદના અને ઉષ્માના પણ પ્રસંગો આવશે.

એક કરતાં વધુ વ્યક્તિઓને મેં આમ કહેતા સાંભળી છે. "હાલ મને મારા મનનના સમયમાંથી કંઈ ખાસ લાભ થતો નથી. તેથી જ્યાં સુધી તેમાં ઉષ્મા ન આવે ત્યાં સુધી હવે હું તેને થોડો સમય માટે બંધ કરવાનો છું."

આવા લોકો સાથે હું જરૂર સહાનુભૂતિ ધરાવું. પરંતુ હું એ પણ જોઈ શકું છું કે આવું વલણ આપણા આત્મિક જીવનને વેરાન કરી શકે છે.

જ્યારે આત્મિક જીવનમાં શુષ્કતાના સમયો આવે ત્યારે જ આપણે વિશ્વાસુ બનવાનું છે. અને આત્મિક શિસ્ત જાળવવાની છે. ખરી વાત તો એ છે કે આપણા જીવનમાં ઈશ્વરની ઉણપ અને આપણા જીવનમાં ઈશ્વરની તાલીમ જરૂર આપણામાં ખરી પ્રાર્થના ઉદ્‌ભવે છે. આપણી નબળાઈઓમાં કે શુષ્કપણામાં જો આપણે મનન કરવાનું છોડી દઈએ તો આપણી ખરી જરૂરીઆતના પ્રસંગે જ ઈશ્વરનો આપણને ભેટો થાય છે. તે આનંદ આપણે માણી શકીશું નહિ. અને જીવનના શુષ્કપણાના અનુભવમાં શું રહસ્ય છે તે સમજવામાં નિષ્ફળ જઈશું. અને આમ કરવાથી આપણે એની એજ ભૂલો વારંવાર કરીશું.

આ મુદ્દાનો જવાબ વેસ્લી આપીને આપણને યાદ કરાવે છે કે આપણું મનનીય જીવન આપણી લાગણીઓ ઉર્મિઓ ઉપર આધારીત ન હોવું જોઈએ. આપણા મનનીય જીવનનું કેન્દ્ર આપણી ઈચ્છા કેન્દ્રીત હોવું જોઈએ. આપણા જીવનની જરૂરીયાતોમાંથી તેનો શ્રોત વહેતો થવો જોઈએ. ખરૂં શું છે તે આપણે જાણીએ છીએ અને કરીએ છીએ. આપણને યોગ્ય લાગણીઓ પૂરી પાડવા માટે આપણે જ પ્રભુ ઉપર વિશ્વાસ રાખવો જોઈએ. લાગણીઓનો અભાવ હોય તો પણ પ્રભુ આપણા જીવનમાં કાર્ય કરે છે. તેવો વિશ્વાસ રાખવો જોઈએ. અનુકૂળ અને પ્રતિકુળ સંજોગોમાં પણ આપણું મનનીય જીવન આગળ ધપતું રહે તેનો આધાર આપણા જીવનની શિસ્ત પર છે.

૩. વેસ્લીના મનનીય જીવનની પહોળાઈ છે. વેસ્લીના મનનીય જીવનનો પાયો પવિત્ર શાસ્ત્ર ઉપર નંખાયેલો હતો તેમાં જરાપણ શક નથી. તેમણે એક વખતે કહ્યું "મારો પાયો તે બાઇબલ છે. હા હું બાઇબલનો "કીડો" છું. હું નાની અને મોટી બધી જ બાબતોમાં બાઈબલ જ અનુસરું છું." પોતા વિષે તે વારંવાર કહેતા કે "હું તો એક જ પુસ્તક/બાઈબલનો માણસ છું." આવા શબ્દો દ્વારા વેસ્લીએ પોતાના વિશ્વાસનું ધોરણ જે પારસમણી (Touch Stone) છે તે પ્રગટ કર્યો.

તે બાઈબલ પૂરતા જ સિમીત રહ્યા નથી. પોતાની આત્મિક ખોજમાં બાઈબલના પાયા ઉપર જ તેમણે આધાર રાખ્યો. પરંતુ મનનીય જીવનમાં પ્રેરણા મળે તથા વધુ અર્થપૂર્ણ બની રહે તેથી મનનના માટે બીજા પુસ્તકોનો પણ છુટથી ઉપયોગ કરી સંશોધન કરતા. ઉત્તમ શું છે તે વેસ્લી જાણતા હતા. તેમણે એંગલીકન પ્યોરીટન- મોરેલીઅન તથા રોમન કેથોલીક સાહિત્યનો ઉપયોગ કર્યો હતો. પરિણામે તેમના મનનીય જીવનમાં ઘેરાઈ હતી, ઊંડાઈ હતી અને એટલી બધી વિવિધતા હતી કે જે એક જ મંડળીના સાહિત્યમાંથી ન મળ્યાં હોત. આ જૂદા જૂદા સાહિત્યનો ઉપયોગ કરી બાઈબલને કેન્દ્ર સ્થાને રાખી વેસ્લીએ બહુ જ ઉપયોગી એવું આત્મિક એકીકરણ કર્યું. આમાં આપણા માટે બહુ જ અગત્યની વાત છે. આપણી પેઢીમાં ઘણા બધાએ મનનીય ક્ષેત્રે-સાહિત્યના ઉપયોગમાં વગેરેમાં બહુ જ સીમીત કર્યા છે. આ કરતાં પણ વિશેષ ઘણાએ પોતાના મનનીય જીવનમાં એવી વાતોને પાયાની

બનાવી છે કે જેને હું "Pop-spirituality" કહું છું. બિલાડીના ટોપ જેવી આત્મિકતા. આ ઉપરથી હું એ કહેવા માગું છું કે તેમનો આધાર આધુનિક લેખકો ઉપર અને તેમની વિચારધારા ઉપર છે.

ખ્રિસ્તી મંડળીના સૈકાઓના ઈતિહાસમાંથી મનનનાં સાહિત્યનો ઉપયોગ કરી તેમાં કેવી મહાન સંપત્તિ છે. તેને શોધી કાઢવાની તાતી જરૂર છે.

આત્મિક શૂરવીરોના ખભાઓ ઉપર આપણે ઊભા રહેવાનું છે. મનનીય જીવનના સંકુચીતપણામાંથી બહાર આવી સદીઓ પહેલા થઈ ગયેલ સંતોને સાંભળો વાંચો, અને બાઈબલ પ્રમાણે તે છે કે કેમ તેની પરીક્ષા કરો. ચકાસણી કરો. તે માટે વેસ્લી આપણને પડકાર ફેંકે છે.

૪. વેસ્લીના મનનીય જીવનમાં સામાજીક ભાવના છે. તેનું આત્મિક જીવન તે બહુ જ અંગત અને ખાનગી છે એવું કહી તેને સડવા દીધું નહિ. જ્યાં જ્યાં શક્ય હતું ત્યાં તેને જે પ્રાપ્ત થયું તે બીજાઓને વહેંચ્યું. તેમાં બીજાઓને ભાગીદાર બનાવ્યા. વેસ્લીને જે પ્રાપ્ત થયું તેની તથા તેનો શો અર્થ થાય છે તે વિષે બીજા ઘણાઓ સાથે ચર્ચાઓ કરી. તે તેની ડાયરી ઉપરથી જોઈ શકાય છે.

બીજાઓના આત્મિક જીવનની પ્રગતિને વેસ્લીએ કેવી રીતે દોરવણી આપી તે વેસ્લીના પત્રો જે દસ્તાવેજી પુરાવા પૂરા પાડે છે તેમાંથી આપણને મળે છે. આ રીતે તે બીજાઓની જરૂરીયાતને

જ સેવા પૂરી પાડતા હતા તેમ નહિ પરંતુ તેમાંથી તેમને પોતાને પણ મદદ અને પ્રેરણા મળતા હતાં.

સંયુક્ત-સામુદાયિક આત્મિક જીવન માટે વેસ્લીને બોજ હતો. તે તેમણે જે મંડળો વર્ગોની સ્થાપના કરી તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે જ્યાં લોકોને આત્મિક જીવન માટે સમુહમાં ટેકો મળી રહેતો. આ વર્ગો-જુથો મેથોડિસ્ટના જીવન અને વૃદ્ધિમાં એક ધરી સમાન બની રહ્યા. મરહુમ બિશપ એન્સલીએ ખરું કહ્યું છે કે "વેસ્લીએ પોતાના ઉપદેશથી લોકોને વિશ્વાસમાં એકત્ર કર્યા અને પોતાની સોસાયટીઓમાં તેમને આત્મિક પોષણ પૂરું પાડયું." આત્મિક જીવનના ઘડતરને સોસાયટીઓ દ્વારા વેસ્લીએ બતાવી આપ્યું કે આત્મિક જીવનની પહોળાઈ સમાજ સુધી પહોંચવી જોઈએ.

સાચું મનનીય જીવન તે વ્યક્તિગત અનને આંતરિક જ બાબત છે. તેની કલ્પના પણ વેસ્લી કરી ના શકે. જે અધિકારયુક્ત આત્મિક્તા છે તે હંમેશાં સામાજીક જીવનને અસર કરે જ છે.

વેસ્લીની પ્રાર્થનાઓ હંમેશા તેમને એક વાતની યાદ આપતી હતી કે આખુંએ વિશ્વ તેમનું સેવાક્ષેત્ર છે. સોસાયટીઓ દ્વારા તેમણે જે કાર્યો કર્યા તે તેમના ખરા મનનીય જીવનના એક ભાગરૂપ હતું. અને મનનીય જીવન તે સમુહમાં પણ થઈ શકે તેની સાક્ષી રૂપ હતું.

૫. વેસ્લીના મનનીય જીવનની લંબાઈ તે મંડળી સુધી હતી. વેસ્લીએ તેમની અંગત આત્મિક્તા કે તેમની સોસાયટીઓ તે મંડળીનાં

અવેજી કદી જ બની શકે નહિ મંડળીનું સ્થાન લઈ શકે જ નહિ એ શીખવ્યું. એ આપણે યાદ રાખીએ તે ઘણું જ મહત્વનું છે. ઈંગ્લેન્ડની મંડળીની નિયમિત ભક્તિસભામાં તેઓ પોતે હાજર રહેતા અને તેમના અનૂયાયીઓ પણ તેવું જ કરે એવી આશા રાખતા. સવાર સાંજની પ્રાર્થનાનો સમય વેસ્લી બહુજ વિશ્વાસુપણે જાળવતા. મોટા ભાગે એંગલીકન વેદી આગળ તેઓ દર પાંચ કે છ દિવસ પ્રભુ ભોજનનો પવિત્ર સંસ્કાર પાળતા. એંગલીકન મંડળી સંપૂર્ણ છે અથવા તેમના નિયમો અને રીતો સંપૂર્ણ છે, માટે તેઓ એવું કરતા હતા તેમ નથી. તેમની માન્યતા પ્રમાણે જ બીજાઓ પણ માને છે તેથી તેઓ એંગલીકન ના રહ્યા. ના તેમણે આ બધું જ કર્યું તેનું એક જ કારણ છે કે ખ્રિસ્તી હોવું એનો અર્થ કે પ્રભુ ઈસુ ખ્રિસ્તના શરીરના એક સભ્ય તરીકે કાર્યરત રહેવું. એકલા અટુલા રહીને કોઈ ખ્રિસ્તી જીવી શકે નહિ. વેસ્લીનું મનનીય જીવન આપણને યાદ અપાવે છે કે મંડળી સિવાય અધિકારયુક્ત આત્મિકતા હોઈ શકે નહિ.

આપણા જમાનામાં મનનીય જીવનમાં અને આત્મિક ઘડતરમાં નવેસર રસ જોવા મળે છે. જ્યાં સુધી આપણે આપણા આંતરિક બળમાં સજ્જ ના થઈએ ત્યાં સુધી આપણી પેઢીના પડકારોને આપણે ઝીલી શકીશું નહિ. મંડળીમાં આપણને હવે એ વાતનું ભાન થાય છે કે પ્રભુ ઈસુ દ્વારા બાપની સાથેનો અંગત સંબંધ છે. તેનું સ્થાન આપણી પ્રવૃત્તિઓ જ લઈ શક્તી નથી. આત્મિક જીવનમાં જ્યારે આપણે પ્રેરણા અને બળ શોધી રહ્યા છીએ ત્યારે

જોન વેસ્લીનું મનનીય જીવન આપણને નમૂનો પૂરો પાડે છે. વેસ્લીના વખતમાં જેવી મોટી જરૂરિયાતો હતી તેવી જ અત્યારે પણ છે. અને એ વખતમાં ઈશ્વર જેટલો નજીક હતો તેટલો જ અત્યારે પણ છે.

પ્રકરણ - ૧
ચર્ચા માટે પ્રશ્નો

૧. વેસ્લીના ભક્તિમય જીવનના ગુણોમાંથી તમને કયો ગુણ વધુ પ્રેરણામય લાગ્યો? શા માટે?

૨. હાલની સમકાલીન આત્મિક ચળવળોમાં કયા જોખમો છે?

૩. સત્યની શોધ માટે પવિત્રશાસ્ત્રની પાયારૂપી જરૂર શા માટે છે? એવાં કયા ઉદાહરણો છે કે જ્યાં શાસ્ત્રની ઉણપ જણાઈ ત્યાં મૂશ્કેલીઓ ઊભી થઈ?

૪. મૂશ્કેલીઓ કે પ્રશ્નો હોવા છતાં વેસ્લી ચર્ચ ઓફ ઈંગ્લૅંડની મંડળીમાં જ રહ્યા તે વિષે તમારો પ્રતિભાવ કેવો છે?

પ્રકરણ : ૨

ખ્રિસ્ત સાથે સતત સંગત : પ્રાર્થના

ખ્રિસ્તી મનનીય જીવનમાં જ્યારે આપણે સમજીએ કે ફક્ત મનન માટે સમય ફાળવવો તેના કરતાં ખ્રિસ્તી જીવન જીવી બતાવવું ત્યારે આપણે એક હરણફાળ ભરીએ છીએ. તેના પરિણામ રૂપે "મનનીય જીવન" અને "મનનીય સમય એમ નહિ" તે વધારે બંધ બેસતું છે. જ્યાર આપણે વેસ્લીના આત્મિક જીવન તરફ નજર કરીએ છીએ ત્યારે આ બહુજ સ્પષ્ટ થાય છે. વેસ્લીએ પોતાના જીવનને અમૂક ભાગોમાં વહેચી નાખ્યું નહોતું. તેમના માટે તો જીવનનો નિચોડ જ આત્મિકતા છે. આખું જીવન જ મનનીય કહી શકાય.

આપણા સમયમાં હેનરી નૂએને એક વાત નીચેના શબ્દોમાં જણાવી છે. "મારા કાર્ય મધ્યે જ્યાં મારો સંબંધ છે, બોજ અને ચિંતા છે. જ્યાં દુઃખ અને આનંદના અનુભવો થાય છે. આવા મધ્યે જો મને પ્રભુ ન મળે તો જીવનના વર્તુળના કિનારા પર મનન માટે અલગ ફાળવેલા સમયમાં પ્રભુને પ્રાપ્ત કરવા તે અર્થહિન

છે. મારી સેવામાં જ કાર્યમાં જ જો મારું આત્મિક જીવન વૃદ્ધિ ન પામે તો પછી ફક્ત કિનારા ઉપર રહીને મનન કરવાથી એ કેવી રીતે વૃદ્ધિ પામી શકે? આપણા બધા માટે આ પ્રશ્ન બહુ જ વિચાર કરવા જેવો છે.

ઘણા બધાંનો ઉછેર આવા શિક્ષણ સાથે થયો છે કે મનન તે પ્રભાતમાં પ્રથમ જ થવું જોઈએ અને રાત્રે સૂતા પહેલાંની છેલ્લી પળો. મનન માટેનાં પુસ્તકોમાં પણ દરરોજ આવી પળો કેવી રીતે ગાળવી તેનું જ માર્ગદર્શન આપે છે. મનન માટે સવાર અને સાંજે પ્રભુની સંગતમાં શાંત સમય ગાળવો એ બહુ જ યોગ્ય છે. પરંતુ મનન માટેનો સમય અને બાકીનો સમય પ્રભુથી જુદા નથી. તેથી જ આખો દિવસ પોતાનું આત્મિક જીવન વહેતું રાખવા જોન વેસ્લી જુદા જુદા રસ્તા અને રીતો શોધતા. તેમણે એક માર્ગ એવો શોધ્યો કે જેને તેઓ "કૃપાનું સાધન" કહે છે. આ તો આત્મિક શિસ્ત છે કે જે દ્વારા લોકો પ્રભુમાં પોતાનો વિશ્વાસ પ્રગટ કરે અને પ્રભુની કૃપા પામે. તે બે ભાગમાં વહેંચવામાં આવે છે.

૧. સંસ્થા તે કૃપાનું સાધન બને છે.

૨. ડહાપણ ભરેલા નિર્ણયથી મળતી કૃપા. દૂરદેશીપણું– પહેલાં ભાગમાં પ્રભુ ઈસુના જીવનમાં અને શિક્ષણમાં જોવા મળે છે. તે જ્યારે બીજા ભાગમાં મંડળી દ્વારા ખ્રિસ્તી જીવનમાં વ્યવસ્થા અને વાચા વિકસાવવા જે શિક્ષણ આપવામાં આવે છે તેનો સમાવેશ થાય છે. આ બંનેનો સુમેળ સધાતા વ્યક્તિને મનનીય જીવન જીવવા

માટે બળ મળે છે. આ પુસ્તકના બાકીના ભાગમાં કૃપાના આ સાધનોને તપાસાયા ઉપર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું.

વેસ્લી માટે સંસ્થા દ્વારા કૃપાનું મુખ્ય સાધન જે આપવામાં આવ્યું છે તે પ્રાર્થના છે.

તે પ્રાર્થના માટે જ જીવતા હતા અને જીવવા માટે જ પ્રાર્થના કરતા હતા એમ કહેવું તે અતિશયોક્તિ ના કહેવાય.

પ્રાર્થનાને વેસ્લી કહેતા કે, "પ્રભુ પાસે લઈ જનાર મહાન સાધન. પ્રાર્થનાનું આ મહત્વ હતું. કારણ કે વેસ્લી એ સમજતા હતા કે ખ્રિસ્તી વિશ્વાસ તો પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા દેવ સાથેના સંબંધનું જીવન છે, આ સંબંધને ટકાવી રાખવા પ્રાર્થના ચાવી રૂપ છે. મુખ્ય કડી છે. મનુષ્યના અને પ્રભુના સંબંધને વધુ સરળ અને સમૃદ્ધ કરવા પ્રાર્થનાનું સાધન પ્રભુએ માનવજાતને આપ્યું છે. આત્મિક જીવનમાં સુકાપણું લાગે કે આવે તો વેસ્લી જોઈ શક્તા હતા કે તેનું મુખ્ય કારણ પ્રાર્થનાનો અભાવ છે.

આત્મિક જીવનને ટકાવી રાખવા પ્રાર્થના સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. તેથી જ્યારે આપણે મનનીય જીવન સંબંધી વાત કરીએ ત્યારે આપણે તે પ્રાર્થનાથી જ શરૂઆત થાય છે એમ કહેવું જરૂરી છે પ્રાર્થના આપણો "આત્મિક શ્વાસોશ્વાસ" છે, જે ખ્રિસ્તમાં આપણું જીવન ટકાવી રાખે છે. આપણા સર્જનહાર સાથે વાતચીત કરવાનું તથા સંગત કરવાનું પ્રાર્થના એક દૈવી દાન છે, જો આપણે જોન વેસ્લીના જીવન તરફ જોઈએ તો આપણને ઘણી બાબતો

મદદરૂપ થઈ પડશે કે જે દ્વારા આપણે આપણું પ્રાર્થનામય જીવન સુધારી શકીશું.

૧. **વેસ્લી ખાનગીમાં પ્રાર્થના કરતા હતા :** ખાનગીમાં પ્રાર્થના દ્વારા પ્રભુ સમક્ષ થોભવાથી વ્યક્તિ પ્રભુના આશીર્વાદ પ્રાપ્ત કરી શકે છે. તેથી જ તેઓ પોતાનો દિવસ પ્રાર્થનાથી જ શરૂ કરતા. વેસ્લી દરરોજ વહેલી સવારના સાડાચાર કે પાંચ વાગે ઉઠતા એ વિષે ઘણું બધું કહેવામાં આવ્યું છે. આ નિયમ તેમણે પચાસ વર્ષ સુધી પાળ્યો. પરંતુ આપણે એ પણ યાદ રાખવું જોઈએ કે તેઓ ઘણું કરીને રાતના દશેક વાગતા ઉંઘી પણ જતા. સવારે નિયમિત વહેલા ઉઠવાના નિયમની જ મોટી વાત નથી. પરંતુ જે મુખ્ય વાત છે તે એ કે સવારમાં ઉઠતાંની સાથે જ વેસ્લીના પ્રથમ વિચારો પ્રભુ પ્રત્યેના જ રહેતા. વેસ્લી સારી પેઠે જાણતા હતા કે વહેલી સવારે પોતાના વિચારોને મનને પ્રભુ તરફ એકાગ્ર કરવાથી તે વિચારો આખો દિવસ તેના હૃદયમાં, મનમાં ઘોળાયા કરશે. વેસ્લી પોતાની ખાનગી પ્રાર્થનાનો સમય કેવી રીતે ગાળતા એવો પ્રશ્ન સ્વાભાવિક રીતે આપણને થાય. આપણે અપેક્ષા રાખીએ તે પ્રમાણે વેસ્લી પોતાની પ્રાર્થનાને વિચારોને બહુ જ વ્યવસ્થિત રીતે રજૂ કરતા.

તેઓ એક અઠવાડિયા માટે એક નમૂનો તૈયાર કરતા અને અઠવાડિયાના પ્રત્યેક દિવસ માટે ચોક્કસ વિષય પસંદ કરતા. લખેલી પ્રાર્થનાઓ તેમના પ્રાર્થનાપરાયણ જીવનનો પાયો બન્યો હતો પરંતુ

વેસ્લીએ સ્વપ્રેરિત પ્રાર્થનાઓને પણ અગ્રસ્થાન આપ્યું છે. લેખિત પ્રાર્થનાઓ તેમના પ્રાર્થનામય જીવનનો પાયો બની જ્યારે સ્વપ્રેરિત પ્રાર્થનાએ વાચા આપી. આ રીતે વેસ્લીને લાગ્યું કે બંને દુનિયાનું જે ઉત્તમોત્તમ છે તે તેમની પ્રાર્થનાઓ દ્વારા તેમને પ્રાપ્ત થયું છે.

આ પ્રકારની પ્રાર્થનાઓનું જોડાણ આપણને આજે પણ સ્પર્શી જાય છે. પ્રાર્થના વિષે બીજાઓને માર્ગદર્શન આપતા હું એ તારણ ઉપર આવ્યો છું કે પ્રાર્થનામાં ભટકતા વિચારો તે વિશ્વવ્યાપી પ્રશ્ન છે. ઘણાંએ આ પ્રમાણે જણાવ્યું છે, "જ્યારે હું પ્રાર્થના કરું છું ત્યારે મારું મન વિચારો સેંકડો દિશામાં ફરે છે. તો તેમને યોગ્ય માર્ગ ઉપર લાવવા મારે શું કરવું?"

આ પ્રશ્નનો જવાબ આપતાં હું જણાવું છું કે જોન વેસ્લીની માફક આપણે પણ બંને પ્રકારની પ્રાર્થનાઓનો ઉપયોગ કરવો જોઈએ. એ માટે આપણી આગળ કોઈ ચોક્કસ યોજના અને વ્યવસ્થા હોવાં જોઈએ. જેમ જેમ પ્રાર્થના ઉપર ધ્યાન કેન્દ્રીત કરીશું તેમ તેમ ભટકતા વિચારોને વશમાં લાવી શકીશું અને આપણને મુશ્કેલીમાંથી બચાવશે.

આર્ચ બીશપ એન્થની બ્લૂમે આપણને લેખિત પ્રાર્થના અંગે બહુજ સારી શિખામણ આપી છે. સૌ પ્રથમ તેઓ પોતાની માન્યતા જણાવે છે કે કોઈ પણ વ્યક્તિએ આખી જીદંગી અર્થપૂર્ણ પ્રાર્થનામાં જ ગાળવી હોય તો કેટલાક અંશે તેવી વ્યક્તિને લેખીત પ્રાર્થનાઓનો પણ થોડો ઘણો ઉપયોગ કરવો જોઈએ. પરંતુ તેઓ આગળ ઉપર જણાવે છે કે આપણે પ્રાર્થના વાંચતા નથી. પરંતુ પ્રાર્થના કરીએ

છીએ. આનો અર્થ કે આપણે પ્રાર્થનાના ભાવમાં અને આત્મામાં પ્રાર્થનાના શબ્દોનું પ્રતિબિંબ પાડીએ છીએ. એ રીતે આપણા હ્રદયનો પ્રતિભાવ પ્રભુને આપીએ છીએ. આ શિખામણથી લેખીત પ્રાર્થના વિષેના મારા વિચારોમાં ધરખમ પરિવર્તન આવ્યું છે. હવે હું એ સ્પષ્ટ જોઈ શકું છું કે લેખિત પ્રાર્થનાઓ તો ફક્ત વાંચવા માટે નથી પરંતુ પ્રાર્થના કરવા માટે છે. વેસ્લી પણ એવું માનતા હતા કે લેખિત પ્રાર્થનાનો ઉપયોગ કરવાથી આપણી સમજશક્તિ સમૃદ્ધ બને છે. અને પ્રાર્થનાનો ખરો ભાવ પ્રગટ થાય છે. મંડળીની જે ઐતિહાસિક પ્રાર્થનાઓ છે તે તપાસતાં આપણે પ્રાર્થનાના નમૂના અને મુખ્ય વિષયો શોધી કાઢીએ છીએ. આપણા પ્રાર્થનામય જીવનનાં કેટલાંક પાસામાં આપણે પૂરતું ધ્યાન આપતા નથી. તે પણ શોધી શકીએ છીએ. જે પવિત્ર સાર્વત્રીક મંડળી છે. તેની સાથે આત્મામાં પ્રાર્થના કરવા આપણંને મદદરૂપ બને છે. તેથી શરૂઆતના મેથોડિસ્ટોને લેખિત પ્રાર્થનાઓને તેમના પ્રાર્થનામય જીવનનો પાયો બનાવવા ભલામણ કરતાં અને સ્વયં પ્રેરિત પ્રાર્થના દ્વારા પ્રત્યેક દિવસ માટે પ્રભુ તરફથી જે ખાસ દોરવણી મળે તેનો પ્રત્યુત્તર આપવાની સ્વતંત્રતા આપે છે.

વેસ્લીની વહેલી સવારની પ્રાર્થના યોગ્ય રીતે જ દિવસ શરૂ કરીએ એના મહત્વની યાદ દેવડાવે છે.

નાર્મન વીસેન્ટ પીલ યોગ્ય રીતે જ કહે છે કે "રચનાત્મક વિચારો સાથે ઉઠવું- જાગી જવું એ મહત્વની કળા છે. એ કળાને કેળવવાની એટલી જ જરૂર છે." દિવસની શરૂઆતથી જ વેસ્લીએ

આ કળા કેળવી હતી કે જેથી તેનામાં ખ્રિસ્ત ઈસુનું મન હતું તે ઉત્પન્ન થાય"

પરંતુ આટલેથી વેસ્લી અટકી જતા નથી. આખો દિવસ વેસ્લી ખાનગી પ્રાર્થનામાં જ વ્યસ્ત રહેતા. તેમની ડાયરીઓ ઉપરથી જોઈ શકાય છે કે તેમણે દર કલાકે કલાકે પ્રાર્થના કરવા તેમના મનને કેળવ્યું હતું. આ પ્રાર્થનાઓ ઘણું કરીને ટૂંકી સ્તુતિ માટે એક જ વાક્યની પ્રાર્થના પોતાના જીવનના પ્રસંગો પ્રભુ પાસે લાવવાની વેસ્લીની આ એક રીત હતી. આવી "મનનો ઊભરો કાઢતી પ્રાર્થના" પછી વેસ્લી પાંચ કે સાત મીનીટ મનનમાં ગાળતા.

આપણા આ આધુનિક સમયમાં જ્યારે બધાં જ પુષ્કળ કામમાં ગુંથાયેલા હોય, રોજની દોડધામ અને ધમાલ હોય ત્યારે એવો વિચાર આવે કે જોન વેસ્લીનો નમૂનો બહુ જ વાસ્તવિક નથી. પરંતુ આપણે એ યાદ રાખવું જોઈએ કે વેસ્લી કોઈ યોગી કે સન્યાસી નહોતા. તેઓ એક મઠવાસી તરીકેનું એકલવાયું જીવન જીવતા નહોતા. એનાથી તદન વિરુદ્ધની વાત કે તેઓ દરરોજનો પોતાનો કાર્યક્રમ નક્કી કરતા. જેમાં લખવાનું, ઉપદેશ કરવાનું, જુદા જુદા સ્થળે મુસાફરી કરવાનું વગેરેનો સમાવેશ થતો કે જે આજના ધોરણ પ્રમાણે આપણા ઉપર પ્રભાવ પાડે છે. દેખીતી રીતે તેઓ દરેક કલાકે પ્રાર્થના માટે એકાંતમાં જતા નહોતા. તેના બદલે પ્રાર્થનાની ટેવને આંતરીક રીતે કેળવી હતી. જીવનના દૈનિક કામમાં રચ્યાપચ્યા રહેવું અને સાથોસાથ પ્રભુ પ્રત્યે પ્રાર્થનામાં પણ લાગુ રહેવાનું તેઓ શીખ્યા હતા. વેસ્લીએ પોતાને એવી રીતે કેળવ્યા હતા કે

પોતાના આત્માનો અવાજ પોતાના સર્જનહારને પહોંચાડી શકતા હતા. સદા પ્રાર્થના કરો એ સંત પાઉલની શિખામણનો ખરો અર્થ આમાં જ સમાયેલો છે. પ્રાર્થના આપણા આત્મિક જીવનનો શ્વાસોશ્વાસ છે અને સૂચવ્યું હતું કે કોઈ પણ વ્યક્તિ જેમ શ્વાસ લેતા અટકી જતી નથી તેમ પ્રાર્થના કરતા પણ અટકી શક્તી નથી. આવા પ્રકારની પ્રાર્થના સહેલાઈથી આપણે કરી શક્તા નથી. તેના માટે પરિશ્રમ કરવો પડે છે. અને આવી પ્રાર્થનામાં ઘણી વખત ઓટ પણ આવે છે, એ આપણે કબૂલ કરવું જોઈએ. આધુનિક લેખક થોમસ કેલી પોતના પુસ્તક "મનનનો કરાર"માં આપણને પડકાર ફેંકીને કહે છે કે મનનીય જીવનના આવા પાસામાં ચાલુ રહો.

કેટલાકએક માટે જાથુ પ્રાર્થનાનો વિકાસ તે રચનાત્મક "યાદ દેવડાવાથી" રીમાઈન્ડર્સ" થાય છે. હું એવા લોકોને ઓળખું છું કે જેઓ પોતાના ટેલીફ્રોન ઉપર ટેપ મૂકે છે કે જે તેમને પ્રાર્થના કરવાનું યાદ દેવડાવે છે. જ્યારે જ્યારે તેમના ટેલીફ્રોનની ઘંટડી વાગે છે ત્યારે સામેના છેડે જે વ્યક્તિ છે તેના માટે તેઓ પ્રાર્થના કરે છે.

પોતાના વ્યવસાયમાં મશગુલ એવો કાર્યભાર ચલાવનાર અધિકારીઓ પણ પોતાની ડાયરીમાં નોંધે છે કે બપોરના સમયે તેમને ઈશ્વરપિતા સાથે "એપોઈન્ટમેન્ટ" છે અને આ રીતે પોતાનો વિશ્વાસ સીધેસીધો તેમના વ્યવસાયમાં લાવે છે. બીજા પોતાના ઘરોમાં જુદા જુદા સ્થળે પ્રાર્થનાની યાદ દેવડાવતાં વાક્યો કે નિશાનો રાખે છે. જ્યારે તેઓ આ જુએ છે ત્યારે તેઓ પ્રાર્થના કરે છે.

ઘણાં પોતાના કાંડા ઘડિયાળોમાં "અલાર્મ" દર કલાક માટે ગોઠવે છે. અને તે પ્રાર્થનાનું આમંત્રણ છે તેથી પ્રાર્થના કરે છે. આવું કરનાર દરેક વ્યક્તિ વેસ્લીએ આખા દિવસ દરમ્યાન પ્રાર્થનાનો જે બોજ અને નમૂનો આપ્યો છે તે અમલમાં મૂકે છે.

દિવસના અંતે પણ વેસ્લી પોતાની ખાનગી પ્રાર્થના કરતા. આ અનુભવ તેમને દિવસના અંત ભાગમાં પોતાના સમર્પણની અને આત્મિક જીવનની સભાનતા લાવતો.

દરેક સાંજ માટે પણ તે પોતાની પ્રાર્થના લખતા અને તેમાં સ્વયંપ્રેરિત પ્રાર્થના માટે પણ અવકાશ રાખતા. વેસ્લી દરેક દિવસના અંતે આખા દિવસનું પોતાનું જીવન તપાસી જતા અને થયેલાં પાપનો યોગ્ય રીતે પસ્તાવો કરતા. તેવો એવો નિર્ણય કરતા કે જે દ્વારા તેઓ પોતાનું જીવન સુધારતા અને ઉંઘવા જતા પહેલાં તે પોતાને ઈશ્વરની સંભાળ અને રક્ષણ માટે સોંપતા. વેસ્લીએ એવી નોંધ લખી છે કે આમ કરવાથી તે પોતાના જીવનના સર્વ દિવસોમાં શાંતિથી ઊંઘી શકતા હતા.

યોગ્ય રીતે ઉંઘવા જવાની કળા આપણે પણ શીખવી જોઈએ. ઘણી વખત છેક સુવા જવાના સમય સુધી હું કામમાં ગુંથાએલો રહું છું પરિણામ એ આવે છે કે જ્યારે હું પલંગમાં ઉંઘવા જાઉં છું ત્યારે પણ મારા મનમાં અનેક વિચારો ઘૂંટાયા કરે છે. આથી અર્ધભાન અવસ્થામાં હું કામ કર્યા કરું છું અને ખરો આરામ કરી શકતો નથી.

બીજા દિવસની સવારે હું જાગુ છું ત્યારે મને તાજગીના બદલે થાંકનો અનુભવ થાય છે. મને લાગે છે આવા અનુભવમાં હું એકલો નથી. વેસ્લી આપણને યાદ દેવડાવે છે કે દિવસના આરંભમાં જ આપણે તાજગીનો અનુભવ કરી આખો દિવસ અને પોતાને પ્રભુના હાથમાં સોંપી દેવાં. દિવસના અંતે ખાનગી પ્રાર્થના તે દૈનિક ધમાલમાંથી છૂટકારાનો દમ લેવા જેવી વાત છે કે જેથી દિવસનો સઘળો બોજો બાજુ પર મૂકી આપણે શાંતિથી ઊંઘી શકીએ.

વેસ્લી ખાનગી પ્રાર્થના કરતા અને તેમ કરવાથી તે પોતાનો દિવસ અને તેની દરેક પળ તે ઈશ્વરની પળ છે જેમાં ઘણી શક્યતાઓ સમાયેલી છે એવું માનતા. પરંતુ ખાનગી પ્રાર્થના કરીને તેઓ એટલેથી જ થોભી જતા નહિ. તેઓ સમુહમાં પણ પ્રાર્થના કરતા તેઓ સારી પેઠે જાણતા હતા કે સારા તંદુરસ્ત આત્મિક જીવન માટે ખાનગી પ્રાર્થના જ પુરતી નથી તેથી પૂરી સભાનતા સાથે બીજાઓ સાથે પ્રાર્થના કરવાના રસ્તા શોધી કાઢતા. આ પ્રમાણે કરવાનો સ્વાભાવિક માર્ગ તે "કોમન બુક ઓફ પ્રેયર્સ" દ્વારા જ હતો. એક વિશ્વાસુ ઍંગલીકન તરીકે બીજાઓ સાથે વેસ્લી પણ સવાર સાંજની પ્રાર્થનામાં જોડાતા. કોઈ કોઈ વખત પ્રાર્થનાની ટોળી બહુ જ નાની હોય. કોઈ કોઈ વખત તે મોટા પ્રભુમંદિરમાં કે કેથીડ્રલમાં પણ જતા. પરંતુ સામુહિક પ્રાર્થનામાં વેસ્લી સતત જોડાતા.

વેસ્લિયન પ્રણાલિકા પ્રમાણેની મંડળીમાં એંગલીકન મંડળી જેવી સવાર-સાંજની પ્રાર્થનાઓ થતી નથી તે એક દુઃખદ બાબત છે. વેસ્લીના ચેપલમાં જ્યારે હું રહ્યો તે દિવસોની ખાસ નોંધપાત્ર બાબત એ છે કે અમે "દરરોજની ફરજો" નો ઉપયોગ કર્યો. મોટા ભાગે જે જુથ મળતું તે બહુ જ નાનું હતું. પરંતુ આવી સામુહિક પ્રાર્થના સંગત કે મંડળી એક વિશ્વાસમાં માનનાર સમાજ છે. અને જીવન જીવવા માટે પ્રાર્થના તેજ મૂળભૂત પાયાની વાત છે તે યાદ દેવડાવતું હતું.

જ્યારે આપણને નિયમિત રીતે આવી સામુહિક પ્રાર્થના કરવાની તકો નથી સાંપડતી ત્યારે આપણું આત્મિક જીવન તદન અંગત બની જાય તેવી શક્યતાઓ છે.

કેરીસમેટીક ચળવળના એક ભાગ રૂપે વધતાં જતાં જુથો કે જેઓ મંડળીના નવીનીકરણમાં સંડોવાયેલા છે તેઓને આ વાતનું નવેસર ભાન થાય છે કે સામુહિક પ્રાર્થનામાં કેટલી બધી શકિત છે. અમેરિકામાં પણ આવાં જુથો પ્રાર્થના તથા પ્રભુની મેજની સંગતમાં મળે છે. કોરીઆમાં દરરોજ કામ પર જતાં પહેલાં વહેલી સવારે લોકોનાં ટોળે ટોળાં સામુહિક પ્રાર્થના માટે મળે છે. પરિણામ એ આવે છે કે લોકો સંગતમાં વધુ દઢ બનતા જાય છે. અને દેવનું પરાક્રમ ઉતરી આવે છે. આવા ઉદાહરણો વેસ્લીને જે ખાત્રી થઈ હતી કે પ્રાર્થનાના જવાબ આપ્યા વગર પ્રભુ રહેતા જ નથી. તેની સાબિતી માટે મદદરૂપ બને છે. બીજા વિશ્વાસીઓ સાથે સામુહિક પ્રાર્થનામાં જોડાવા સમય ફાળવવા વેસ્લી જરૂરથી આપણને ઉત્તેજન

આપે જ એ ખાત્રીપૂર્વક વાત છે. આવી પ્રાર્થના કોઈ એક વ્યક્તિ જેને આપણે "પ્રાર્થનાના ભાગીદાર" હોય કે પછી વ્યવસ્થિત રીતે ચાલતી પ્રાર્થના મીટીંગ હોય. પ્રાર્થનાની સાંકળ દ્વારાની સેવા તે બીજી શકયતા છે. પ્રાર્થનાનું રૂપ ગમે તે હોય પરંતુ સામુહિક પ્રાર્થનામાં પોતાને સમર્પિત કરવા તે વેસ્લિયન આત્માનું પ્રતિબિંબ પાડવા જેવું છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તની જે વિશાળ મંડળી તેનું શરીર છે તેના આપણે એક અંગરૂપ ભાગરૂપ છીએ. તે હકીકતની સાક્ષી પૂરે છે.

વેસ્લી ખાનગી અને સામુહિક પ્રાર્થનામાં લાગુ રહેતા તે જાણવાથી તેમની પ્રાર્થનામય જીવનની સંપત્તિ ખૂટી જતી નથી. અર્થાત્ હજુ પણ આપણે વધુ જાણી શકીએ અને શીખી શકીએ છીએ તેથી થોડાં પરચુરણ સૂચનો અસ્થાને નહિ ગણાય. એક વાત કે સ્વાભાવિક રીતે વેસ્લી કેવી રીતે પ્રાર્થના કરતા તે આપણે જાણવું જોઈએ. આ વિષય ઉપર ઘણી બાબતો વિગતો પ્રકાશ ફેંકે છે.

૧. તેમની પ્રાર્થનાઓ જુદા જુદા રૂપમાં પ્રકારમાં હતી. લેખિત પ્રાર્થનાઓ તેમના પ્રાર્થનામય જીવનમાં આધારભૂત હતી તે આગળ ઉપર જણાવ્યું જ છે. હવે આપણે જાણવાની જરૂર છે કે આવી લેખિત પ્રાર્થનાઓ વેસ્લી જુદા જુદા સાધનોમાંથી લેતા.

"ધ બુક કોમન પ્રેયર્સ" તે તેમની પ્રાર્થનાનું મેન્યુલ ખાસ પુસ્તક હતું. તે ઉપરાંત તે સમયની બીજી પ્રાર્થનાઓ અને આરંભની મંડળીની પ્રાર્થનાઓ વગેરેનો તેઓ ઉપયોગ કરતા. આ ઉપરાંત વેસ્લીએ પોતાની સ્વયંપ્રેરિત પ્રાર્થનાઓનો સમાવેશ કર્યો. તેમનો

મુખ્ય ધ્યેય, બોજ એ હતો કે વ્યક્તિઓ અર્થપૂર્ણ રીતે ઈશ્વર સાથે વાત કરે. એક જાતની ઘરડમાં ન પડતાં વેસ્લીએ પ્રાર્થનાની રીતો બદલી.

૨. વેસ્લી સાંભળી શકાય તે રીતે પરંતુ મનનપૂર્વક પ્રાર્થના કરતા. એકલા હોય કે જુથમાં હોય પરંતુ તે મોટેથી પ્રાર્થના કરતા. તેમની ડાયરી ઉપરથી એ જાણવા મળે છે કે શબ્દોથી ઉચ્ચારેલી પ્રાર્થના સાથે તેઓ ગીતો ગાતા. પરંતુ શાંત પ્રાર્થનાનું મૂલ્ય પણ વેસ્લી સારી પેઠે જાણતા હતા. ફરી એકવાર તેમની ડાયરી ઉપરથી જાણવા મળે છે કે મોટા ભાગની તેમની પ્રાર્થનાઓ-આંતરિક અવાજ કે "આત્માના અવાજથી" કરતા. મનમાં કરેલી પ્રાર્થના દરેક સમયે અને દરેક સંજોગોમાં જુદી જુદી રીતે પ્રાર્થના કરવાની સ્વતંત્રતા મળતી. વેસ્લીની કલાકે કલાકે મનન કરવાની રીતનું આ રહસ્ય છે.

અને આપણને પણ એ યાદ આપે છે કે આપણી આત્મિક યાત્રામાં આપણને પણ આંતરિક રીતે પરમ પવિત્ર સ્થાન સ્થળની જરૂર છે.

૩. વેસ્લીએ પ્રાર્થનાનો વિસ્તાર પૂરેપૂરી રીતે દર્શાવ્યો છે. તેમની પ્રાર્થનામાં સ્તુતિ- કબૂલાત- આભાર- બીજાઓ માટે મધ્યસ્થી અને પોતાની અંગત વિનંતીઓ પ્રભુને જણાવતાં. આવી પ્રાર્થનાઓ દ્વારા પોતાની લાગણીઓ વિસ્તાર દર્શાવતા તેમાં આનંદ, દુઃખ, કરુણા, બોજ, વિશ્વાસ વગેરેનો સમાવેશ થતો. તેમની પ્રાર્થનામાં પ્રમાણિકતા એક બહુ જ અસરકારક ગુણ હતો. ઘણી વાર વેસ્લી પ્રાર્થનામાં પોતાના આત્માને પ્રભુ આગળ ખુલ્લો કરતા જેમાં તેમના

શક પ્રશ્નો અને પોતાની મનોવેદનાના પોકાર હતા. જ્યારે જ્યોર્જીયામાં તેઓ સોફી હોપકીના સંબંધ વિષે કસોટીમાંથી પસાર થઈ રહ્યા ત્યારે તેમણે નોંધ્યું છે કે પ્રાર્થના કરવા ઘણા પ્રયત્નો કર્યા પરંતુ પ્રાર્થના કરી શક્યા નહિ. આવા સમયમાં ઈશ્વર તેમનાથી બહુ જ દૂર હોય તેવું લાગ્યું. અને આવી લાગણીનો ઢાંકપીછોડો કરવા તેમણે ધાર્મિક અને કૃત્રિમ શબ્દ પ્રયોગ કર્યો નથી. પરિણામે વેસ્લીની પ્રાર્થનાઓમાં વાસ્તવિક્તાનો રણકાર છે. જ્યારે તે ઉષ્મા અને પ્રેમથી પ્રાર્થના કરતા ત્યારે આપણે જાણી શકીએ છીએ તેમની નિખાલસતા આપણે જોઈ શકીએ છીએ. જ્યારે તે નોંધે છે કે તેમની પ્રાર્થનાઓ ઠંડી અને અતડી હતી. તો આપણે તેમની સાથે એકરૂપ થઈ શકીએ છીએ. બંને બાજુથી આપણી પાસે એક વાસ્તવિક ભોમિયો છે.

૪. બીજાઓની પ્રાર્થનાઓ વેસ્લી વાંચતા- અભ્યાસ કરતા અને તેનો ઉપયોગ પણ કરતા બીજાઓની પ્રાર્થનાઓનો સંગ્રહ કરવાની તેમણે ટેવ પાડી હતી. આનો અર્થ કે બીજા ખ્રિસ્તીઓની પ્રાર્થનાઓ તેમણે પૂરેપૂરી લખી લીધી અથવા તેમને ટૂંકાવીને લખી. બીજા કેટલાક ખ્યાતનામ માણસો હતા. દા.ત., જેરેમી ટેલર, અથવા વિલ્યમ લૉ. બીજા તેમના મિત્રો બહુ જ ખ્યાતનામ ન હતા. પ્રાર્થનાનું મૂળ ક્યાંથી છે તેની પરવા કર્યા વગર બીજાઓની પ્રાર્થનાની આંતર દષ્ટિનો વેસ્લીએ ઉપયોગ કર્યો છે. જે દ્વારા પોતાના આત્મિક જીવનને આગળ ધપાવી શક્યા. જ્યારે લોકો પોતાના પ્રાર્થનામય જીવન માટે તેમની પાસે મદદ માટે આવતા ત્યારે ઉપર જણાવેલી કે નોંધેલી પ્રાર્થનામાં તેઓને ભાગીદાર કરતા.

વેસ્લીનું સૌ પ્રથમ બહાર પડેલા પુસ્તકનું નામ "અઠવાડિયાના દરેક દિવસ માટે એકત્રીત કરેલ પ્રાર્થનાઓ" એ નામ આપવામાં આવ્યું હતું. એજ તેમની નિખાલસતા બતાવે છે. આ પુસ્તકમાં છાપેલી પ્રાર્થનાઓ જે વેસ્લીના મનનીય જીવનના એક અઠવાડિયાના નમૂના હતા. તે દ્વારા બીજાઓને તેમના પ્રાર્થનામય જીવનમાં મદદરૂપ અને દોરવણી આપનાર બની રહ્યા. અહીં આપણા માટે એક બીજો નિયમ છે. આપણે પણ જે મનન માટેનાં ઉત્તમ પુસ્તકો છે તેના સંપર્કમાં રહીએ. જ્યારે આ પ્રમાણે આપણે કરીશું તો આપણને લાગશે કે આપણી આત્મિક યાત્રામાં આપણે એકલા નથી. બીજાઓએ પણ આપણી માફક વિજય અને હારની લાગણીના અનુભવો કર્યા છે.

તેમણે આપણા જેવા જ પ્રશ્નો પૂછયા છે. આપણા જેવું દુઃખ અનુભવ્યું છે. અને આપણને મળેલ તેવા જ આશીર્વાદોનો પણ અનુભવ કર્યો છે. આપણા માર્ગને સારુ મુસાફરીમાં તેઓ પ્રકાશરૂપ અને મદદરૂપ છે.

આ પ્રકરણને બંધ કરવું એ બહુ સહેલી વાત નથી. વેસ્લીના પ્રાર્થનામય જીવનને તપાસવું તેમાંથી વેગ મોમેન્ટમ ઉત્પન્ન થાય છે. આ પ્રકરણમાં લખેલી વાતોથી માંડ માંડ આપણે ઉપર ઉપરથી જમીનને ખોદી છે.

આપણા આ અભ્યાસમાંથી એક ખાસ વાત આપણે શીખીએ કે આપણે ઈશ્વરને ઓળખી શકીએ, જાણી શકીએ છીએ. તેવી ખાત્રી થાય. ગીતકર્તાના શબ્દોમાં આપણે ખરેખર વાસ્તવિક રીતે તેની સાથે ચાલી શકીએ છીએ, વાત કરી શકીએ છીએ. વેસ્લીના

પ્રાર્થનામય જીવનનો અભ્યાસ કરી ત્યાં જ તેને પડતું મૂકીએ એવું વેસ્લી કદી જ ના ઈચ્છે. પોતાની આત્મિકતાને એમણે કદી જ દેખાવ કે પ્રદર્શન નથી કર્યું. વેસ્લીએ એક કાયદો નિયમ વિકસાવ્યો હતો કે જેથી જે કોઈ કોઈ વખત આવું જોનાર છે તે જે અનુભવ આપણો છે તેમાં દાખલ થવા અશક્તિમાન બને. વેસ્લીના પ્રાર્થનામય જીવનના નમૂનાને ભેટવાનું એક જ કારણ છે કે, "આપણે પણ જઈને તે પ્રમાણે કરીએ."

પ્રકરણ - ૨
ચર્ચા માટે પ્રશ્નો

૧. તમારું ભક્તિમય જીવન તે કેવળ ઉપરછલ્લું જ છે કે પછી તમારું જીવન ભક્તિકેન્દ્રીત છે? શા માટે?

૨. તમારા પ્રત્યેક દિવસની શરૂઆતમાં તમારા વિચારો ઈશ્વરકેન્દ્રીત કેવી રીતે કરો છો કે વાળો છો તેમાં બીજાને ભાગીદાર બનાવો.

૩. તમારી પ્રાર્થનાનું વર્તુળ તે દર અઠવાડિયા માટે રાખો એવા વિચાર પ્રત્યે કેવો પ્રતિભાવ આવ્યો? આવું કરવાથી તમારી પ્રાર્થનાની યાદીનું લીસ્ટ છે તેને તમે સરખો ન્યાય આપી શકો તેમાં કેવી રીતે મદદરૂપ થાય?

૪. તમારો દિવસ પ્રભુમાં વધારે સારી રીતે પસાર કરી શકો તે માટે તમને પ્રાર્થના કરવાનું યાદ દેવડાવે એવાં કોઈ યાદી ચિહ્નો તમે વાપરો છો?

૫. ભક્તિમય દિવસનો અંત તમે કેવી રીતે લાવો છો?

પ્રકરણ : ૩

સર્વ સંપન "શબ્દ" પ્રભુનું વચન બાઈબલ

આત્મિક જીવનના પાયારૂપ કંઈક ધ્યેય હોવું જોઈએ. અંગત સંબંધોને પણ જે માન્ય અને સંસ્થાપિત આદર્શો છે તેના પ્રકાશમાં બારીકાઈથી તપાસવા જોઈએ. બાઇબલની ભાષામાં કહીએ તો : "વહાલાંઓ દરેક આત્મા પર વિશ્વાસ ના રાખો, પણ આત્માઓ દેવ પાસેથી છે કે નહિ એ વિષે તેઓને પારખી જુઓ; કેમકે જગતમાં જુઠ્ઠા પ્રબોધકો ઘણા નીકળ્યા છે." ૧ યોહાન ૪:૧

આમ કરવામાં નિષ્ફળ જવાથી ઘણીવાર તેનું પરિણામ બહુ કરુણ વાતોમાં આવે છે. અથવા વિચિત્ર કે તરંગી કૃત્યોમાં આવે છે.

આપણી પેઢીને જોન્સ ટાઉનનો બહુ જ કરુણ બનાવ લાંબા સમય સુધી યાદ રહેશે. આ બનાવ તે ગેરમાર્ગે દોરેલા અને ગાંડપણ ભરેલા આધ્યાત્મવાદનો અજોડ દાખલો છે.

નિખાલસ આત્મિકતા માટે વાસ્તવિક ધોરણની જરૂર છે. એ જોન વેસ્લી સારી પેઠે જાણતા હતા. વેસ્લી માટે આ ધોરણ તે

બાઈબલ હતું. પવિત્રશાસ્ત્રના અધિકારને અને બાઈબલનું સ્થાન જીવનના કેન્દ્રમાં જ હોવું જોઈએ એ વાતને તેઓ સંપૂર્ણપણે અર્પિત થઈ ગયા હતા. જુદા જુદા વિષયો ઉપર વેસ્લીએ સેંકડો પુસ્તકો વાંચ્યા હતાં. પરંતુ તે હંમેશા પોતા વિષે એમ જ કહેતાં કે "હું તો ફક્ત એક જ પુસ્તકની વ્યક્તિ છું." એટલે કે બાઈબલ જુદા જુદા વિષયો ઉપર વેસ્લીએ આશરે છસો જેટલાં પુસ્તકો બહાર પાડયા છે. પરંતુ પવિત્રશાસ્ત્ર સિવાય તેમના જીવનમાં વિશ્વાસને લગતાં કે વ્યવહારીક જીવનની બાબતોને લગતી વાતોમાં બાઈબલ વગર બીજા કોઈને સ્થાન આપ્યું નથી. પોતાનાં ભાષણો સંદેશા "સ્ટાનડર્ડ સરમન્સ" ના પુસ્તકોની પ્રસ્તાવનામાં તે આવો દાવો કરે છે." હા મને પેલુ પુસ્તક આપો. ભલે તેની કિંમત ગમે તેટલી થાય. મને પ્રભુનું એ પુસ્તક આપો. તે મારે માટે પૂરતું જ્ઞાન છે." મતલબ કે બાઈબલ.

આવા આવેશભર્યા ઉદ્દ્ગારને વેસ્લીએ મહોર મારી કારણ કે તેમણે બહુ જ વિશ્વાસુપણે દરરોજ બાઈબલનો અભ્યાસ કરીને નમૂનો આપ્યો છે. તેમના પાંસઠ વર્ષના વિશ્વાસસભર જીવનમાં બાઈબલ તે તેમનો હંમેશનો દરરોજનો સાથી હતો. પવિત્ર જીવન જીવવા બાઈબલ તેમનો મુખ્ય માર્ગદર્શક હતું.

વેસ્લીના વારસદારો તરીકે આપણે બાઈબલના અધિકાર વિષે બહુ જ સ્પષ્ટ કબૂલાત કરવી જોઈએ કે ખ્રિસ્તી જીવનના ધોરણ અને વિચાર માટે ઘણા પુસ્તકોમાંનુ એક તે બાઈબલ છે. એમ નહિ પણ બાઈબલ જ એક અધિકારયુક્ત પુસ્તક છે. આપણે એ

સ્પષ્ટપણે જાહેર કરવું જોઈએ કે બાઈબલના ધોરણ પ્રમાણે જ આપણે આપણી રૂઢીઓ, દલીલો અને અનુભવોના પરિણામની ચકાસણી કરવી જોઈએ.

સાથોસાથ આપણે એ પણ યાદ રાખવાની જરૂર છે કે પવિત્રશાસ્ત્રનું મૂલ્ય તે કોઈ ઠંડાગાર થઈ ગયેલા એવાં ધોરણોમાં નથી. બાઈબલ તો એક અજોડ પ્રકારનું પરાક્રમ ધરાવે છે. જે દ્વારા પુરુષો-સ્ત્રીઓ સર્વ શક્તિમાન પ્રભુના સાનિધ્યમાં આવે. વેસ્લીએ બાઈબલનું ખરું મૂલ્યાંકન આ વાતમાં કર્યું છે. તેથી આપણે કહી શકીએ કે બાઈબલની ખરી કિંમત તો મનનમય જીવનમાં જ યોગ્ય રીતે સમજી શકાય.

જો આમ જ છે તો તો આપણે એક પ્રશ્ન પૂછવો જ જોઈએ "પોતાનું મનનમય જીવન કેળવવા વૃદ્ધિ પમાડવા વેસ્લીએ બાઈબલનો કેવી રીતે ઉપયોગ કર્યો? બીજો સવાલ તે એ કે "આપણે વેસ્લીનો નમૂનો લઈને કેવી રીતે આપણા મનનમય જીવનમાં પવિત્રશાસ્ત્રનો ઉપયોગ કરી શકીએ?

આ સવાલોના જવાબમાં ઘણાં બધા નિયમો સિદ્ધાંતો તરી આવે છે.

૧. વેસ્લી ભક્તિભાવથી બાઈબલનું વાંચન કરતા હતા. આ ઉપરથી એવો અર્થ નીકળે છે કે બાઈબલ ઉતાવળથી વાંચતા ન હતા અને જ્યારે વાંચતા ત્યારે બહુ જ સન્માનપૂર્વક વાંચતા. તેમણે આ વિષે આ પ્રમાણે લખ્યું છે. "હવે હું અહીં છું- માણસોના

ધમાલીયા જીવનથી ખૂબ દૂર. હું એકલો બેસું છું. ફક્ત ઈશ્વર હાજર હોય છે. તેમની હાજરીમાં જ તેમનું પુસ્તક બાઇબલ હું વાંચુ છું. અને એનું ધ્યેય સ્વર્ગમાં જવાનો માર્ગ શોધવાનું છે."

વેસ્લીનો બાઇબલ અભ્યાસ નિરાંતનો હતો ઉતાવળીયો નહિ. તેટલા માટે જ વહેલી સવારના કલાકો અને સાંજનો શાંત સમય બાઈબલ અભ્યાસ માટે વેસ્લીએ પસંદ કર્યા હતા. સવાર-સાંજના વચ્ચેનો સમય તેમણે જે વાંચ્યું છે તે ઉપર મનન કરવામાં ગાળતા. તેમનું મુખ્ય ધ્યેય તો વાંચનમાંથી શું પ્રાપ્ત કર્યું તે હતું અને નહિ કે કેટલું બધું વાંચ્યું. (Quality rather than Quantity)

એ હકીકત છે કે એક જ બેઠકમાં વેસ્લી એક અધ્યાય વાંચતા પણ કોઈ કોઈ વખત ફક્ત થોડી કલમો જ વાંચતા. તેમની ઈચ્છા તો પ્રભુને મળવાની હતી અને એ ઈચ્છા પુરી થતી ત્યારે બાઈબલમાંથી કેટલું વાંચ્યું તે બાબત ગૌણ બની જતી. આ વિષે વેસ્લી યાદ દેવડાવે છે કે બાઇબલ આપણે ઉતાવળમાં અર્થપૂર્ણ રીતે વાંચી શકતા નથી. ઈશ્વર અને તેના વચનો સાથે જ એકલા રહેવું તે સમય માગી લે છે. એટલું જ નહિ પરંતુ તેના માટે સન્માનીય વલણ અને ધ્યાન પણ જરૂરનાં છે.

૨. વેસ્લી બહુ જ પદ્ધતિસર બાઈબલ વાંચતા એમની સામાન્ય રીત તો એ હતી કે બુક ઓફ કોમન પ્રેયર્સમાં જે શાસ્ત્ર પાઠ આપ્યો હોય તે વાંચતા. આ પ્રમાણે કરવાથી વર્ષમાં તેઓ જૂનો કરાર પૂરેપૂરો વાંચી શકતા અને નવો કરાર તો ઘણી વખત પૂરો

કરી શકતા. આ વ્યવસ્થિત રીતથી તેઓ કલમોના પૂર્વાપર સંબંધ સાથે અભ્યાસ કરી શકતા.

વેસ્લી માનતા હતા કે ખ્રિસ્તીઓએ "ઈશ્વરના નિયમો પૂરેપૂરાં જાણવા જોઈએ. તેથી તેમણે જૂનો તથા નવો કરાર અને એપોક્રીફાનાં પુસ્તકો વાંચીને આપણને નમૂનો આપ્યો છે.

વેસ્લી જ્યારે બાઈબલ મનનપૂર્વક વાંચતા ત્યારે તે દ્વારા ફક્ત અનુભવ માટે જ તેમ કરતા એવું માની લેવું તે વ્યાજબી નથી. તેઓ પ્રભુનાં વચનો ખરેખર સમજવા જાણવા માગતા હતા.

બાઈબલનો વિદ્વતાપૂર્ણ અભ્યાસ કરવો અને આત્મિક જીવનની સંપત્તિ માટે મનનપૂર્વક વાંચવું બંનેમાં વેસ્લીને કોઈ તફાવત લાગતો નહોતો. બાઈબલ વિષે કોઈ નવી માહિતી કે નવું દૃષ્ટીબિંદુ તે પ્રભુ તરફથી વધુ પ્રેરણારૂપ છે, એમ માની તે તેનો સ્વીકાર કરતા.

પવિત્ર શાસ્ત્રના અભ્યાસમાં વેસ્લી મૂળ ભાષાઓનું જ્ઞાન પણ લાવ્યા અને તેમના સમયમાં અભ્યાસ માટે જે ઉત્તમ મદદ મળતી તે બધાનો તેમણે ઉપયોગ કર્યો. બાઈબલના જ્ઞાન માટે વેસ્લીને બોજ હતો તે દર્શાવવા તેમણે જૂના અને નવા કરાર ઉપર નોંધ લખી. આ નોંધ માટે તેમણે બીજા લેખકોના લખાણનો પણ ઉપયોગ કર્યો, પરંતુ ખાસ પસંદ કરેલી કલમો ઉપર વેસ્લી પોતાના અભિપ્રાય દર્શાવે છે. તેમણે કહ્યું કે "આ નોંધ તેમણે તદન અસાક્ષર લોકો જેઓ પ્રભુના વચન માટે પ્રેમ અને માન ધરાવે છે અને પોતાના આત્માનું તારણ કરવાની ઈચ્છા રાખે છે તેઓ માટે આ નોંધ

તૈયાર કરવામાં આવી છે." આના લીધે તેમના ખુલાસા કે નોંધ મોટા ભાગે સાદી અને સરળ ભાષામાં છે. આ નોંધ વાંચવાથી તેમાં કેટલું બધું વાસ્તવિક છે અને તેનાથી કેટલો ફાયદો થાય છે તે જોવા મળે છે. પદ્ધતિસર વાંચવાની બાબતમાં વેસ્લી આપણને પડકાર ફેંકે છે. તેમાંથી ઘણાં જ મહત્વના પ્રશ્નો પૂછી શકાય.

૧. "શું હું બાઈબલ એવી રીતે વાંચું છું કે તેમાં જે દ્વારા એક ભાગ આખા બાઈબલ સાથેના સંબંધમાં મને લાવે છે. શાસ્ત્રના અમૂક ભાગો હું મોટા પ્રમાણમાં વાંચું છું કે જેથી જે થોડા ભાગો જે છુટા પડી ગયેલા લાગે છે તેના સંબંધમાં આવી શકું? પ્રભુના વચનોના મારા પોતાના અભ્યાસમાં શું હું બીજાઓના અભિપ્રાય વિચારોનો જવાબદારીભરી રીતે ઉપયોગ કરું છું?

હું જે સંશોધન કરું છું તેને નોંધવા નિશાનીઓ કરવા કે લખી લેવા મારી પાસે કોઈ સાધન છે? આ બધી રીતોમાં વેસ્લીએ આપેલા નમૂનાને આપણે વિશ્વાસુ રહીએ છીએ. જે આપણને યાદ દેવડાવે છે કે બાઈબલનું ઊંડું જ્ઞાન મેળવવા માટે પદ્ધતિસર શાસ્ત્રાભ્યાસની રીતની ઘણી જ જરૂર છે.

૩. વેસ્લી પૂરેપૂરી સમજણપૂર્વક બાઇબલ વાંચતા. તેઓ જાણતા હતા કે બાઈબલના અભ્યાસ માટે આખું જીવન છે તેથી તેઓ ઉતાવળથી કદી જ બાઈબલનો અભ્યાસ કરતા નહિ. અથવા ઉપર ઉપરથી વાંચીને સંતોષ માનતા નહિ. વેસ્લીએ બાઇબલ અભ્યાસની રીત એવી વિકસાવી હતી કે તે દ્વારા વ્યક્તિને સમજપૂર્વકનો અનુભવ થતો. એ રીતના મુખ્ય મુદ્દા નીચે પ્રમાણે છે.

૧. રોજ રોજ સવાર સાંજનું વાંચન.

૨. પ્રભુની ઈચ્છા જાણવાનો મુખ્ય હેતુ.

૩. પરસ્પર સંબંધ :- એક શાસ્ત્રભાગને બીજા શાસ્ત્રભાગ સાથેનો સંબંધ જોવો– જાણવો.

૪. પ્રાર્થના દ્વારા પવિત્ર આત્માની સૂચના સ્વીકારવી.

૫. નિર્ણય :- જે શિખ્યા છે તેને અમલમાં મૂકવું.

આ છેલ્લો મુદ્દો, વેસ્લી મનનીય જીવન માટે બાઇબલનો કેવી રીતે ઉપયોગ કરતા તે મહત્વની બાબત તરફ આપણને લઈ જાય છે. "તે ખાસ હેતુસર બાઈબલ વાંચતા. તેમણે આ પ્રમાણે લખ્યું છે." જે કંઈ પ્રકાશ તમને મળે તેનો બને તેટલો બહોળો ઉપયોગ કરો અને તે પણ તાત્કાલિક" વેસ્લી માટે આના બે અર્થો છે. ૧. ઈશ્વરના વચનોનું આપણા અંગત જીવનમાં લાગુકરણ. ૨. આપણે જે શીખ્યા કે પામ્યા તે બીજાઓને શીખવીએ કે તેમાં ભાગીદાર બનાવીએ.

અંગત બાબતોને લાગે વળગે છે ત્યાં સુધી વેસ્લી લોકોને ઉત્તેજન આપીને શીખવતા કે વાંચતાં વાંચતાં થોભો, વારંવાર થોભો અને જે શાસ્ત્રભાગ વાંચી રહ્યા છે તેના પ્રકાશમાં પોતાને તપાસો. આને આપણે વિચારમગ્ન વાંચન કહી શકીએ.

વેસ્લીએ કહ્યું કે, "આમ કરવાથી આપણે જોઈ શકીશું કે આપણા હાલના અને શાશ્વત તારણના માટે બાઈબલ તે દેવનું

પરાક્રમ છે. તારણ સાધક પરાક્રમ છે. આ સંશોધન દ્વારા યોગ્ય નિર્ણયો કે ઠરાવ કરવા આપણને પ્રેરણા આપશે કે આપણે રોજબરોજનું જીવન કેવી રીતે જીવવું.

આપણા સમયમાં પોલ લીટલ નામના લેખકે આજ પ્રકારના સ્વાર્પણ વિષે આજ વાત પકડી લીધી છે જેનું લાગુકરણ નીચે આપેલા પ્રશ્નો દ્વારા આપણે જોઈ શકીશું,

૧. શું મારા માટે કોઈ નમુનો છે કે જેનું હું અનુકરણ કરું?

૨. શું એવું કોઈ પાપ છે કે જેનાથી મારે દૂર રહેવું?

૩. શું કોઈ એવી આજ્ઞા છે કે જેને મારે આધીન થવાનું છે?

૪. શું એમાં કોઈ વચન છે કે જેનો હું મારા માટે દાવો કરું?

૫ આ ફકરો મને ઈશ્વર વિષે, પ્રભુ ઈસુ ખ્રિસ્ત વિષે શું શીખવે છે?

૬. શું મારે કોઈ મુશ્કેલીનો સામનો કરવાનો છે?

૭. આ ફકરામાં શું કોઈ એવી બાબત છે કે જેના માટે મારે આજે પ્રાર્થના કરવી જોઈએ ?

આપણે જ્યારે બાઈબલ અભ્યાસ કરીએ ત્યારે ઉપર પૂછેલા બધાં જ પ્રશ્નો વેસ્લી માન્ય રાખશે. તે એક વાત જાણવા માગશે

કે દેવના વચનમાં ગાળેલો આપણો સમય આપણું બદલાણ કરી રહ્યો છે. અને આપણા જીવનો ખ્રિસ્તની પ્રતિમામાં ફેરવાતાં જાય છે.

ગીતકર્તાના શબ્દોનો પડઘો વેસ્લી પાડે છે. "મેં તારી આજ્ઞાઓ પાળવાને ઉતાવળ કરી છે અને વાર લગાડી નથી" ગી. શા. ૧૧૯:૬૦

હેતુલક્ષી કોઈ પણ વાત કદી જ અંગત રહેતી નથી. પૂરેપૂરા લાગુકરણનો અર્થ જ એ છે કે આપણે જે શીખ્યાં કે પામ્યા છીએ તે બીજાઓને શીખવીએ. વેસ્લીએ સરળ ભાષામાં કહ્યું છે કે, "આ રીતે હું જે શીખ્યો છું તે જ બીજાને શીખવું છું" વેસ્લીનો આ સિદ્ધાંત કે નિયમ તેમની ડાયરી ઉપરથી જોવા મળે છે. જેમાં નોંધ્યું છે કે જ્યારે તેઓ બીજાની મુલાકાતે જતા ત્યારે પોતે જે પામ્યા કે શીખ્યા હતા તેમાં તેઓને ભાગીદાર કરતા. કોઈ કોઈ વખત આ મુલાકાતોમાં નિયમસર બાઈબલ વાંચન કરવામાં આવતું અને બીજા મનનનાં પુસ્તકોમાંથી પણ વાંચવામાં આવતું બીજા પ્રસંગોએ સામાન્ય વાતચીતમાં પોતાને પ્રાપ્ત થયેલું ઊંડું જ્ઞાન તે લોકોને શીખવવા કહેતા. પરંતુ બીજાઓ પોતાના વિશ્વાસમાં વૃદ્ધિ પામે માટે મદદરૂપ થવા તેઓ હંમેશાં પોતાની રીતો અને સાધનો બદલવા બહુ ઉદાર મન રાખતા.

આ સ્થળે ચેતવણી રૂપ બે શબ્દો યોગ્ય છે. બીજાઓને પોતાના શિક્ષણમાં ભાગીદાર બનાવતી વખતે વેસ્લી કદી જ પોતાના વિચારો બીજા ઉપર લાદતા નહિ તેમજ સ્વમતાગ્રાહી બનતા નહિ પોતાના અનુભવો તે વિશ્વવ્યાપી છે એવું માનીને બીજા ઉપર

લાદતા નહિ. તેમની રીતો લાગણીસભર રહેતી. બીજાના અનુભવોનો ઉપયોગ તેઓ પ્રવેશ દ્વારા તરીકે કરીને પોતાને એવો જ અનુભવથી પ્રભુએ તેમને શું શીખવ્યું છે તે કહેતા.

હાલ કેટલાએક કહે છે કે અમને પ્રભુનું વચન મળ્યું છે અને આપણે તેનો તાત્કાલિક અમલ કરવો જોઈએ નહિ તો આપણી આત્મિકતા ઉપર શક લાવવામાં આવે છે. તેઓના માટે વેસ્લીની રીત તેમની રીતથી તદન જુદી જ છે. હાલના કેટલાક આધુનિક વક્તાઓની રીત એવી ન હતી. પોતાને જે પ્રાપ્ત થયું હતું તે બહુ જ નમ્રતાથી બીજાને શીખવતા. તેઓ પૂરા હૃદયથી માનતા હતા કે જો આ વચન ખરેખર પ્રભુ તરફથી હશે તો વ્યક્તિના હૃદયમાં તેનું લાગુકરણ પવિત્ર આત્મા જરૂરથી કરશે જ. પોતે શાસ્ત્રમાંથી જે મેળવ્યું હતું તે બીજાઓને શીખવવાની તીવ્ર ઈચ્છા પાછળ જે મહત્વનું કારણ હતું તે જાણવું જરૂરી છે. ઉપરની ઈચ્છાનો આધાર તેમની દઢ માન્યતા ઉપર આધારીત હતો. એ માન્યતા એવી હતી કે બાઈબલનો ઉપયોગ જુદી જુદી રીતે કરીને શીખવી શક્યા છે. બીજો તિમોથી ૩:૧૬ ઉપર ખુલાસો આપતાં ઉપરની રીતનો ઉપયોગ કરે છે. તેમાં નવાઈ પામવા જેવું કંઈ નથી.

"દરેક શાસ્ત્ર ઈશ્વર પ્રેરિત છે, તે બોધ, નિષેધ, સુધારા અને ન્યાયીપણાના શિક્ષણને અર્થે ઉપયોગી છે." ૨ તિમોથી ૩:૧૬ આ કલમ ઉપર આ પ્રમાણે તેમણે નોંધ કે ખુલાસો લખ્યો છે. કે જેઓ અજ્ઞાન છે તેઓને શિક્ષણને અર્થે તે ઉપયોગી છે જેઓ ભૂલ કે પાપમાં છે તેઓને સુધારા માટે છે અને બાળકોને દેવના

ન્યાયીપણામાં ઉછેરવા માટે છે. તેથી પોતાનું વિશાળ જ્ઞાન બીજાઓને પ્રસંગ મળ્યે શીખવવામાં તેઓ ઉપયોગ કરતા તેમાં નવાઈ પામવા જેવું નથી.

અને આજે પણ આપણા વિશ્વાસને નવું દિશા સૂચન મળે છે. ક્યારે? જ્યારે આપણે આપણા જીવનના પ્રસંગોને બાઈબલના શિક્ષણ સાથે સંબંધ છે એવું સમજીએ ત્યારે જ.

અત્યાર સુધી આપણે જે છણાવટ કરી તે મુખ્યત્વે કરીને વેસ્લી એક વ્યક્તિ તરીકે બાઈબલનો કેવી રીતે ઉપયોગ કરતા તે બાબત છે. પરંતુ આ છેલ્લો મુદ્દો તેમના આખા જીવનચરિત્રને પૂરેપૂરો ઓપ આપે છે. વેસ્લીએ બાઈબલનું વાંચન અને તેનો ઉપયોગ સામુહિક રીતે પણ કર્યો છે. એ જાણતા હતા કે વિશ્વાસ કરનારાઓના સમાજને દેવના વચન પાસે એકઠા મળવું જોઈએ. તેથી તેમના "સામાન્ય નિયમોમાં" લખ્યું છે કે "શરૂઆતના મેથોડિસ્ટોએ જ્યાં જ્યાં દેવનું વચન શીખવવામાં આવે છે, પ્રગટ કરવામાં આવે છે. એવી ભક્તિસભાઓમાં વિશ્વાસુપણે જવું. આનો અર્થ કે ઍંગલીકન મંડળીની મીટીંગો અને શરૂઆતની મેથોડિસ્ટ ચળવળની મીટીંગોમાં પણ હાજર રહેવું એટલું જ નહિ પરંતુ કૌટુંબીક મનનમાં પણ વિશ્વાસુપણે દેવના વચનો વાંચવા અને ખુલાસા કરવા.

જેમ જેમ મેથોડિસ્ટ ચળવળ વૃદ્ધિ પામતી ગઈ તેમ તેમ વેસ્લી પોતાના ઉપદેશકોને વાર્ષિક કોન્ફરન્સમાં એકત્ર કરતા. આથી સભામાં તેઓ પોતાના પ્રશ્નોના જવાબો શોધતા. તેમના જવાબો

કોન્ફરન્સની મીનીટસમાં નોંધવામાં આવતા. શાસ્ત્રભાગોના રેફરન્સ સાથે મંડળીના વહીવટ માળખામાં વેસ્લી હંમેશાં બાઈબલનો ઉપયોગ કરી માર્ગદર્શન પામતા એ બહુ જ સ્પષ્ટ છે.

સામુહિક ક્ષેત્રે શાસ્ત્રની ભારે અસર જોવા મળે છે તે વેસ્લિયન ભજનોમાંથી મળે છે. શરૂઆતના મેથોડિસ્ટો પોતાનો વિશ્વાસ ગીતો દ્વારા પ્રગટ કરતા. એ એક હકીકત છે. એ પણ એટલું જ સાચું છે કે ગીતની દરેક કડી બાઈબલ આધારીત હતી. કેટલીક બાબતોનો ઉલ્લેખ ભુલ વગરનો છે. બીજી કેટલીક બાબતો ગુઢ છે કે વેસ્લીને શાસ્ત્રનું જે સમજી શકાય તેવું જ્ઞાન હતું તે દ્વારા પ્રગટ કરવામાં આવે છે. બધાં જ ગીતો એક સત્ય વાત સમજવા મદદરૂપ બને છે. અને તે એ છે કે શરૂઆતના મેથોડિસ્ટોને શાસ્ત્રનું જે ઉત્તમ જ્ઞાન શિક્ષણ મળ્યું હતું તે આંતરિક જીવનમાં પચાવવા પ્રયત્નો કરતા હતા.

બાઈબલનો ઉપયોગ આપણે સામુહિક રીતે કરીએ એ વાતમાં વેસ્લી આપણને ઉત્તેજન આપે છે. નાનાં નાનાં જુથો અઠવાડિયા દરમ્યાન શાસ્ત્રભ્યાસ માટે મળે તેથી વેસ્લીને આનંદ થાય. સામાન્ય મંડળીને તે વિનંતી કરશે કે તે મંડળીનો વહીવટ કારભાર આ એક જ પ્રશ્ન "દોરનાર તારા" તરીકે માનીને કરે. આ પ્રશ્ન છે. "આ અંગે શાસ્ત્ર શું કહે છે?"

અને આ માનવાની હું હિંમત કરું છું કે આ પ્રમાણે બાઈબલ તરફ આપણું ધ્યાન કેન્દ્રીત કરીશું તો વેસ્લીએ જે સિદ્ધિઓ મેળવી અને શરૂઆતના મેથોડિસ્ટોએ જે સિદ્ધિઓ મેળવી તે જ આપણે

પણ મેળવી શકીશું. અને દુનિયામાં આત્મિકતા લાવવાની સેવામાં આ બાબત આપણા માટે પાયારૂપ અને દોરનાર પ્રકાશરૂપ કે દીવા સમાન બની રહેશે.

બાઈબલનો મનન માટે ઉપયોગ કરવો તેથી બાઈબલની વાતો સમજી શકાય તેવી છે. આપણે પુરવાર કરીએ છીએ- કબૂલ કરીએ છીએ. જીવનનું એક પણ પાસુ એવું નથી કે જેમાં શાસ્ત્રના સંદેશા સાથે સંબંધ ના હોય. પરંતુ જેઓ શાસ્ત્રને જાણે છે અને જેઓ ભક્તિભાવથી, પદ્ધતિસર, સમજ બુદ્ધિથી હેતુસર અને સામુહિક રીતે અપનાવે છે તેમના જીવનમાં જ કામ કરે છે.

વાતનો સારાંશ એ જ છે કે જ્યારે આપણે બાઈબલ વાંચીએ ત્યારે આ બે પ્રશ્નો પૂછીએ.

૧. શું હું ઈશ્વરને મળવાની અપેક્ષા રાખું છું?

૨. શું હું ઈશ્વરને આધીન થવા માંગું છું?

પોતાના આત્મિક બાળકો આ પ્રશ્નોના કેવા જવાબ આપે છે તે જોન વેસ્લીને જાણવાનું ગમે.

પ્રકરણ - ૩
ચર્ચા માટે પ્રશ્નો

૧. વિશ્વાસ માટે કોઈ બાહ્ય-દર્શનીય પાયારૂપ કંઈક વાત હોવી શા માટે જરૂરી છે.? આની ઉણપ હોય તો કેવા જોખમો તમને જોવા મળ્યાં છે?

૨. બાઈબલ વાંચવા તમે કઈ રીતો કે સાધનો વાપરો છે તે બીજાને જણાવો. શાસ્ત્રનો ઉપયોગ કરવામાં કયા પ્રકારની રીત તમને વધુ મદદરૂપ બની છે?

૩. શાસ્ત્રાભ્યાસના કયા ક્ષેત્રમાં કઈ બાબતની તમને વિશેષ જરૂર જણાય છે? તમારા ચર્ચા જુથમાં આ બાબતને મદદ કરે એવી કોઈ વ્યક્તિ તમને મળે પણ ખરી.

૪. શાસ્ત્ર વાંચવાથી તમને જે પ્રાપ્ત થાય તેને જીવનમાં ઉતારવાની રીતો વિષે ચર્ચા કરો. તમારું દૈનિક જીવન જીવતા પવિત્રશાસ્ત્ર કેવી રીતે જીવંત બને છે.

પ્રકરણ - ૪

"મુસાફરી માટે ભાથુ" પ્રભુભોજન

ખરી આત્મિકતા મંડળી સાથેના સંબંધમાં જ અસ્તિત્વ ધરાવે છે. વેસ્લિયન મનનીય જીવનમાં પ્રાર્થના અને શાસ્ત્રાભ્યાસ પણ સામુહિક રીતે જ દર્શાવવામાં આવે છે. કૃપાનું જે ત્રીજુ સાધન છે તે "પ્રભુભોજન" છે. તેમાં પણ આ સત્ય બાબત ચાલુ રાખી તેની ખાસ નોંધ લેવામાં આવી છે. ડૉ. આલ્બર્ટ આઉટલરે યોગ્ય રીતે જ વેસ્લી માટે કહ્યું છે કે, "ખ્રિસ્તી જીવનમાં પ્રભુભોજન તે વાસ્તવિક રીતે જ આવશ્યક અનિવાર્ય છે. એવું વેસ્લી માનતા હતા"

વેસ્લીની ડાયરી ઉપરથી જાણવા મળે છે કે આ એમની માન્યતાને ટેકારૂપ તેઓ દર ચાર કે પાંચ દિવસે પ્રભુભોજન પાળતા. આપણે હાલ વેસ્લીનું જે આધ્યાત્મિક જીવન તપાસી રહ્યા છીએ તેમાં તેમની આત્મિકતાનું મહત્વનું માપ જોવા મળે જ છે.

મારી ધર્મ સેવાના છેલ્લા પંદર વર્ષમાં મેં અનુભવ્યું છે કે વેસ્લિયન પ્રણાલિકાઓમાં માનનાર ઘણા બધા એવા છે કે જેઓ

ખ્રિસ્તી જીવનમાં પ્રભુભોજનનું મહત્વ અને પ્રવૃત્તિ શું છે તે વિષે તેઓ તદન અજ્ઞાન છે. આજે મંડળીમાં સંસ્કારો વિષેની જાણકારીમાં અને તેની ઈશ્વરવિદ્યામાં મોટી જાગૃતિ આવી રહી છે. તેમ છતાં હજુ મોટા ભાગના લોકોને આવી જાગૃતિના મોજાનો સ્પર્શ થયો નથી. પરિણામે ઘણાં બધાં પ્રભુની મેજની સંગતમાં વારંવાર ગેરહાજર રહે છે. અને તેઓ આવું કેમ કરે છે તે વિશે તેમના વિચારો બહુ જ અચોક્કસ કે અસ્પષ્ટ હોય છે.

આના અભ્યાસ માટે આ પ્રશ્નો પુછવા તે બહુ જ પ્રાથમિક બાબત નહિ ગણાય.

૧. "પ્રભુભોજનનો સંસ્કાર શું છે?"

૨. "જ્યારે આપણે દ્રાક્ષરસ અને રોટલી લેવા વેદી આગળ ઘૂંટણીએ પડીએ છીએ ત્યારે ખરેખર આપણે શામાં ભાગ લઈ રહ્યા છીએ?"

આપણા જમાનામાં જ્યારે આ પ્રશ્નો આપણી સામે આવે છે ત્યારે વેસ્લીએ ત્રણ પ્રકારના જવાબ આપ્યા છે.

૧. પ્રભુભોજન તે તો યાદગીરીનું ભોજન છે. જ્યારે આપણે રોટલી ખાઈએ છીએ અને પ્યાલામાંથી પીએ છીએ ત્યારે આપણા ઉદ્ધારના માટે પ્રભુ ઈસુએ એક જ વખત અને સદાના માટે આપણા માટે આપેલા બલિદાન તરફ આપણું ધ્યાન કેન્દ્રીત થાય છે. પહેલાં અને પછી થઈ ગયેલા ખ્રિસ્તીઓની માફક વેસ્લી પણ સમજતા હતા કે રોટલી અને દ્રાક્ષારસ તે "નવા કરારના" પ્રતિક

રૂપ છે અને એ "નવો કરાર" હજુ પણ અમલમાં છે. પરંતુ આ બહુ જ અગત્યની વાત છે કે આ ભોજન તે "યાદગીરીનું ભોજન" છે. એટલેથી જ વેસ્લી થોભી જતા નથી. પ્રભુ ઈસુના શબ્દો તરફ જોઈએ "મારી યાદગીરીને સારુ આ કરો" લુક ૨૨:૧૯. પરંતુ આ યાદગીરી હેબ્રી રીતે સમજવાની છે તે વાત ઉપર ભાર મૂકતા હતા. કોઈને ખરેખર યાદ કરવા કે કોઈ પ્રસંગને યાદ કરવો તે ફક્ત સ્મરણમાં લાવવા કરતાં તેમાં ઘેરો-ઊંડો અર્થ રહેલો છે.

એનો અર્થ એ છે કે કોઈ બનાવને આપણે આબેહૂબ સ્મરણમાં તાજો કરવો. નવેસર તેને જીવંત બનાવવો- વર્તમાન કાળ માટે.

વેસ્લી માટે આ યાદગીરી કે સંભારણું હતું અને આપણે પણ એજ રીતે પ્રભુની મેજમાં ભાગ લેવો જોઈએ. આપણે પ્રભુ ઈસુને અને તેમનો આપણને થયેલા અનુભવને એવી રીતે યાદ રાખીને સંગતની મેજને છોડીને જઈએ કે જીવતા તારનારની આપણે સેવા કરીએ.

જો જીવતા ખ્રિસ્તની જ વાત છે તો વેસ્લી પ્રભુભોજન વિષે બીજુ મહત્વનું પાસુ રજૂ કરે છે. "પ્રભુભોજનની સંગતમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તની ખરેખર હાજરી હોય છે. અહીં વેસ્લી સંસ્કારો વિષે ઈશ્વરવિદ્યાની દષ્ટીએ જે મંતવ્યો રજૂ કરે છે તે તબક્કામાં હવે આપણે દાખલ થઈએ છીએ. મંડળીના મોટા ભાગના સભ્યોને યાદગીરી વિષે જાણકારી છે. પરંતુ ખરેખર પ્રભુ ઈસુની હાજરી તે તદન અલગ જ વાત છે. તેથી વેસ્લી ખરેખર શું કહેવા માગતા હતા તે આપણે જાણવું જ રહ્યું. એ બહુ જ મહત્વની બાબત

છે. બે બાબતો તેઓ માનતા નહોતા એ જાણવાથી આપણને તેઓ મદદરૂપ બને છે.

૧. પ્રભુભોજનના પ્રતિકો - રોટલી અને દ્રાક્ષારસ તે ખરેખર પ્રભુ ઈસુનું શરીર, માંસ તથા દ્રાક્ષારસ તે ખરેખર પ્રભુ ઈસુનું રક્ત બની જાય છે. તેવું તેઓ માનતા ન હતા. આ પદાર્થો ભૌતિક વાના રોટલી અને દ્રાક્ષારસમાં પોતાનામાં કોઈ જ ફેરફાર થતો નથી કે જેથી તે માંસ અને રક્તમાં ફેરવાઈ જાય.

૨. વેસ્લી એવું માનતા કે ભલે રોટલી અને દ્રાક્ષારસ વાસ્તવિક રીતે માંસ અને રક્તમાં ન ફેરવાય પરંતુ પ્રભુ ઈસુ તેમાં આત્મિક રીતે હાજર છે. એવું માનતા હતા. આ ઍંગલીકન મંડળીની માન્યતા પ્રમાણે હતી. પ્રભુ ઈસુ તેમાં આત્મા દ્વારા હાજર હોય છે.

જેઓ ટ્રાન્સસબસ્ટેન શીએશન મતમાં માનતા નહોતા તેઓ "કોન સબસ્ટેશન" મતમાં માનતા હતા એટલે કે રોટલી અને દ્રાક્ષારસમાં પ્રભુ ઈસુની હાજરી દેહમાં સ્થાનિક રીતે છે.

વેસ્લી તેમના સમયની ઍંગલીકન મંડળીની માન્યતા પ્રમાણે માનવાનું પસંદ કરતા હતા કે પ્રભુ ઈસુની હાજરી આત્મિક રીતે આપણા માટે વાસ્તવિક બને છે. મતલબ કે પ્રભુ ઈસુની હાજરી રોટલી અને દ્રાક્ષારસ દ્વારા આવતી નથી પરંતુ તેના આત્મા દ્વારા આવે છે. આમ ખ્રિસ્ત આત્મા દ્વારા ત્યાં ખરેખર હાજર જ હોય છે. આવી માન્યતાના લીધે જ વેસ્લી પ્રભુભોજનને ઈશ્વરની કૃપાનું એક શક્તિમાન સાધન છે એવું કહી શકતા અને વેસ્લી પ્રભુની

કૃપાની પ્રવૃત્તિ કે કાર્યદક્ષતા મર્યાદિત નથી. એવું પણ માનતા હતા. તેથી પ્રભુભોજન દ્વારા પ્રભુની જે કૃપા અગ્રીમતાના ધોરણે આપણને આપવામાં આવે છે તે, ન્યાયીપણાની કૃપા અને પવિત્રકરણની કૃપા મળે છે એવું તેઓ માનતા હતા.

જેઓ ખ્રિસ્તમાં છે તેમના માટે જ પ્રભુની મેજની કિંમત છે એવું તેઓ સમજતા હતા પરંતુ અનુભવથી તેઓ એ પણ શીખ્યા કે થોડા ઘણા એવા છે કે જેઓ ખરેખર સંસ્કારમાં ભાગ લેતી વખતે જ ખ્રિસ્તી જીવનના ખરા અનુભવમાં આવે છે.

તેમણે આ પ્રમાણે લખ્યું છે, "તમે આ વાતના સાક્ષી છો. તમે જેઓ હાલ અહીં હાજર છો તેઓએ હમણાં જ જાણ્યું કે પ્રભુ તરફ તમારા ખરા બદલાણની શરૂઆત પ્રભુની મેજ આગળથી થઈ."

આ વાત ઉપરથી સમજી શકાય છે કે મેથોડિસ્ટો હંમેશા પ્રભુની મેજની સંગત સર્વના માટે કેમ ખુલ્લી "Open Communioun" મૂકે છે. મતલબ કે ગમે તે મંડળીના સભ્ય હોય તો પણ તેઓ પ્રભુની મેજની સંગતમાં ભાગ લઈ શકે છે. તેથી આમંત્રણના શબ્દો આ પ્રમાણે છે, "તમે જેઓ તમારા પાપનો પસ્તાવો કરો છો અને નવું જીવન ગુજારવાનો નિર્ણય કરો છો તેઓ આવો."

ડૉ. આલ્બર્ટ આઉટલર જ્યારે વેસ્લીના વિચારો આ શબ્દોમાં વર્ણવે છે ત્યારે તે બહુ જ વ્યાજબી છે. "આ તો હંમેશા પ્રભુની

કૃપા છે. તે કદી જ માણસના અધિકારની વાત નથી તેમજ કોઈ પણ ધર્મગુરુ પોતાના અધિકારથી આ કૃપાને પોતાના અખત્યારમાં રાખી શકે નહિ."

વેસ્લીની આ વિષયમાં જે ઉદારતા છે તેની ગેરસમજ ના થાય માટે એ જાણવું જરૂરી છે કે પ્રભુભોજન લેતાં પહેલાં વેસ્લી તેના માટે ખૂબ જ તૈયારી કરતા. આગળ ઉપર આ અંગે વધુ કહેવામાં આવશે પરંતુ અત્યારે આટલું કહેવું તે બહુ જ જરૂરી છે. પ્રભુની કૃપા પુષ્કળ વિશાળ છે. એવું વેસ્લી સમજતા હતા. માટે જ તેઓ ઉદાર મન ધરાવતા હતા. પ્રભુભોજનના સંસ્કાર દ્વારા કૃપા આપવામાં આવે છે અને જે કોઈ તે લે છે તે દ્વારા તેના જીવન માટે પ્રભુનો જે હેતુ છે તે પ્રભુ પૂર્ણ કરે છે.

૩. પ્રભુભોજનનું ત્રીજું પાસુ તે તો પ્રતિજ્ઞાના રૂપમાં છે. પ્રતિજ્ઞા દ્વારા વેસ્લી એવું કહેવા માગતા હતા કે ખ્રિસ્તી માટે સ્વર્ગનો મહિમા રાહ જુએ છે તેનું વચન છે. મંડળીમાં પ્રભુના મેજની હાજરી એક વાતની આપણને ખાત્રી કરાવે છે કે મરણ પછી સ્વર્ગમાં આપણા માટે આવા જ મેજની ભોજનની સંગતમાં રાખી મૂકેલી છે. મેજની સંગત દ્વારા વેસ્લી એ શીખવવા માગે છે કે તેમાં ભાગ લેવાથી સાક્ષીઓની જે મોટી વાદળારૂપી ભીડ આપણી આગળ ગયા છે તેમની સંગતમાં આવવાનું આ એક જ દ્રશ્ય સ્પર્શી શકાય તેવું સાધન છે.

ટૂંકમાં પ્રભુભોજનનું આ એક પાસુ આ ભોજનને એક ઉજવણીનું ભોજન માને છે. જેમાં આપણે પ્રભુની સ્તુતિ કરીએ

છીએ. અનંતજીવનની વાસ્તવિકતાને માટે અને સ્વર્ગમાં પ્રવેશવાની આશા માટે.

આપણી સમક્ષ આ ત્રણ પ્રકારના વિચારો છે તે ઉપરથી જોઈએ છીએ કે વેસ્લીએ પોતાના મનનીય જીવનમાં આને બહુ જ મહત્વનું સ્થાન આપ્યું હતું એમાં નવાઈ પામવા જેવું કશું જ નથી. જે ખરી આધ્યાત્મિકતા છે તેમાં ત્રણ બાબતોનો સમાવેશ થાય છે. મનન, અનુભવ અને આશા. પ્રભુભોજનની સંગતમાં આ ત્રણનો સૂમેળ સધાય છે. પ્રભુની મેજ પાસે જ્યારે આપણે પ્રભુ ઈસુને યાદ કરીએ છીએ ત્યારે આપણા માટે ખ્રિસ્તે જે મોટું બલિદાન આપ્યું તેની ઊંડાઈ અને મહત્વતા ઉપર મનન કરીએ છીએ. અને આપણું સ્વાર્પણ કરીએ છીએ. અને પ્રભુની મેજ એ કૃપાનું સાધન છે. તેથી ત્યાં ખ્રિસ્તની હાજરીનો આપણને અનુભવ થાય છે. અને આપણી જરૂરિયાત પ્રમાણે તે આપણને મળે છે. દા.ત., પાપોની ક્ષમા, સાજાપણું, સામર્થ્ય વગેરે. અને છેલ્લે પ્રતિજ્ઞા તરીકે આપણને વચન અને આશાનાં બાળકો તરીકે પ્રભુની મેજનાં ભાગીદાર બનીએ છીએ. આપણને આપેલું પ્રભુનું વચન ભૌતિક રીતે હાથમાં લઈએ છીએ (રોટલી અને દ્રાક્ષારસ) અને આરોગીએ છીએ કે જેથી પ્રભુ આપણો અંગીકાર કરે.

વેસ્લીના આધ્યાત્મિક જીવનમાં આ બધાનું કેવું અને કેટલું મહત્વ છે તેનું વેસ્લીના શબ્દોમાં જ વર્ણન કર્યું છે.

"આથી દરેક વ્યક્તિએ જ્યારે જ્યારે બને ત્યારે ત્યારે પ્રભુભોજનના ભાગીદાર બને અને એ દ્વારા પ્રભુને પસંદ કરવાની

તેની ઈચ્છા જાહેર કરે અને પોતાના આત્મા પરનો પ્રેમ પ્રગટ કરે, ઈશ્વરને આધીન થાય અને પોતાનાં આત્માનું ભલું શોધે."

વેસ્લીના બોજ પ્રમાણે શરૂઆતની મેથોડિસ્ટ ચળવળ એક જીવંત સાક્ષી બની. એંગલીકન પ્રભુમંદિરોમાં મેથોડિસ્ટોની ભક્તિસભા ઉપદેશ વગેરે કરવાની મના હતી. જેથી એંગલીકન મંડળી સાથે તેઓને પ્રભુભોજન વિશે વિવાદ કે ઝઘડો ના થાય. ઘણી વખત વેસ્લી પોતે મેથોડિસ્ટોને એંગલીકન પ્રભુમંદિરોમાં પ્રભુભોજન માટે લઈને જતા પરંતુ એંગલીકન પાળકોએ જ્યારે મેથોડિસ્ટોને પ્રભુભોજનમાં સામેલ થવાની મના કરી ત્યારે એંગલીકન મંડળીના પાળક તરીકે વેસ્લીને જે હક્કો મળ્યા હતા તેનો ઉપયોગ કરીને પોતાના અનૂયાયીઓને પ્રભુભોજનના સંસ્કારનો લાભ મળે તે માટે રસ્તો કાઢયો. અને છેવટે છેલ્લા પગલા તરીકે તેઓ મેથોડિસ્ટ મીટીંગોમાં પ્રભુભોજન પાળવા દેતા. ખ્રિસ્તી મુસાફરીમાં પોતાના લોકો મુસાફરીમાં ભાણા વગરના રહે તેવું તેઓ ઈચ્છતા નહોતા.

જ્યારે આપણે આપણા આત્મિક ઘડતરમાં પ્રભુભોજનનું જે સ્થાન છે તે વિષે વિચાર કરીએ ત્યારે આપણે લાગણીસભર બની જઈએ છીએ અને ભક્તિસભાના આ એક મુખ્ય ભાગ તરીકે તેમાં ભાગ લેવા પોતાનું નવેસર સ્વાર્પણ કરવા પ્રેરણા મેળવીએ છીએ. આમાં વેસ્લીને આનંદ થાય અને આ સંસ્કારની નવી રીતે કદર કરવા આપણને તાકીદ કરે છે.

સાથે સાથે તેઓ એ પણ જાણે છે કે પ્રભુભોજન તરફ જ્યારે ધ્યાન ધરીએ ત્યારે બહુ જ વ્યવહારીક પ્રશ્નો આપણને બોજ

આપે એવા ઊભા થાય છે તેમના જમાનામાં પણ એવું જ હતું અને આજે પણ એવું જ છે. આ પ્રકરણના જ્યારે છેલ્લા ભાગમાં હું આવી રહ્યો છું ત્યારે આવા ઘણા બોજ હું રજૂ કરવા માગું છું. જો હું તેમ ના કરું તો આપણા આધ્યાત્મિક જીવનની માપપટ્ટીમાં કંઈક ગુમાવીએ છીએ. અધુરાપણું લાગે છે. વેસ્લીના સમયમાં અને મોટા ભાગે આપણા સમયમાં પણ મોટા ભાગના લોકોને આ પ્રશ્ન બહુ જ ગુંચવણમાં મૂકી દે છે."

"જે કોઈ (વ્યક્તિ) અયોગ્ય રીતે પ્રભુની રોટલી ખાશે કે તેનો પ્યાલો પીશે." ૧ કોરંથી ૧૧:૨૭

આ કલમની ગેરસમજુતીથી ઘણા પ્રભુભોજનની સંગતમાં જોડાતા નથી. તેમને એવું લાગે છે કે એ મેજની સંગતમાં જોડાવાથી તેઓ પોતા ઉપર શાપ વહોરી લે. પરિણામે તેમના આત્મિક જીવનના ઘડતરમાં પ્રભુભોજન કેન્દ્ર સ્થાને નથી.

કટાક્ષરૂપે, બીજા લેખકો જેમના વિષે આપણે જોઈશું તેઓના કરતા આ બાબત ઉપર વેસ્લીએ ઘણી છણાવટ કરી છે તેમનું દષ્ટિકોણ ઘણું જ બોધદાયક છે.

વેસ્લીને લાગ્યું કે ૧ કોરંથી ૧૧:૨૭-૨૯ કલમોને અયોગ્ય રીતે વાંચવાથી આ ગુંચવણ ઊભી થઈ છે. હાલ બને છે તેમ વેસ્લીના જમાનામાં પણ લોકો એકાદ કલમ વાંચતા અને ખોટી રીતે માની લેતા કે, "હું આ ખાઈશ નહિ કેમકે તેના માટે હું લાયક નથી." બીજા શબ્દોમાં આ પ્રશ્ન કે મુશ્કેલી માટે લોકોને

પોતામાં અને પોતાનાં જીવનમાં બિનલાયકાત જોઈ વેસ્લીએ એનો જવાબ નીચે પ્રમાણે આપ્યો છે.

"ખાવા કે પીવા માટે આપણે લાયક નથી એ વિષે અહીં એક શબ્દ પણ કહેવામાં આવ્યો નથી. હા, અયોગ્ય રીતે ખાવા પીવા વિષે જરૂર કહ્યું છે. પરંતુ એ તદન જુદી જ વાત છે અને વેસ્લીએ પોતે આપણને કહ્યું છે. આજ અધ્યાયમાં આપણને કહેવામાં આવ્યું કે અયોગ્ય રીતે ખાવા પીવાનું એટલે કે "તમે આ પવિત્ર સંસ્કારને બહુ જ અવિવેકથી અને અવ્યવસ્થાથી લો છો. કારણ કે જેથી "એક ભૂખ્યો રહે છે જ્યારે બીજો છાકટો બને છે." પરંતુ તેમાં તમારે શું છે? શું આવું કરવાના જોખમમાં તમે છો? એ રીતે તમે પ્રભુનું ભોજન ખાવા પીવામાં પોતાને અયોગ્ય ગણો છો?

આ ખુલાસો, જે મુશ્કેલી કે પ્રશ્ન છે તેનો અર્થ ધરમૂળથી જુદો જ કરે છે. એનો અર્થ તો તમે કેવી રીતે ભાગ લો છો. તેના ઉપર આધાર રાખે છે અને ભાગ લેનારના ચરિત્ર ઉપર નહિ. વેસ્લી તો આગળ વધીને એટલે સુધી કહે છે કે આપણા પાપને લીધે પોતાને અયોગ્ય ગણીને તેમાં ભાગ ન લઈએ તો દરેકે તેમાંથી પોતાને બાકાત રાખવા પડે. આપણે બધાં જ પાપી છીએ જેઓ કૃપાથી તારણ પામેલા છીએ ખરી રીતે તો પ્રભુ ભોજન જે તેની કૃપાનું સાધન છે તે પાપીઓ માટે જ (પ્રભુની) યોજના છે. જેઓ પોતાને નિર્દોષ માને છે તેઓને આ આપવામાં આવતું નથી. વેસ્લીનો મુખ્ય પ્રશ્ન તો આ છે, "પસ્તાવીક હૃદય વગર પ્રભુની મેજની પાસે જવું તે." નિર્દોષ રીતે પ્રભુની આગળ

ઊભા રહેવા કોઈ લાયકાત ધરાવતું હોય તો તે તો આપણો પ્રભુ ઈસુ ખ્રિસ્ત એક જ છે. તેમની પહેલાના અને તેમની પછીના બધા જ "અયોગ્ય" છે. આવા "અયોગ્ય" માટે જ આમંત્રણ છે કે જેથી પ્રભુની કૃપા અધિક થાય.

જો આટલાથી મનમાં સંદેહ લાવનારને કે આનાકાની કરનારને ખાત્રી ન થાય તો વેસ્લી બીજું પાસુ સમજાવે છે.

તેમના અનુયાયીઓને એ યાદ આપતા હતા કે પ્રભુની મેજનું આમંત્રણ તે "હુકમ કે આજ્ઞાના" રૂપમાં છે." મારી યાદગીરીને સારુ આ કરો" તે એ બતાવ્યું કે દરેકે ખ્રિસ્તની ઈચ્છા ઈશ્વરની આજ્ઞાઓને આધીન થવાનું છે, વેસ્લીની દષ્ટીએ જો આપણે જાણીબુઝીને ઈશ્વરની આજ્ઞાઓનું ઉલ્લંગન કરીએ તો આપણા ચારિત્રનું જોખમ ખેડવા કરતાં આ રીતે આપણે પોતાની જાતને વધારે ભ્રષ્ટ કરીએ છીએ.

પ્રભુની મેજનું આમંત્રણ નૈતિક પરિપૂર્ણતા માટેના આમંત્રણ કરતાં વધુ આજ્ઞાધીન બનવાનું આમંત્રણ છે.

અહીં મારો અંગત અભિપ્રાય અસ્થાને નહિ ગણાય. મારી ધર્મસેવામાં મને જોવા મળ્યું છે કે આ બે મુદાઓથી જેઓ પ્રભુની મેજ માટે ગેરહાજર રહે છે તેમને પણ લાવવા માટે પૂરતા છે. આ કૃપાના આ મહત્વના સાધનમાંથી જેઓએ પોતાને અત્યાર સુધી ખોટી રીતે બાકાત રાખ્યા છે તેઓને આપણે આ બાબતોમાં ખુલાસાઓમાં ભાગીદાર બનાવવા જોઈએ.

આ વાંચકોમાંના જો તમે એક હો, અને પોતાને પ્રભુની મેજની સંગતથી વંચિત રાખ્યા છે, તો મારી વિનંતી છે કે તમે વેસ્લીએ જે કહ્યું છે તેના ઉપર વિચાર કરો અને પ્રભુની મેજની જ્યારે બીજી વખત તક મળે ત્યારે તે સંગતમાં જોડાશો.

પ્રભુભોજનનો બીજો પ્રશ્ન તે પહેલા પ્રશ્ન સાથે સંબંધ ધરાવે છે તે તો તૈયારીનો છે. જો આપણે ન્યાયીપણાના અમૂક ધોરણ સુધી પહોંચી શકવાનું ન હોય તો ખરેખર આપણે શું કરવાનું છે? આ પ્રશ્નનો જવાબ વેસ્લી આપે છે કે જે પડકારરૂપ છે છતાં માયાળુ છે.

આપણે જોઈ ગયા તેમ પ્રભુની મેજની પાસે આવવા પસ્તાવિક હૃદયની જરૂર છે. એ જ એક પડકાર છે. ફક્ત લોકોને વેદી આગળ એકત્ર કરવા માટે જ કોઈ પણ જાતના ગુણ દોષ જોયા વગર જ ક્રિયા કરવામાં આવે તો વેસ્લી તેને માફ કરશે એવો વિચાર આપણે આપણા મનમાંથી કાઢી નાખવો જોઈએ. અમૂક પ્રસંગોએ આપણે મેજની સંગતમાં ના જઈએ એ શક્યતાને સ્થાન છે. એવું વેસ્લી પણ માને છે. આવા પ્રસંગો એવા ન હોવા જોઈએ કે આપણે પાપી છીએ એવું લાગ્યું. પરંતુ આપણે પાપનો પસ્તાવો કરવા તૈયાર ન હતા એવા હોવા જોઈએ. જો આપણે જક્કી બનીએ અને આપણને ખાત્રી કરાવનાર ઈશ્વરની કૃપાનો પ્રત્યુત્તર ન વાળીએ અને આપણે જાણીતા પાપોમાં રચ્યા પચ્યા જ રહીએ અને મેજથી દૂર રહીએ તો આપણે સારું કરીએ છીએ.

પરંતુ આવા પ્રસંગો (જો આપણે ખ્રિસ્તીઓ હોઈએ તો) બહુ જ ઓછા આવવા જોઈએ.

વ્યવહારિક રીતે કહીએ તો મેજની ભાગીદારીની તૈયારી તે તો આત્મપરિક્ષા અને પ્રાર્થના દ્વારા જ કરી શકાય. (અને બની શકે તો) પ્રભુભોજન અગાઉના એક બે દિવસ પહેલાં.

જો રવિવારે પ્રભુભોજન હોય તો વેસ્લી પોતાના ગુરૂવારના મનનથી જ તૈયારીની શરૂઆત કરતા. પરંતુ વેસ્લી એ પણ જાણતા હતા કે આટલી અગાઉથી તૈયારી કરવી તે હંમેશા શક્ય નહોતું તેથી તેમણે લખ્યું કે આમ કરવું જ એ સંપૂર્ણપણે જરૂરનું નથી.

બીજા સ્થળે તેમણે કહ્યું છે કે પ્રભુભોજન લેતી વખતે કોઈ લાયકાતની જરૂર નથી. સિવાય કે આપણી ખરી સ્થિતિનું, આપણી પાપી અવસ્થા અને લાચારીનું ભાન થાય.

પરિણામે ઍંગલિકન અને મેથોડિસ્ટ રૂઢી પ્રમાણે પ્રભુભોજનની ક્રિયા વખતે જ જેઓ તેમાં ભાગ લેવા માગતા હોય તેઓને આવું વલણ કેળવવા સમય આપવામાં આવતો. આપણા વખતમાં, આપણા હૃદયોને તૈયાર કરવા માટે આપણે પણ રીતો શોધવી જોઈએ જેથી ખુલ્લી રીતે અને નમ્રતાથી આપણે પ્રભુ પાસે આવી શકીએ આ રીતે પ્રભુની મેજ પાસે આવવાથી પ્રભુની કૃપાના લાભો મેળવવા વધારે શક્યતાઓ છે.

ત્રીજો પ્રશ્ન : કેટલી વાર પ્રભુભોજન આપવું કે લેવું જોઈએ? ઍંગલીકન મંડળીની બુક ઓફ કોમન પ્રેયરના ખાસ નિયમોમાં

(૧૯૬૨) લખેલું છે કે "કેથીડ્રલોમાં, કોલેજો સાથે સંકળાયેલા પ્રભુમંદિરોમાં કોલેજોમાં, જ્યાં ઘણાં એલ્ડરો અને ડીકનો હોય છે તેઓ બધાં પ્રીસ્ટના હાથે ઓછામાં ઓછું દર રવિવારે પ્રભુભોજન પાળશે."

હાલ આપણા અમૂક નિયમોમાં ખાસ આ નિયમની અવગણના કરવામાં આવી છે. આનું પરિણામ એ આવ્યું છે કે મોટા ભાગના લોકો વર્ષમાં બે વખત કે દર ત્રણ ત્રણ મહિને અને કેટલાક દર મહિને આ સંસ્કાર પાળે છે. આ બાબતમાં પોતાના માટે વેસ્લી બહુ જ સ્પષ્ટ હતા અને આ પ્રમાણે લખ્યું છે, "જે કોઈ વ્યક્તિ (દર મહિને નહિ) પરંતુ જેટલી વાર બની શકે તેટલી વાર પ્રભુભોજન ના પાળે તો તે ખ્રિસ્તી ધાર્મિકતાનો દાવો કરી શકે નહિ."

૧૭૮૮માં વેસ્લીએ પોતાના એક સંદેશામાં મેથોડિસ્ટ ચળવળનો પચ્ચાસ વર્ષનો ઈતિહાસ ધ્યાનમાં રાખી આ પ્રમાણે કહ્યું. મેથોડિસ્ટ મંડળીની દર રવિવારની ભક્તિસભામાં પ્રભુભોજનનો સંસ્કાર તે એક સંસ્થાપિત કરેલો ભાગ હતો. અને એક પગલું આગળ વધતાં એ નોંધવું ઘણું જરૂરી છે કે અમેરિકાની નવી અસ્તિત્વમાં આવેલી મંડળીને સૂચના આપી અને એલ્ડરોને વિનંતી કરી કે દર પ્રભુવારે પ્રભુભોજન પાળવામાં આવે. અહીં ફરી એકવાર વેસ્લીના સૂચનો તરફ આપણું ધ્યાન દોરાય છે, આપણને વિચાર કરતા મૂકે છે.

હા એ વાત ખરી છે કે વેસ્લીના લખાણોમાંથી દરેક બાબત આપણે કાયદેસર ઝીણવટભરી રીતે પાળવાની નથી. (અને પાળવી ન પણ જોઈએ) પરંતુ તેમ ન કરવામાં આપણે બેપરવાઈ કે અતડાપણું પણ ન રાખવું જોઈએ.

આપણી રીતોમાં વેસ્લીના આત્માનું પ્રતિબિંબ પડવું જોઈએ. આપણે એ પણ કબૂલ કરવું જોઈએ કે કેટલીક મંડળીઓમાં વારંવાર પ્રભુભોજન પાળવામાં નથી આવતું તેનાં કારણો હેતુ, વેસ્લી મંજૂર કરે તેના કરતાં તદન જુદા જ હોય છે.

આપણે ઈશ્વરનો આભાર માનવો જોઈએ કે આપણા માટે સમકાલીન સાધન હોયટ હકમનનું પુસ્તક "વચન અને મેજ" આપણને પ્રભુની યોજનાના મહત્વની યાદ દેવડાવે છે.

આપણે ગમે તે રીત અપનાવી હોય તે બાદ કરતાં પ્રભુની મેજનું આપણી પ્રણાલિકામાં કે રૂઢીમાં શું મહત્વ છે તેનું પ્રતિબિંબ પાડવાનું છે.

ઘણા સ્થળોમાં આપણે હેતુલક્ષી કેળવણી મંડળીઓમાં આપવી પડશે. અને આ પ્રકરણમાં આપણે જે શીખ્યા છીએ તે ધ્યાનમાં રાખીને તેમ કરવાનું છે.

ઘણા કેશોમાં જે પ્રચલિત અભિપ્રાય છે તે જેમ બને તેમ કોઈ કોઈ વખત પ્રભુભોજન પાળવું એવા અભિપ્રાય સામે આપણે સ્ટેન્ડ લેવું જોઈએ. આથી એવું પણ બને કે મંડળીઓ જેઓ દર અઠવાડિએ પ્રભુભોજનનો સંસ્કાર પળાવે તેમાં નોંધપાત્ર વધારો થશે અને મેજ જે કૃપાનું સાધન છે, જેઓ તેમાં ભાગ લેવા માગે છે તેમને વારંવાર આપીને રૂઢીમાં જાગૃતિ લવાશે.

પ્રભુભોજન આપવાના સંદર્ભમાં હવે આપણે એક વ્યવહારૂ અને છેલ્લો પ્રશ્ન લઈએ. આ પ્રભુભોજન કોણ લઈ શકે?

જે કંઈ કહેવામાં આવ્યું છે અને અત્યાર સુધી જે કંઈ ખુલાસા આપવામાં આવ્યા છે તેથી આ પ્રશ્નનો જવાબ મળી જ ગયો છે. જવાબ બે રીતનો છે.

બધાના માટે મેજ ખુલ્લી રાખવી કે ફક્ત મંડળીના સભ્યો માટે જ. અને આત્મિક રીતે કંઈક પ્રાપ્ત કરીને એ રીતે લાયકાત ધરાવીને લેવાનું છે? પરંતુ અહીં હું ઝીણવટભરી રીતે લખવા માગું છું તે તો બાળકો પ્રભુભોજનમાં ભાગ લે તે વિષે. આ એક વ્યવહારિક પ્રશ્ન છે જે ઘણાં માતપિતા પૂછે છે.

વેસ્લીને લાગે વળગે છે ત્યાં સુધી પ્રભુભોજન લીધાં પહેલાં જે વગર ના જ ચલાવી લેવાય તે તો બાપ્તિસ્મામાં લીધેલું હોવું જ જોઈએ. ઍંગલીકન મંડળીના પાળક તરીકે ઍંગલીકન મંડળીનો નિયમ હતો કે પૂર્ણ સભાસદ બન્યા પછી જ અને ૧૪-૧૬ વર્ષની ઉંમર પછી પ્રભુભોજન લઈ શકાય. આ નિયમને વેસ્લીએ ટેકો આપ્યો હતો મંજૂર રાખ્યો હતો. ગમે તેમ હોય પરંતુ પૂર્ણસભાસદના મૂલ્ય કે મહત્વ વિષે વેસ્લીને પોતાને અંગત શક હતો તેથી અપવાદ રૂપે કેટલાંક બાળકો જેઓને આત્મિક સભાનતા હોય આ સંસ્કાર લેવાની ઈચ્છા હોય તેઓને આપતા. આ મુદ્દામાં તેમનો પોતાનો દાખલો છે. તેમના પિતા શમુએલને લાગ્યું કે નવ વર્ષની ઉંમરે પૂર્ણ સભાસદ બનવા અને પ્રભુભોજન લેવા જોન ખાસ કરીને આત્મિક રીતે સભાન છે તેથી તેમને નવ વર્ષની ઉંમરે પ્રભુભોજન આપ્યું હતું. આ રીતે તેમણે આત્મિક સભાનતા સાબિત કરી આપી. પૂર્ણ સભાસદ બનવા માટે બિશપના હાથોનો સ્પર્શ પણ નહોતો

કર્યો કે જે પ્રભુની મેજ પાસે આવવા માટે છેલ્લામાં છેલ્લી જરૂરીયાત છે.

પરંતુ પ્રભુભોજન પાળવામાં જોન વેસ્લી મોટા ભાગે મંડળીની રીત પ્રમાણે જ જેઓ પૂર્ણ સભાસદ હોય તેમને પળાવતા એ હકીકત ભૂલવી ન જોઈએ.

આ ઉપરથી આપણને પસંદગી કરવા માટે સ્થાન છે. માતાપિતા તરીકે આપણાં બાળકો મંડળીની વ્યવસ્થા પ્રમાણે પૂર્ણ સભાસદ બને ત્યાં સુધી તેમના માટે પ્રથમ વાર જ પ્રભુભોજન લેવાનું મુલત્વી રાખીએ. પરંતુ જો આપણા બાળકો બાપ્તિસ્મા પામેલા હોય તો લાંબા ક્રમનો રસ્તો ટૂંકાવીને તેમના આત્મિક જીવનની સભાનતા તરફ જોઈને વહેલી ઉંમરે પણ પ્રભુભોજન લેવા દઈએ. પૂર્ણ સભાસદ બનાવ્યા પહેલાં જો આપણાં બાળકોને પ્રભુભોજન લેવા દઈએ તો આપણે ઓછામાં ઓછું આટલું તો કરવું જ જોઈએ. તેઓ જે પગલું ભરવાનાં છે તેનું મહત્વ તથા ગંભીરતા સમજાવવા જોઈએ. અને પ્રભુભોજન પ્રત્યે આદરભાવ રાખતાં અને કદર કરતા કરવાં જોઈએ.

આપણા મનનીય જીવનમાં પ્રભુભોજનનું કેટલું મહત્વ છે તે વિષે આ પ્રકરણમાં આપણે ઘણું બધું શીખ્યા અને તેથી ઘણો પ્રકાશ પણ મળ્યો.

આપણે જેઓ ખ્રિસ્તી હોવાનો દાવો કરીએ છીએ તેઓએ વિશ્વાસ સાથે પ્રભુભોજનમાં ભાગ લેવો જોઈએ અને એવી ખાત્રી

સાથે કે ખ્રિસ્ત પોતે આપણને આપણી જરૂરીઆત પ્રમાણે કૃપા માટે મધ્યસ્થી કરશે.

આ ખાત્રી સાથે જ્યારે આપણે રોટલી અને દ્રાક્ષરસ ખાઈએ અને પીએ ત્યારે ઘણાં જ આશીર્વાદિત બનીશું.

પ્રકરણ - ૪

ચર્ચા માટે પ્રશ્નો

૧. પ્રભુભોજનમાં કઈ બાબત તમને વધુ અર્થપૂર્ણ લાગે છે?

૨. પવિત્ર સંસ્કાર લેવા તમે અયોગ્ય છો એ વિષે તમારા મનમાં કદી દંદયુદ્ધ થયું છે? આવું જ કોઈ બીજી વ્યક્તિને થયું તેની તમને જાણ છે? વેસ્લીના ઉદ્દ્ગારો કોમેન્ટસ તેમાં તમને કેવી રીતે મદદરૂપ બને છે?

૩. ભૂતકાળમાં તમારા જીવનમાં પ્રભુભોજનનું સ્થાન, મહત્વ શું હતું તે વિષે ચર્ચા કરો. આ પ્રકરણ વાંચવાથી ભવિષ્ય માટે તમને કયું નવું માર્ગદર્શન મળ્યું જેથી તમને એ સંસ્કાર વધુ અર્થપૂર્ણ લાગે?

પ્રકરણ - ૫

"ન્યાયીપણા માટે ભૂખ" ઉપવાસ

ખ્રિસ્તી આત્મિકતાના ઈતિહાસમાં "સ્વનકાર" નો મુદ્દો તે બહુ જ મહત્વનો છે. યુગોના સંતોએ પણ એ વાત કબૂલ કરી છે કે આત્મિક જીવન તે ફક્ત આપણે શું પામીએ છીએ તેજ મુખ્ય બાબત નથી. પરંતુ આપણે શું તજીએ છીએ એ પાસુ પણ એટલું જ મહત્વનું છે. શું બલિદાન આપીએ છીએ?

આ આપવા લેવાનો જે તાલ છે તેમાં આપણે આપણા વિશ્વાસનું સમતોલપણું જાળવીએ છીએ.

વેસ્લિયન પ્રણાલિકામાં ખાસ કરીને કૃપાના સાધનો માટે સ્વનકારની મૂળ બાબતમા ઉપવાસ કરવાની શિસ્ત બહુ જ સ્પષ્ટ રીતે દશ્યમાન થાય છે. જોઈ શકાય છે.

વેસ્લીએ કૃપાનાં જે પાંચ સાધનોની સ્થાપના કરી છે. તેમાં ઉપવાસને સ્થાન આપ્યું છે તે બહુ જ મહત્વની બાબત છે. તેઓ એવો આગ્રહ રાખતાં કે "પ્રભુની મંડળીમાં ઉપવાસને સંપૂર્ણ રીતે

સ્થાન આપવું જોઈએ" કારણ કે ખ્રિસ્ત પોતે પણ ઉપવાસ કરતા. માત્થી ૬:૧૬ હાલના જમાનામાં પણ આ રીત ચાલુ રાખવા મંડળી પાસે પૂરતો અધિકાર છે.

ઉપવાસ માટે વેસ્લી ખાસ ટેકો આપતાં પરંતુ તેઓ એ પણ જાણતા હતા કે મંડળીના ઈતિહાસમાં આ રીતનો દૂરુપયોગ પણ થયો છે. અને ઘણી વખત તરંગી રીતે પણ તેને પ્રદર્શિત કરવામાં આવી છે. તેમણે આ પ્રમાણે લખ્યું, "કૃપાના જે સાધનો છે તેમાં ધાર્મિક ઉપવાસ કરવા સિવાય બીજી એક પણ બાબત નથી જેમાં મનુષ્યોએ છેવટની અને આકરી દોટ ન મૂકી હોય."

પવિત્ર કલબ અને જ્યોર્જીઆમાં તેમના સમયકાળ દરમ્યાન તેમના જીવનમાં જે બન્યું તે મુદ્દાની વાત અહીં છે. ઉપવાસમાં છેવટનું પગલું બાજુ પર રાખીને વેસ્લી માનતા હતા કે ઉપવાસની રીતે તે આત્મિક વૃદ્ધિમાં ખાસ ઉપયોગી છે/ મદદકર્તા છે.

આપણે આ વિષયની છણાવટ કરીએ ત્યારે ઉપવાસ વિષે વેસ્લીની ઈશ્વરવિદ્યાના મુખ્ય મુદ્દા મુખ્ય પાસાં જાણવાથી તે બહુ જ મદદ કરતા થઈ પડશે. અહીંથી આગળ વધીને વેસ્લીની ઉપવાસની રીત તપાસીએ અને શરૂઆતના મેથોડિસ્ટો વિષે પણ જોઈએ. આ પાયાની વાત ઉપર આધાર રાખીને આપણે આપણા આત્મિક જીવનનું ઘડતર ઘડવા આપણી પોતાની શિસ્તનું માળખું ઘડી કાઢીએ.

ઉપવાસ વિષે વેસ્લીનું બહુ જ પદ્ધતિસરનું મંતવ્ય ગિરી પ્રવચનના સાતમા વિભાગમાં આવે છે. વેસ્લીનાં જે "સ્ટાન્ડર્ડ"

પ્રવચનો છે તેમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં સિદ્ધાંતની દષ્ટીએ જે મહત્ત્વનું છે તે તેમાં જણાવ્યું છે.

આ એમના સંદેશામાં જે રજુઆત કરે છે તે ફક્ત સમજવા જ પ્રયાસ કરીશું તો આપણે બહુ જ સલામત સ્થળ ઉપર ઊભા રહીશું. બાઈબલમાં ઉપવાસની મુખ્ય વ્યાખ્યા તેમણે શોધી કાઢી છે "ખોરાક નહિ લેવાનો" તેઓ વધુમાં એ પણ જાણતા હતા કે ઉપવાસની સાથે સાથે બીજી કેટલીક બાબતો પણ કરવામાં આવતી હતી જેના દાખલા બાઈબલમાં મળે છે. પરંતુ જેને ઉપવાસ સાથે કોઈ ખાસ સંબંધ ન હતો. વેસ્લી આને "અતડા સંજોગો" એવું કહેતા. તેમનો મુખ્ય બોજ તો ઉપવાસ માટે જ આગ્રહ રાખવો અને શિસ્ત ખાતર બીજી કોઈ બાબત ઉપવાસ અંગે કર્યા વગર એકલા ઊભા રહેવું.

વેસ્લી એ પણ સારી પેઠે જાણતા હતા કે બાઈબલ પ્રમાણે ઉપવાસનો સમય પણ બહુ જ ભિન્નતા બતાવે છે. તે એટલે સુધી કે ૪૦ રાત-દિવસ સુધી. પરંતુ તેઓ એવું માનતા હતા કે સૌ સામાન્ય રીતે એક દિવસની સવારથી સાંજ સુધી. આ વાત માટે તેમને બાઈબલમાંથી આધાર મળ્યો એટલું જ નહિ પરંતુ શરૂઆતની મંડળીમાં આવી જ રીત હતી તેના પુરાવા પણ મળ્યા.

વેસ્લીને એ પણ જાણવા મળ્યું કે શરૂઆતના ખ્રિસ્તીઓ બુધવાર અને શુક્રવારને ઉપવાસ માટે ખાસ અલગ કરતા અને વર્ષ દરમ્યાન ઉપવાસ માટે અલગ કરેલા દિવસો પણ તેમાં ઉમેરાતા.

બાઇબલ પ્રમાણે જુદા-જુદા પ્રકારના ઉપવાસને પણ વેસ્લીએ માન્યતા આપી હતી. બહુ જ સામાન્ય ઉપવાસ તો એ હતો કે આખા દિવસ દરમ્યાન કોઈપણ પ્રકારનો ખોરાક લેવો નહિ. વેસ્લી આવા દિવસોમાં કોઈ પ્રવાહી લેવા માટે અવકાશ રાખતા એ જાણવું જરૂરી છે. પરંતુ તેઓ એ પણ જાણતા હતા કે ઉપવાસના કેટલાક દિવસો એવા હતા કે જેમાં વ્યક્તિ કંઈ જ ખાતી કે પીતી નહી. બીજા પ્રકારનો ઉપવાસ તે મિતાહાર : વેસ્લીને લાગ્યું કે કોઈ વ્યક્તિ આખો દિવસ પૂરેપૂરો ઉપવાસ ન પણ કરી શકે આ વખતે કોઈ માંદી વ્યક્તિ "મિતાહાર" પ્રકારનો ઉપવાસ કરવાનું પસંદ કરે.

રસિક વાત તો એ છે કે વેસ્લીને બાઇબલમાં આવા પ્રકારનો કોઈ નમૂનો કે દાખલો મળ્યો નહિ પરંતુ તેમણે આ પ્રમાણે લખ્યું : "હું આવા "મિતાહાર" પ્રકારના ઉપવાસને દોષિત ના ઠરાવી શકું કારણ કે બાઇબલ પણ એવાને દોષિત ઠરાવતું નથી. આ પ્રકારના ઉપવાસનો પણ ઉપયોગ હોય અને ઈશ્વર તરફથી આશીર્વાદ પ્રાપ્ત કરી શકે."

ત્રીજા પ્રકારનો ઉપવાસ તે "સ્વાદિષ્ટ ખોરાકની" મોજીલો ખોરાક લેવો નહિ આવા પ્રકારનો ઉપવાસ બાઇબલમાં જોવા મળે છે. જેઓ ઉપવાસ કરનારાઓ બહુ જ મોંઘા કે ખર્ચાળ ખોરાક ખાઈને પોતાની જાતને વટાળવા માગતા ન હતા. અહીં એક બહુ જ અગત્યનો મુદ્દો તરી આવે છે. એક એવી ખ્રિસ્તી રૂઢી હતી કે જેઓ ઉપવાસ દ્વારા શરીરનું દમન કરતા. આવા ઉપવાસમાંથી

વેસ્લીએ પોતાનો સંબંધ જાણી જોઈને કાપી નાખ્યો હતો. ઉપવાસનો ઉપયોગ કરીને જેઓ એ સાબિત કરવા માગતા હતા કે આત્મિકતા તે શારીરિક સન્યાસ લેવાથી મળે છે તેથી આ રીતનો વેસ્લી સખત વિરોધ કરતા.

આ વિષે વેસ્લીએ આ પ્રમાણે લખ્યું છે : "હા કોઈ કોઈ વાર શરીરને પુષ્કળ કષ્ટ આપવામાં આવે કે જેથી પ્રભુએ જે કાર્ય માટે આપણને તેડયા છે તેના માટે તે અયોગ્ય બની જાય. તેથી આવા મતની વિરુદ્ધ પણ આપણે ખંતથી સંભાળ રાખવાની જરૂર છે. કારણ કે તંદુરસ્તીનું જે દાન પ્રભુએ આપણને આપ્યું છે તેને ટકાવી રાખવાનું છે."

આ બધાનો સારાંશ આ પ્રમાણે છે :

જ્યારે કોઈ ઉપવાસની રીત પકડે અને તે પણ પૂરા શાણપણ સાથે તથા બાઇબલના આધારે તો તે લાભકારક શિસ્ત બને છે. આવા પ્રકારનો ઉપવાસ, જેઓને પોતાના પાપની- ખાત્રી થઈ છે, જેઓએ ખાવા - પીવામાં પરેજી પાળી નથી, અને જેઓ ખાસ અને વધુ સમય પ્રાર્થનામાં ગાળવા માગે છે તેઓ કરી શકે છે.

ખરી વાત તો એ છે કે પ્રાર્થના અને ઉપવાસ બંને વચ્ચે આત્મિક જીવન માટે ગાઢ સંબંધ છે તે ઉપર વેસ્લી ભાર મુકતા હતા. તેથી જ વિશ્વાસીઓ નિયમિત રીતે ઉપવાસના દિવસો નક્કી કરતા અને જીવનમાં કોઈ આત્મિક કટોકટી ઊભી થાય અને તેમને ઉપવાસ કરવો પડે તેની રાહ તેઓ જોતા નહિ. કોઈ પણ પ્રકારની

આત્મિક શિસ્તમાં - બીજાના નમૂનાથી આપણને મદદ મળે છે. પરંતુ દરેક ઝીણવટભરી બાબતોમાં આપણે તેમને અક્ષરસહ અનુસરવાનું નથી કે તેઓ ફરજ પાડતા નથી.

ઉપવાસની બાબતમાં વેસ્લીનો નમૂનો આપણને મદદકર્તા છે કારણ તેમની રીત તે બહુ જ સમતોલપણું જાળવે છે.

મોટા ભાગે વેસ્લી એંગલીકન મંડળીના રીવાજો પ્રમાણે ઉપવાસ કરતા. આ નિયમોને લેન્ટના ૪૦ દિવસ દરમ્યાન દર શુક્રવારે ઉપવાસ કરવા ઉત્તેજન આપતા. તે ઉપરાંત ૪ એમ્બર દિવસો અને ૩ રોગેશન દિવસો.

૧૭૨૫-૧૭૩૮ના સમય દરમ્યાન શરૂઆતની મંડળી પ્રમાણે તે પોતાની ઉપવાસની રીતનો નમૂના તૈયાર કરી રહ્યા હતા અને બુધવારે તથા શુક્રવાર ઉપવાસના દિવસો તરીકે પાળતા. પરંતુ ૧૭૩૮ પછી અઠવાડિયાનો એક દિવસ અને તે શુક્રવારે ઉપવાસ કરવાની રીત ઉપર પાછા આવ્યા. ટૂંકમાં વેસ્લી તે એક સારા મંડળીના શિસ્તમાં માનનાર વ્યક્તિ હતા અને શરૂઆતના મેથોડિસ્ટો પણ તે જ પ્રમાણે વર્તે માટે તેમને બોધ આપતા. શુક્રવારને ઉપવાસના દિવસ તરીકે લઈ વેસ્લીના ઉપવાસના સમયનું આપણે માળખું બનાવી શકીએ છીએ.

---

૧. એમ્બર દિવસો. ૧૨ ગણવામાં આવતા જેમાં માંસાહારથી ખોરાક બિલકુલ લેવામાં આવતો નહિ.

૨. રોગેશન દિવસ : સ્વર્ગારોહણ પહેલાનું એક અઠવાડિયું.

ગુરૂવાર સાંજના જમણના સમયથી તે પોતાનો ઉપવાસ શરૂ કરતા અને શુક્રવાર બપોર સુધી કંઈ જમતા નહિ. બપોરના ચા વખતે તે પોતાનો ઉપવાસ છોડતા. પરંતુ આપણે આગળ ઉપર જોઈ ગયા તેમ જો તેમની તંદુરસ્તીના કારણે જરૂર લાગે તો તેઓ વચમાં પાણી અથવા ચા કે બંને પીતા. જે મુખ્ય મુદ્દાની વાત છે તે આ છે કે ઉપવાસનો બધો જ સમય પ્રાર્થનામાં ગાળતા.

આ બધાનો હેતુ નીચે પ્રમાણે છે :

"આપણી દ્રષ્ટિ પ્રભુ ઉપર રાખીને ઉપવાસ પ્રભુની આગળ કરવાનો. ઉપવાસનો આપણો હેતુ એક જ હોય અને તે તો આપણા સ્વર્ગિય પિતાને મહિમા મળે. તેના પવિત્ર નિયમનો ભંગ કરીને આપણે જે અપરાધો કર્યા છે તેના માટે શરમ અને દુઃખ વ્યક્ત કરવાનું અને શુદ્ધ કરનાર કૃપા વધુ મળે તે માટે રાહ જોવાની અને આપણો પ્રેમ ઉપરનો વાના તરફ આકર્ષાય. આપણી પ્રાર્થનાઓમાં ગંભીરતા અને આતુરતા ઉમેરાય. દેવના કોપને નિવારવામાં આવે અને મહાન તથા મૂલ્યવાન વચનો આપણાં બને, જે દેવબાપે ઈસુને આપ્યાં છે." જે પામ્યા તે આપો એ નિયમ પ્રમાણે પોતે જે શીખ્યા તે જ આપણને શીખવ્યું.

પોતાના આત્મિક ઘડતરમાં શરૂઆતમાં મેથોડિસ્ટો ઉપવાસને સ્થાન આપે તે માટે તેમને ઉત્તેજન આપ્યું. ૧૭૪૩ના સામાન્ય નિયમોમાં "સંયુક્ત સોસાયટીઓને ઉપવાસની રીત અપનાવી દાખલો બેસાડવાનું જણાવ્યું કે આમ કરવાથી તેઓ સર્વ નિયમોનું પાલન કરે છે." સામાન્ય નિયમોમાં વેસ્લીએ ઉપવાસના દિવસો માટે

કેટલીવાર કરવા તે વિષે અને ઉપવાસ કેટલા સમય માટે કરવો તેમાં કોઈ ખાસ ફરમાન બહાર પાડયું નથી કે પ્રતિબંધ મૂક્યા નથી. મેથોડિસ્ટ ચળવળની શરૂઆતમાં શુક્રવાર તે મેથોડિસ્ટોનો ઉપવાસ દિવસ બની રહ્યો.

જ્યારે ૧૭૪૪માં વેસ્લીએ પહેલી જ વખત વાર્ષિક કોન્ફરન્સ ભરી ત્યારે તેમના સંદેશાનો વિષય "ઉપવાસ" હતો. તેમણે આ પ્રમાણે લખ્યું :-

"જ્યારે તમે સૌ પ્રથમ વખત ઉપવાસ કરવાનું નક્કી કર્યું ત્યારથી પ્રભુ તમને અહીં સુધી દોરી લાવ્યો છે. હવે તમે કેટલીવાર ઉપવાસ કરો છો? દર શુક્રવારે? અને કેટલા પ્રમાણમાં? હું તો મોટાભાગે શુક્રવારે શાકભાજી જ લઉં છું અને સવારમાં ટોસ્ટ અને પાણી. વેસ્લીના જીવનના આ તબક્કામાં તેઓ પરેજી પાળતા હતા અને પુરેપુરો ઉપવાસ નહિ. અને કોન્ફરન્સમાં તેમના ઉપદેશકોને પણ તેવું જ કરવા માટે ભલામણ કરતા હતા.

મેથોડિસ્ટોના ઉપવાસમાં મુખ્યત્વે પ્રાર્થના અને મનનનો આત્મા સળગતો રહેતો અને કઠોર સન્યાસીપણાને ટાળવામાં આવતું. ૧૭૬૮માં વેસ્લીએ એક માર્ગદર્શન આપ્યું અને મેથોડિસ્ટ સોસાયટીઓને જણાવ્યું કે તેઓ ત્રિમાસિક ઉપવાસના દિવસો નક્કી કરે. સપ્ટેમ્બર - જાન્યુઆરી, - એપ્રિલ અને જુલાઈ. વધારામાં વાર્ષિક કોન્ફરન્સે તેમાં શુક્રવારના ઉપવાસનો ઉમેરો કર્યો.

રમુજી વાત તો એ બની કે ઉપવાસના વિષય ઉપરથી "ખ્રિસ્તી સંપૂર્ણતા" વિષય પર ચર્ચા થઈ. એનું પરિણામ એ આવ્યું કે પવિત્રતાની શોધમાં - ખોજમાં સ્વનકારનો મુદ્દો બહુ જ મહત્વનો છે. વેસ્લીએ પણ ઉપવાસના વિષય ઉપર પોતાનું મંતવ્ય ચાલુ રાખતાં જણાવ્યું કે ઉપવાસ એક એવું કર્તવ્ય છે જેનો ઉપયોગ લોકોને આશીર્વાદ આપવા અને ધર્મજાગૃતિ લાવવા માટે ઈશ્વર વારંવાર ઉપયોગ કરે છે.

શરૂઆતના મેથોડિસ્ટોને ઉપવાસ વિષે તેમની લાગણીઓ વ્યક્ત કરવાનું કહીએ તો હાન્ના બોલનું વલણ બહુ જ નમૂનેદાર છે.

આ બહેને લખ્યું "અઠવાડિયાનો ઉપવાસનો દિવસ" મારા શરીર માટે પરંતુ વિશેષ કરીને મારા આત્મા માટે તે ખરેખર ઉપવાસનો દિવસ હતો" સાથે સાથે તેઓ આગળ ઉપર જણાવે છે કે ઉપવાસનો દિવસ મારા માટે આત્માની અસાધારણ સ્વતંત્રતાનો અને ઈશ્વર સાથેની સંગતનો દિવસ હતો."

શરુઆતના મેથોડિસ્ટોના ઉપવાસની ચકાસણી વિષે તેનું વર્ણન હવે બંધ કરીએ અને તેના મુખ્ય મુદ્દાની સમાલોચના કરીએ તે બહુ જ મહત્વનું છે અને મદદરૂપ છે.

૧. પ્રથમ અને સૌથી મુખ્ય :

આ એક એવું કાર્ય હતું જે દ્વારા પ્રભુને મહિમા મળ્યો અને પ્રાર્થના દ્વારા વધારાનો સમય મળ્યો.

૨. આત્મિક જીવનમાં - તેનું નક્કર પરિણામ જોઈ શક્યા જે દ્વારા સત્ય વાતની પ્રતિતિ થઈ કે દેહ ઉપર આત્મા અગ્રીમતા ધરાવે છે.

આ રીતે સોસાયટીઓમાં જેઓ પોતાના આનંદ કે સંતોષ માટે ઉપવાસ કરતા હતા તેમનો સામનો કરવા જેઓ ઉપવાસ કરતા હતા તેમની વિરુદ્ધ વેસ્લી ન હતા. પરંતુ "હું તારા કરતાં વધારે પવિત્ર છું એવા વલણથી કદી જ નહિ."

ઈશ્વર પ્રત્યે પુરેપુરું સન્માન છે તેની બાહ્ય નિશાની તરીકે ઉપવાસ એક સાક્ષીરૂપ છે અને જીવન ભૌતિક તથા આત્મિક પાસાનું સમતોલપણું જાળવીને મિતાહારી જીવી શકાય છે.

આપણા સમયમાં આપણે યોગ્ય રીતે પૂછી શકીએ કે શું બધી બાબતો ધ્યાનમાં લેતાં આપણને પણ ઉપવાસની આવી રીતો અપનાવવા માટે આપણને પણ આવો અધિકાર નથી?

આરાધનામાં ક્યા ભાગથી કે કાર્યથી ઈશ્વરપિતાને વધુને વધુ મહિમા મળે છે તે આપણે જોવાનું છે. આપણે એવા સમાજમાં રહીએ છીએ કે તેના ઉપાડ કે વપરાશમાં મૂલ્યાંકન કરે છે ત્યારે સ્વનકારનો નમૂનો અત્યારે પણ એટલો જ નોંધપાત્ર છે. આજે પણ ઉપવાસ તે આત્મિક બોજ દર્શાવવા માટે એક યોગ્ય અને આખરી સાધન છે.

મંડળી માટે પણ પહેલાં અને અત્યારે એજ બાબત છે કે સામુહિક ઉપવાસને પ્રભુ આશીર્વાદીત કરશે અને મંડળીમાં ધર્મજાગૃતિ અને નવીનીકરણ લાવશે.

વેસ્લિયન પ્રણાલિકા ઉપવાસને આત્મિક જીવનમાં તેનું યોગ્ય સ્થાન આપવા આપણી સેવા કરે છે. સાથે સાથે ઉપવાસની સાથે બીજા જરૂરી રીતોને દૂર કરવાની છે.

આત્મિક જીવનની પ્રૌઢ અવસ્થામાં આપણે એ પ્રસંગો માટે જોવાનું છે કે જ્યારે શરીર ઉપર ધ્યાન આપવાનું છોડીને પરમેશ્વર ઉપર વધારે ધ્યાન કેન્દ્રીત કરીએ.

પ્રકરણ ૫
ચર્ચા માટે પ્રશ્નો

૧. આ પ્રકરણમાંથી તમને કયું નવું માર્ગદર્શન મળ્યું ? તમારા આત્મિક જીવનના ઘડતરમાં ભવિષ્યમાં તમે તેનો કેવો ઉપયોગ કરશો?

૨. વેસ્લીના ઉપવાસ માટેના હેતુ સાથે સંમત થઈ જેઓ ઉપવાસ કરે છે તેમની સાથે તમે કયા હેતુથી જોડાઓ છો તે કહો.

આમાં કયા સુધારા - વધારા કરવા જોઈએ ? શા માટે?

બીજાઓ ઉપવાસ કરવા માટે કેવાં કારણો આપે છે. જેથી આપણે આ પ્રકરણના પ્રકાશમાં ફેરફાર કરવો જોઈએ.

૩. સમસ્ત મંડળીમાં ઉપવાસને ફરીથી સંસ્થાપન કરવા તમારું મંતવ્ય કેવું છે?

પ્રભુ ઈસુ ખ્રિસ્તનું શરીર - મંડળીમાં સામૂહિક ઉપવાસને સ્થાન છે?

પ્રકરણ : ૬

"સમુહ જીવન" ખ્રિસ્તી કોન્ફરન્સો

કોઈ પણ વ્યક્તિ એકલી જીવીને આત્મિક પરિપક્વતા વિકસાવી શકે નહિ. ખ્રિસ્તી હોવું એનો અર્થ "સમાજમાં રહેવા તેડાયેલ વ્યક્તિ." પ્રભુ ઈસુ ખ્રિસ્તના શરીરના એક સક્રિય અવયવ તરીકે કામ કરવાનું. આ હકીકત આપણે પાછલા અધ્યાયોમાં જોઈ ગયા છીએ. કૃપાનાં જે સાધનો છે તે સામુહિક જીવનમાં જ દર્શાવવામાં આવ્યાં છે. પરંતુ શરૂઆતના મેથોડિસ્ટોના આત્મિક જીવનમાં સામાજીક જીવનનું પાસુ બહુ જ વાસ્તવિક બને એ વેસ્લી માટે મહત્વની બાબત હતી. આ માટે ખ્રિસ્તી કોન્ફરન્સોનો તેમણે ઉપયોગ કર્યો.

આજે આ શબ્દપ્રયોગ બહુ પ્રચલીત નથી. પરંતુ વેસ્લીએ એનો ઉપયોગ કર્યો હતો કે જેથી "સંયુક્ત સોસાયટીઓ" દ્વારા જ સામુહિક અનુભવો પૂરા પાડવામાં આવતા.

હાલના સમયમાં જે સંસ્થાપીત મંડળીઓ છે. તેમાં અને તેવી મંડળીઓની બહાર જે નાનાં નાનાં જુથો દ્વારા જે જુદી જુદી

સેવાઓ થાય છે તે કૃપાનાં સાધનો છે તેમ કહી શકાય. આ પાસાને પણ કૃપાના સાધન તરીકે વેસ્લી જોતા હતા. કારણ કે પ્રભુ ઈસુ પણ શિષ્યોને સાથે રાખતા. અને નવા કરારમાં પણ એકત્ર થવા ઉપર સંગત ઉપર ભાર મૂકીને નમૂનો આપ્યો છે, જે સંયુક્ત સોસાયટીઓ દ્વારા જુદી જુદી સેવાઓ આપવામાં આવતી તેમાં કેટલીક મુદ્દાની બાબતોએ મધ્યસ્થી કરી છે.

દા.ત. સ્વભાવ, અભ્યાસ, ઉત્તેજના, કારભારીપણું, સાક્ષી અને સેવા.

કોઈ પણ વિશ્વાસીના જીવનમાં આ બધાં વાનાં હોવાં જ જોઈએ. અને આ બધાં જુથોમાં જે અનુભવો થયા તે દ્વારા આપવામાં આવ્યાં છે.

આ પ્રકરણમાં આપણે ખ્રિસ્તી કોન્ફરન્સો દ્વારા જે કંઈ દર્શાવવામાં આવ્યું છે તેને પાયાની વાત તરીકે રાખી આત્મિક જીવનનાં ઘડતર માટે આપણે તેનું અમલીકરણ કેવી રીતે કરી શકીએ તે તપાસવાના છીએ.

સંગત માટે મોટામાં મોટું એકમ તે સોસાયટી છે. બ્રીસ્ટલ અને લંડન જેવા શહેરોમાં આ સોસાયટીઓમાં સેંકડોની સંખ્યામાં સભાસદો હતા. પરંતુ મોટા ભાગની સોસાયટીઓમાં સભ્ય સંખ્યા સૌથી ઓછી પણ હતી. ૧૭૩૯-૪૩ સુધી આ સોસાયટીઓ સ્વતંત્ર રીતે કામ કરતી હતી. તેમ છતાં આ સોસાયટીઓ ઉપર વેસ્લીની સીધી દેખરેખ દ્વારા સોસાયટીઓને એકતાની તેમજ સ્થિરતાની ખાત્રી રહેતી.

પરંતુ ૧૭૪૩માં દેખીતી રીતે જ એવી જરૂર લાગી કે કોઈ એવી રીત કે પદ્ધતિ અપનાવવી જોઈએ કે જેથી આ બધી સોસાયટીઓની પ્રવૃત્તિઓનું સંકલન કરી શકાય. આથી વેસ્લીએ એક ખતપત્ર તૈયાર કર્યું જેને "સંયુક્ત સોસાયટીઓના સામાન્ય નિયમો" તરીકે ઓળખાવવામાં આવ્યા.

જે કોઈ વ્યક્તિ આવનાર કોપથી બચવા માગે તો આ સોસાયટીમાં સભ્ય થવા તેમનાં માટે દ્વાર ખુલ્લાં હતાં. સોસાયટી દર અઠવાડિએ પ્રાર્થના સાથે ઉપદેશ માટે, અને એક બીજાની સંભાળ રાખવી કે જે સોસાયટીના સામાજીક જીવનનું એક મુખ્ય અંગ હતું, તે માટે મળતાં દરેક જણ પોતાનું તારણ સાધી લે તેમાં મદદરૂપ બનવું એજ સોસાયટીનું મુખ્ય ધ્યેય હતું. પરંતુ આ જાણવું તે ઘણું જ મહત્વનું છે કે આવી "આત્મિકતા" તે આંતરિક રીતે વૃદ્ધિ પામી ન હતી. કારણ કે આની સાથે સાથે કારભારીપણાને અને સેવાને સમર્પિત જીવન હતું. એ "સામાન્ય નિયમોમાં" બહુ જ સ્પષ્ટતાથી જણાવેલું છે તે હતું માટે વેસ્લીએ આ સોસાયટીઓ સ્થાપી, તેનું માળખું રચ્યું તેના જુદા જુદા ખુલાસા કે સમજૂતી આપવામાં આવે છે.

તેનો મુખ્ય હેતુ તો એ હતો કે ઉપદેશ દ્વારા જેઓ જીતાએલા છે, તેઓની તાત્કાલિક આત્મિક સંભાળ લેવાની જરૂરીઆત જણાઈ. વેસ્લીએ એ પણ સ્પષ્ટ કર્યું કે માત્ર ઉપદેશ જ આત્મિક પરિપક્વતા લાવી શકે નહિ. ૧૭૪૩માં સંયુક્ત સોસાયટીના પ્રથમ વર્ષમાં વેસ્લીએ આ પ્રમાણે લખ્યું "ઈશ્વરની કૃપાથી હું એવા નિર્ણય ઉપર આવ્યો

છું કે જ્યાં હું લોકોની આત્મિક સંભાળ લેવાની વ્યવસ્થા ન કરી શકું ત્યાં હું કામ શરું જ નહિ કરું."

વીસ વર્ષ પછી વેસ્લીએ એક વિસ્તારની મુલાકાત લીધી કે જ્યાં સોસાયટીની મીટીંગોમાં રસ ઓસરતો જતો હતો ત્યાર બાદ વેસ્લીએ આ પ્રમાણે લખ્યું,

"મને પહેલાં કદી પણ ખાત્રી નહોતી થઈ એવી ખાત્રી થઈ કે પ્રેરિતો ની માફક ઉપદેશ કરવો અને જેઓમાં જાગૃતિ આવી છે તેમને એકત્ર ના કરવા, અને પ્રભુના માર્ગમાં ચાલવા તાલીમ ના આપવી તે તો બાળકોને જન્મ આપી ખૂનીઓને સોંપી દેવા જેવી વાત છે, છેલ્લાં વીસ વર્ષમાં પ્રેમબ્રોકશાયર વિસ્તારમાં કેટલો બધો સુર્વાતાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. પરંતુ જેઓ જાગૃત થયા હતા તેમના માટે કોઈ સોસાયટીની વ્યવસ્થા નથી, શિસ્ત નથી, કોઈ વ્યવસ્થા કે સંબંધ નથી. એનું પરિણામ એ આવ્યું છે કે દશમાંથી નવ જણા જેઓને જાગૃત કરવામાં આવ્યા હતા તેઓ હવે પહેલાના કરતા પણ વધારે ઘોર નિદ્રામાં પડયા છે"

આત્મિક જાગૃતિના ધ્યેય સાથે તેમનો આત્મિક જીવનમાં પોષવા સાથે બહુ જ સંકળાયેલ છે. "૧૬૮૦ના સમયના એક ગ્રામ્ય વિસ્તારના પાળકની તેના સભ્યોને શિખામણ" નામના પુસ્તકથી વેસ્લી જ્યારે ૧૭૩૦માં ઓક્સફર્ડમાં ગયા ત્યારે તેમના જીવનમાં ભારે અસર થઈ હતી.

આ પુસ્તકમાં લેખકે આ જાહેર કર્યું હતું, "રાજ્યના જુદી જુદી મંડળીના સારા લોકો જો એકતામાં આવશે અને મિત્રતાભરી

સોસાયટીઓમાં જોડાશે, દરેક પ્રકારની ખ્રિસ્તી પ્રવૃત્તિઓમાં ભાગ લેશે તો આપણી હાલની અધોગતિએ પહોંચેલી મંડળીને ક્રિશ્ચાનીટીને અસલની મંડળીના ધમધમતા જીવન જેવી બનાવવા બહુ જ અસરકારક સાધન બની રહેશે."

૧૭૪૩ સુધીમાં મોટી સંખ્યામાં ધાર્મિક સોસાયટીઓ રચવામાં આવી હતી. વેસ્લી આ પ્રકારના જુથ અનુભવનો ઉપયોગ તે તેમની અગાઉ થઈ ગયેલા સેવકો જેઓ મંડળીમાં નવું જીવન લાવ્યા હતા તેમના આત્મા સાથે સરખાપણું બતાવે છે.

શરૂઆતની મેથોડિસ્ટ મંડળીની ચળવળ માટે સોસાયટીઓનું માળખું રચવાનું વેસ્લીએ પસંદ કર્યું તેના ઉપર પરમેશ્વરે મહોર મારી. ૧૭૬૮ સુધીમાં મેથોડિઝમ પાસે ૪૦ સરકટો હતી. ૨૭,૩૪૧ સભ્યો હતા. દશ વર્ષ પછી તે વધીને ૬૦ સરકટો અને ૪૦,૦૮૯ સભ્યો થયા. બીજા એક દશકા પછી ૯૯ સરકટો અને ૬૬,૩૭૫ સભ્યો થયા.

૧૭૯૮માં મેથોડિઝમ પાસે ૧૪૯ સરકટ અને ૧,૦૧,૭૧૨ સભ્યો હતા.

વેસ્લી આ વાત કબૂલ કરનારાઓમાં સૌ પ્રથમ હશે કે આ સંયુક્ત સોસાયટીઓની અસર તે ફક્ત સોસાયટીની અઠવાડિક જુથ મીટીંગોને લીધે જ નહોતી. તેઓ નિયમ દ્વારા અને નમૂના દ્વારા એ જાણતા હતા કે આત્મિક ઘડતર માટે નાનાં જુથો અને બહુ જ નિકટની સંગત અત્યારે છે તે કરતાં વધારે જરૂર છે. તેથી બીજા તબક્કાનું જુથજીવન વર્ગોની મીટીંગો દ્વારા દર્શાવ્યું.

ખરી વાત તો એ કે ક્લાસ મીટીંગોનો વિચાર તો ધીમે રહીને વિકસ્યો.

૧૭૩૯-૧૭૪૨ ઉદ્‌ભવી રહેલી મેથોડિસ્ટ ચળવળ મોટા ભાગે સોસાયટીઓ અને બેન્ડ દ્વારા વિકસી (બેન્ડ વિષે હવે પછીના લખાણમાં ચર્ચા કરીશું.)

૧૭૪૨માં વેસ્લીને એક વચગાળાના માળખાની જરૂર જણાઈ કારણ કે સોસાયટીઓની સંખ્યા વધતી ગઈ અને અંગત આત્મિક પોષણ આપવાનું ચાલુ રહે એ જરૂરનું હતું.

સોસાયટીઓમાં જેઓ ખાસ કરીને શોધકો હતા અને "બેન્ડમાં" સભ્ય બનવા લાયકાત ધરાવતા ન હતા. તેઓ માટે આ બહુ જ મહત્વની બાબત હતી. એટલું જ નહિ પરંતુ આ સંગતમાં મળનારાઓને ભૌગોલિક રીતે સ્થળ મળે તે પણ જરૂરનું હતું.

૧૭૪૬ સુધી આ પ્રકારની જુથના જીવનનું પાસુ મથોડિસ્ટ પદ્ધતિના સ્થપાએલા એક ભાગ રૂપ બની ગયું હતું.

આપણા સમયમાં જે "પેરાચર્ચ" ચળવળ ચાલી રહી છે તેના સમાંતરરુપ આ ક્લાસ મીટીંગો વેસ્લીના સમયમાં ચાલતી હતી. કોઈ પણ ખ્રિસ્તી કોન્ફરન્સની એક રૂપરેખા તરીકે દરેક જુથમાં ઓછામાં ઓછા એક ડઝન જેટલાં સભ્યો રહેતા અને તેઓ કોઈ ઘરમાં મળતા. તેવા જુથના આગેવાનો મોટા ભાગે લેમેનો રહેતા, પરંતુ લેડીઓ પણ આવા ગ્રુપના લીડર બની શકતા એમ જાણવા મળે છે. મેથોડિસ્ટ પદ્ધતિ પ્રમાણે આ આગેવાનો

તો ખરેખર મદદનીશ પાળકો હતા. અને અમૂક બહુ જ આગળ પડતા જાણીતા આગેવાનો તો આખા પ્રદેશની કલાસોના સંપર્કમાં રહેવા બધે "ફરતા ઉપદેશકો" તરીકે સેવા આપતા.

આવી ક્લાસ મીટીંગોની ચળવળમાં શરૂઆતમાં બહુ જ નિયમસર મીટીંગો ભરાતી જેમાં આગેવાન ક્લાસ આગળ ઊભા રહેતા અન ક્લાસના દરેક સભ્યને તેમની આત્મિક સ્થિતી વિષે પ્રશ્નો પૂછતા. તો પણ આ પદ્ધતિમાં ફેરફાર થયો અને ક્લાસ મીટીંગો એક કુટુંબ જેવા વાતાવરણમાં મળતી. આવી એક મીટીંગનું વર્ણન લેસ્લી ચર્ચ નામના લેખક નીચે પ્રમાણે કરે છે.

"ઘણી વાર મુશ્કેલીઓ– પ્રશ્નો રજુ કરવામાં આવતા અને તેનો ઉકેલ અથવા જવાબ મળતા તેવા આત્મિક અનુભવોમાં બીજાને ભાગીદાર બનાવવામાં આવતા. અને તેમની મધ્યે પ્રભુની હાજરીની ખાત્રી છે એવું મનથી જાણીને આનંદ કરતાં. મીટીંગો, ગીત અને પ્રાર્થના સાથે શરૂ થતી અને એજ પ્રમાણે બંધ પણ થતી. આ મીટીંગોની ભક્તિસભામાં સાદાઈ અને સંગતની નિકટતા જોવા મળતાં કે જે બહુ જ ઔપચારિક રીતે મળવામાં આ બાબતો જોવા કે અનુભવવા ના મળે. સંગત સિવાય, શરૂઆતના મેથોડિસ્ટોને કારભારીપણાની તથા મિશન્સ માટેના મૂળ શિક્ષણની તકો પૂરી પાડવામાં આવતી "દર અઠવાડિયે એક પેન્સ અને દર ત્રણ મહિને એક શિલીંગ" એવો નિયમ બની ગયો હતો.

આખા અમેરિકામાં આ રીતથી સારી એવી રકમ દાનમાં

આવતી અને આ રકમ ગરીબો માટે તથા "ફરતા મેથોડિસ્ટ પાળકો" માટે મદદ તરીકે વાપરવામાં આવતી."

કલાસો સમક્ષ જે મિશનક્ષેત્રનું દર્શન મૂકવામાં આવ્યું જેથી કલાસો પોતા તરફ જ ન જુએ અને આત્મિક રીતે વખાણવા જેવી ઉત્તમ સોસાયટીઓ બને તેમાં મદદરૂપ બન્યું.

"જેને પુષ્કળ આપવામાં આવ્યું છે તેની પાસેથી પુષ્કળ માગવામાં પણ આવશે" એ પ્રભુ ઈસુનું વચન આ સોસાયટીઓનાં રોજબરોજના જીવન દ્વારા દર્શાવવામાં આવતું.

કલાસ મીટીંગોનો બીજો મહત્વનો ભાગ એ તો તેનું શિસ્ત હતું. દરેક સભ્યને એક પાસ આપવામાં આવતો (કલાસમાં દાખલ થવા માટે) તેમાં તે સભ્યનું નામ, તારીખ અને જોન વેસ્લીની પોતાની અથવા તેમના કોઈ એક ઉપદેશકની સહી કરવામાં આવતી. આ પાસ ત્રણ મહિના માટે આપવામાં આવતી. કલાસમાં જેઓ વિશ્વાસુપણે આવતા નહિ તેઓને એ પાસ બીજા ત્રણ મહિના માટે નવેસરથી આપવામાં આવતો ન હતો. આ પાસ આપવાના શિસ્ત ઉપરાંત વેસ્લી જ્યારે વખતોવખત કલાસોની મુલાકાત લેતા ત્યારે શિસ્ત માટે બીજા પગલાં પણ ભરવામાં આવતાં. આ મુલાકાતો દરમ્યાન તેઓ કલાસોને તપાસતા નિયમસર કરતા અને કડક શબ્દોમાં ઠપકો પણ આપતા. હાલના ધોરણ પ્રમાણે આવી રીતો કઠોર કે કડક લાગે પરંતુ આવા શિસ્તનાં પગલાંમાં પ્રેમની ઉણપ હતી. અથવા કાયદાની રૂએ કરતા એવું માનવું તે ભુલ ભરેલું કહેવાય.

જોન વેસ્લી ઉપર તેમના જ લોકો અનહદ પ્રેમ કરતા હતા. અને વેસ્લી આવું શા માટે કરે છે તે બહુ જ પ્રેમથી અને સહેલાઈથી સમજતા હતા.

જોન વેસ્લી સારી પેઠે જાણતા હતા કે આત્મિક પરિપક્વતા શિસ્ત વગર આવે જ નહિ. આ ઉપરાંત ક્લાસો કે સોસાયટીઓ સ્વેચ્છિક રીતે રચવામાં આવી હતી. તેમાં હાજરી આપવા કોઈના ઉપર ફરજ પાડવામાં આવતી જ નહોતી. કલાસના સભ્યોએ નિયમો પાળવાનું કબૂલ કર્યું હતું. નહિ કે તેમના ઉપર ફરજ પાડી હતી. પરંતુ તેમણે પોતે રાજીખુશીથી તેમ કરવા સ્વીકાર્યું હતું. આ ઉપરથી ખુલાસો મળે છે, કે વેસ્લી શા માટે જરૂર પડે તો કડક શબ્દોમાં ઠપકો પણ આપતા. તેઓ કોઈને કલાસ કે સોસાયટીમાંથી કાઢી મૂકતા ન હતા. સભ્યોને શરૂઆતથી જ જે ધોરણો સ્વીકારેલાં તે પ્રમાણે ન ચાલે તેમાં નિષ્ફળ નિવડે તો જ તેઓ પોતે તેના સભ્યો રહી શકતા નહિ. અને આવો કોઈ સભ્ય સોસાયટીના નિયમો પાળવાની ખાત્રી આપે તો તેમને ફરીથી સોસાયટીના સભ્ય બનાવવામાં આવતા. આ બધાનું પરિણામ એ આવ્યું કે મેથોડિસ્ટ ચળવળ માટે કલાસ મીટીંગો તેનો હાર્દ સમાન બની ગઈ. ૧૮મી અને ૧૯મી સદીમાં બ્રીટીશ મેથોડિસ્ટમાં ક્લાસ મીટીંગો તે જ સંગતનું મુખ્ય સાધન હતું. અને જે રસિક બાબત બની તે આ છે. કલાસ મીટીંગોમાં જ મોટા ભાગનાં લોકોનાં બદલાણો થતાં (લોકો નવો જન્મ પામતા).

ઘણા લાંબા સમય સુધી સોસાયટીઓ અને કલાસ મીટીંગોનું માળખું મેથોડિસ્ટ મંડળીમાં ટકી રહ્યું. પરંતુ અહીં "બેન્ડ" વિષે કહેવું તે પણ બહુ જ મહત્વનું છે. (બેન્ડ મંડળીની રચના) આ પ્રકારનો વિચાર કે યોજના વેસ્લીએ મોરેલીઅન મંડળીમાંથી અપનાવ્યો. જો કે મોરેલીઅન મંડળીમાં તો "બેન્ડ" ઘણા લાબાં સમયથી રચવામાં આવ્યાં હતાં. પહેલાં જે સોસાયટીઓ રચી હતી તેમાં "બેન્ડ" માળખાનો ઉપયોગ કર્યો. પરંતુ ૧૭૯૨ જે તેમના મૃત્યુની સાલ છે, મોટા ભાગનાં "બેન્ડ" કામ કરતા ન હતાં. અને તેથી કલાસો જ પ્રભુત્વ ધરાવતી હતી.

"બેન્ડ" ની રચના કયા સિદ્ધાંતથી કરવામાં આવી તે તરફ ધ્યાન આપવાની પણ જરૂર છે. એક જ વર્ગના (પુરુષો કે સ્રીઓ) બહુ જ નાની અને ખાનગી મીટીંગોમાં મળતાં ત્યારે આત્મિક પરિપકવતાને પોષવી કે પાળવી પડતી હતી. પ્રોત્સાહન આપી જીવંત રાખવી પડતી હતી. તેથી પુરુષો અને સ્રીઓ માટે "બેન્ડ" ની વ્યવસ્થા કરી તેમાં સભ્ય સંખ્યા પાંચ થી આઠ અને દશથી વધારે રાખવામાં આવતી નહિ. સોસાયટીઓ માટે જે સામાન્ય નિયમો ઘડયા તે પહેલાં ૧૭૩૮માં પાંચ વર્ષ અગાઉ "મંડળો" "બેન્ડઝ" માટે વેસ્લીએ પોતે નિયમો ઘડી કાઢયા હતા.

આ નિયમોને તપાસતાં એ જોઈ શકાય છે કે આ નિયમોનો મુખ્ય હેતુ તો અઠવાડિયાની જે "બેન્ડ" મંડળીની મીટીંગ મળતી તેમાં સાક્ષીઓ આપવામાં આવે અને બધાં પરસ્પર પોતાની આત્મ પરીક્ષા કરે. પ્રાર્થના અને ગીત પછી મીટીંગમાં કોઈ વ્યક્તિ ભાઈ

કે બહેન પોતાના આત્માની સ્થિતીની વાત કરે. ત્યાર બાદ એજ પ્રમાણે બીજા પણ પોતાના આત્માની સ્થિતી વિષે બોલતાં. આવી મીટીંગોમાં ખાસ ધ્યાન આપવામાં આવતું તે તો એ કે પોતાનાં પાપો ભૂલો ઉપર વ્યક્તિ વિજય મેળવે અને પ્રભુ તરફથી તેને માફી અને શાંતિ મળ્યાં છે તે સમજી શકે. આનો અર્થ એકબીજાને આત્મિક જીવન માટે ટેકો આપવાનું પોષવાનું આવા જુથો દ્વારા થતું.

અંગત નબળાઈઓ કોઈ ખાસ વ્યક્તિના જીવનમાં હોય તો તે ઉપર પણ ધ્યાન આપવામાં આવતું. આ "સાહસ" ખેડવાથી અરસપરસ ઉત્તેજન, માર્ગદર્શન અને પ્રાર્થનાનું મોટું મોજુ જુથોમાં આવ્યું.

"બેન્ડમાં" બહુ જ ઊંડા આત્મિક અનુભવો મળતા. તેથી જ મેથોડિસ્ટ જુથોમાં આજ સ્તરના "બેન્ડ" સભ્યો બનવા માટે તેમણે પોતાના અનુભવો કે વિશ્વાસની કબૂલાત કરવી પડતી હતી. ઈશ્વરવિદ્યા અને માનસશાસ્ત્રની દષ્ટીએ પણ આ સમજવું તે બહુ જ સહેલી વાત છે.

વેસ્લી બહુ જ સારી પેઠે જાણતા હતા કે અંગત રીતે સાહસ ખેડીને પણ જે અમૂક અનુભવો "બેન્ડમાં" કહેવામાં આવતા પરંતુ આવું કરનારે પોતાના જીવનના મુખ્ય પ્રશ્નોનો ઉત્તર મેળવેલો હોવો જ જોઈએ. તે આ પ્રમાણે છે, "આવી વ્યક્તિને પ્રભુએ માન્ય કરી છે. સ્વીકારી છે." તેની ખાત્રી હોવી જોઈએ.

કારણ કે કોઈ વ્યક્તિ કલાસની બહારની હોય કે આવી ચળવળમાં મહત્વ ન ધરાવતી હોય તેવી હોય તેને માટે આવો અનુભવ બીક કે ચેતવણીરૂપ પણ બની જાય.

બીજું કે "બેન્ડની" આવી મીટીંગો સ્વેચ્છીક હતી અને આંકડા ઉપરથી એ જાણવા મળ્યું કે આ વ્યવસ્થા જે કરવામાં આવી તેનો લાભ વીસ ટકા જ મેથોડિસ્ટો પોતાના આત્મિક ઘડતર માટે લેતા હતા.

સોસાયટીઓ, કલાસો તથા "બેન્ડ કે મંડળો" દ્વારા મેથોડિસ્ટોનું જે જુથમાં જીવન હતું તે મોટે ભાગે પ્રદર્શિત કરવામાં આવતું. અને આત્મિક પરિપક્વતા કેળવવા માટે કૃપાના મુખ્ય સાધન રૂપ બન્યું. જે પધ્ધતિ કે રીત અપનાવી હતી તેથી લોકો થાકી ગયા ન હતા.

ખાસ પસંદ કરલી સોસાયટીઓ, મંડળો જેઓએ બાહ્ય રીતે અને આંતરીક રીતે પ્રગતિ કરી હોય તેમના માટે જ અસ્તિત્વ ધરાવતા હતાં.

જેઓએ પીછેહઠ કરી હોય તેમના માટે "પસ્તાવો કરનાર જુથ" પણ હયાતી ધરાવતું હતું. જેઓ પોતાનું સ્વાર્પણ તાજું કરવા માગતા હતા આ નિયમિત મીટીંગો ઉપરાંત પ્રેમ ભોજન "જાગરણની રાતો" પ્રતિજ્ઞા કરવા માટેની ભક્તિસભાઓ થતી. પરંતુ તેમાં સામાજીક જુથ સેવા માટે તથા વૃધ્ધિ માટે બહુ જ ઓછી તકો મળતી હતી.

આ પ્રકરણ બંધ કરીએ તે પહેલાં આપણે યાદ રાખવું જોઈએ કે આ બધી પ્રવૃત્તિઓ મંડળીની જે નિયમિત ભક્તિસભાઓ થતી તે ઉપરાંતની હતી.

શરૂઆતની મેથોડિસ્ટ ચળવળ વેસ્લીના જીવનકાળ દરમ્યાન ચર્ચ ઓફ ઈંગ્લેન્ડની મંડળીમાં "નવું જીવન પામેલી" ચળવળ તરીકે જ રહી. પરંતુ ઘણા ઍંગલીકન આગેવાનો મેથોડિસ્ટ ચળવળને સહકાર આપતા ન હતા. એટલું જ નહિ પરંતુ ચર્ચ ઓફ ઈંગલેંડ સાથેનો વેસ્લીનો સંબંધ બહુ જ ગુંચવણ ભરેલો છે કે જેની અહીં ચર્ચા કરવી તે આપણી શક્તિની બહારની વાત છે.

આ સ્થળે એક વાતની ચોખવટ કરવાની જરૂર છે કે મેથોડિસ્ટ ચળવળ તે "અસંતુષ્ટોને" પોષવા માટેની ચળવળ ન હતી. ખાસ કરીને મેથોડિસ્ટ ચળવળ તે "મંડળી મધ્યે મંડળી" જેનાં આત્મિક ધોરણો એવાં હતાં કે ઍંગલિકન મંડળીમાં તેની નકલ કરવામાં આવતી ન હતી, મેથોડિસ્ટ ચળવળમાં ભાગ લેનારાઓને પોતાની મંડળીમાં વિશ્વાસુ સભ્ય તરીકે જ રહે એવું વેસ્લી સંપૂર્ણપણે ઈચ્છતા હતા.

આપણા જમાનામાં મંડળીઓમાં ખ્રિસ્તી કોન્ફરન્સોનો અનુભવ તાજો કરવાની તાતી જરૂર છે.

જેઓ એવું માને છે કે મંડળી સાથેનો સંબંધ તજી દેવાથી મેથોડિસ્ટ ચળવળે પોતાનું હાર્દ ગુમાવ્યું છે તેઓની સાથે હું સહમત છું.

મંડળીમાં અસરપરસના સંબંધો ધરાવીને જો આવી સેવાઓ કરવામાં આવે તો હું માનું છું કે આપણે જે શક્તિ સામર્થ્ય ગુમાવ્યાં છે તે જરૂરથી પાછાં મેળવી શકીશું.

તે વખતે બનતું એમ આજે પણ લોકો પોતાના ખ્રિસ્તી અનુભવોને અંગત રીતે રજૂ કરવાની તકો શોધી રહ્યા છે.

આનો અર્થ એવો નથી કે આપણે અઢારમી સદીમાં પાછા જવાનું છે. પરંતુ જે સિદ્ધાંતોએ ખ્રિસ્તી કોન્ફરન્સોના ખાસ અનુભવો આપ્યા તેને સજીવન કરવા પડે. આમાંનો મુખ્ય સિદ્ધાંત સ્વૈચ્છીક મંડળોનો છે એ આપણે યાદ રાખવું જોઈએ. કારણ કે આપણે એક ચળવળ નહિ પરંતુ મંડળીની શરૂઆત કરીએ છીએ ત્યારે આવા જુથોના સમુહમાં રહીને કામ કરે તેવી તકો પસંદ કરવાનો વ્યક્તિનો હક્ક છે તેને માન આપવું જ રહ્યું.

જ્યારે "બેન્ડ"ની શરૂઆત કરી ત્યારે વેસ્લીએ પણ આવું જ વલણ અપનાવ્યું હતું જે બહુ જ ડહાપણ ભરેલું હતું આપણી પાસે આ એક ઐતિહાસિક દાખલો છે અને આપણે તેની અવગણના કરી શકીએ નહિ.

ગમે તેમ હોય, પરંતુ ઘણા લોકો એવા હશે કે આપણી મંડળીઓમાં પણ આવી જુથ સેવાઓ થાય તેમાં રસ ધરાવતા હોય. આની સાથે સંબંધ ધરાવતો બીજો સિદ્ધાંત તે વિવિધતાનો છે.

જુથની સંખ્યા, તેનો વિભાગ અને હેતુ જુદા જુદા હોય શકે, જેમ વેસ્લી કરતા હતા. તેમ આપણે જુથના માળખામાં શોધકોને

પણ આવવા દઈએ. બીજા માળખામાં સરખાપણું હોય. (દા.ત. ઘરમાં મળતાં જુથો) ત્યારે જુદા જુદા સ્થળોમાં મીટીંગમાં વિવિધતા ચલાવી લઈએ.

ત્રીજો સિદ્ધાંત જુથની શક્તિને એકતામાં લાવી સેવાનો બોજ રાખીએ એ એની વિશિષ્ટતા કહેવાય.

જ્યારે મંડળીમાં આવા જુથો રચાય ત્યારે સેવાના ક્ષેત્રો માટે તેઓ પોતાના તરફ જ નહિ પરંતુ તકો માટે બહાર જુએ એવો પડકાર ફેંકીએ.

આનો અર્થ સ્થાનિક સેવા તથા વિશ્વક્ષેત્રે સેવા માટે બોજ હોવો જોઈએ. પરંતુ જુથમાં જે જુદી જુદી સેવાઓ થાય છે તેથી મંડળીમાં આગેવાની અને આંતરીક ભાવનાને અવરોધે છે.

ચોથી બાબત કે લે આગેવાનીમાં જે આગેવાનીની જ ગર્ભિત શક્તિઓ છે, તેને પાછી મેળવવાની જરૂર છે. દરેક મંડળીમાં એવા ભાઈ બહેનો છે કે જેઓ પરિપક્વતા ધરાવે છે અને આવી જુથ સેવાઓ સ્થાયી ને મહત્વની સેવાઓ કરવા ખુશી છે. પરંતુ વેસ્લીની માફક આવાં ભાઈ બહેનોને આવી સેવાઓ માટે તેમને તજી ના દેતાં આવાઓને તાલીમ આપવી. તેમના ઉપર સતત દેખરેખ રાખવી. તે પાળકની જવાબદારી તથા ખાસ હકકનો નિચોડ છે. આનું પરિણામ એ આવશે કે જેમ વેસ્લીના હકકમાં બન્યું તેમ દીક્ષિત પાળકો ઉપરાંત લેમેનો દ્વારા સેવાનો વિસ્તાર વધશે.

શરીરના બંધારણ જેવું જો આપણે મંડળી માટે માળખું રચવું હોય તો શિસ્ત ઉપર ખાસ ભાર મૂકવો પડે.

હાલની જુથ સેવાઓ તે સ્વેચ્છીક છે. એવું જો આપણે તેમની આત્મિક પરિપક્વતા માટે જે શિસ્તની જરૂર છે. તેને પણ આધીન થવું જ જોઈએ. આનો અર્થ કે મંડળીની જે શિસ્ત છે જે ઉત્તમ અને સમયથી પરમાએલી છે તે પ્રત્યે ધ્યાન કેન્દ્રીત કરવું. આનો એ પણ અર્થ થાય કે જે કાયદેસરની મંડળીની શિસ્ત છે અને મંડળીએ જે અપનાવી છે તેનો અમલ કરવો.

આ માળખું ગમે તે રૂપ લે પરંતુ આપણે ખાત્રીપૂર્વક જાણીએ છીએ કે મંડળીને પરમેશ્વર જે સામર્થ્ય અને પરિપક્વતા આપવા માગે છે તે શિસ્ત વગર બની શકશે જ નહિ.

છેલ્લે આપણે સમકાલીન જુથ સેવાઓનું માળખું રચીશું પરંતુ જે મંડળી છે તેને વફાદાર રહીને અને એવાં બોર્ડ કે પોસ્ટરો મૂકીને કરીશું.

આપણા લોકોને સમુહ આરાધના, રૂઢીઓ અને સન્ડે સ્કૂલ એકબીજા સાથે સંબંધ ધરાવતી સેવાઓમાં જ્યારે આત્મિક અનુભવ થાય છે ત્યારે આપણે આનંદ કરીએ છીએ. પરંતુ પ્રભુ ઈસુની જે મંડળી છે. જેનું શરીર છે તેની અવેજીમાં આવા નાનાં જુથો રચાય તો તેમ કરવા લોકોને મના કરવી. બીજી બાજુ આવાં નાનાં જુથોમાં જે આત્મિક અનુભવ થાય છે. તેને મંડળીના જીવન પ્રવાહમાં વહેતો કરવો જોઈએ. આ રીતે આવાં જુથોની શક્તિ

મંડળીમાં પ્રદર્શિત કરી શકાય. તેમ કરવાથી મંડળીનું આત્મિક જીવન વધારે સમૃદ્ધ બનશે અને નવું જોમ આવશે. જો આપણે ખરેખર વેસ્લીના વારસદારો છીએ તો સહકાર અને સ્પર્ધા નહિ એ રીતે મંડળીનાં જુથ અને મંડળી વચ્ચે સંબંધ બાંધવો જોઈએ. અને જ્યારે આ સમજાય છે, અમલમાં મૂકાય છે. ત્યારે ખ્રિસ્તી કોન્ફરન્સ કૃપાનું એક આવશ્યક સાધન બની રહે છે એ બાબત નવી રીતે આપણે જોઈ શકીશું.

પ્રકરણ - ૬
ચર્ચા માટે પ્રશ્નો

૧. વેસ્લીની કયા પ્રકારની ખ્રિસ્તી કોન્ફરન્સ તમને વધુ અસરકારક લાગી? કેમ?

૨. તમારી મંડળીમાં કેવા પ્રકારના જુથ-જીવન છે? તેની પાછળ વેસ્લીના સિદ્ધાંતો પીઠબળ જેવા છે? શું તમને એવું લાગે છે કે આવા સિદ્ધાંતો માટે હજુ પણ સ્થાન છે?

૩. જો તમારી મંડળીમાં આવા જુથ દ્વારા સેવાઓ થતી નથી તો તમે કેવી રીતે શરૂ કરી શકો તેની ચર્ચા કરો.

એવી યોજના કરો કે તમારા પાળક કે મંડળીના અધિકાર યુક્ત બોર્ડ સાથે સંકલન કરી શકો.

પ્રકરણ - ૭

"દુરંદેશીપણું" કૃપાનું સાધન આખા વિશ્વમાં

વેસ્લી માટે અને શરૂઆતના મેથોડિસ્ટો માટે સંસ્થાપન કરેલાં કૃપાના સાધનોનું ઘણું જ મહત્વ હતું. પરંતુ જે વિશ્વભરની ચળવળ શરૂ થઈ તે ફક્ત આ કૃપાનાં સાધનો દ્વારા જ નથી થઈ. હા, એ વાત સાચી છે કે આમાં કૃપાના સાધનો સમાજમાં પણ પ્રદર્શિત કરવામાં આવ્યાં એ સારી વાત છે. પરંતુ શરૂઆતની મેથોડિસ્ટ ચળવળે તે વખતે અંગ્રેજી સમાજ ઉપર જે ભારે અસર કરી તે ફક્ત આવાં સાધનો દ્વારા જ થઈ છે, એવું માની શકાય નહિ. અને એથી વિશેષ ઈંગલૅંડની બહાર જે આત્મિક અસર થઈ તે પણ આના લીધે જ થઈ એવું માનવાને પૂરતા કારણો નથી. આવું બને તે માટે બીજું કંઈક અવનવું બને તેની જરૂર હતી. વેસ્લી માટે અને તેની આત્મિકતા માટે આ "અવનવું" તે તો દુરંદેશીપણું જે કૃપાનું એક મહત્વનું સાધન છે તે જાણવાનું.

આગળના અધ્યાયોમાં આપણે જોઈ ગયા તેમ પ્રુડનશીએલ ગ્રેસ" કે "ઈન્સસ્ટીપ્યુટેડ ગ્રેસ" જેવો નવો શબ્દ પ્રયોગ લાગે.

પાયાની વાત તો એ છે કે વેસ્લી માનતા હતા કે પ્રભુએ તેની મંડળીને કૃપાનું એક વધારાનું સાધન આપ્યું છે કે જે દ્વારા તે સુવાર્તાપ્રચાર તથા સમાજ સેવા, સુવાર્તાનાં જે બે પાસા છે તેને ન્યાય આપી શકે છે. જે ખ્રિસ્તીઓ ડહાપણ ભરેલી રીતે વર્તે છે તેઓ આ પ્રકારનાં કૃપાંનાં સાધનો પ્રત્યે ધ્યાન આપશે. સંસ્થાપિત સાધનો અને "દુરંદેશીપણું" તે પણ કૃપાનું સાધન છે.

વેસ્લી આ પ્રમાણે લખે છે.

"મોટા ભાગે એવું માનવામાં આવે છે કે કૃપાના સાધનો અને ઈશ્વરના નિયમો હુકમો સરખા જ શબ્દ પ્રયોગ છે. આ ઉપરથી આપણે સમજીએ છીએ કે એનો અર્થ તે ધાર્મિક ભાવનાવાળાં કામો. દા.ત. શાસ્ત્રભાગ વાંચવા- સાંભળવા- પ્રભુભોજનમાં ભાગ લેવો જાહેર અને ખાનગી પ્રાર્થના, અને ઉપવાસ આ તો સામાન્ય સાધનો છે કે જે દ્વારા મનુષ્યોના આત્માને દેવની કૃપા પહોંચી શકે છે એ ખાત્રીપૂર્વક વાત છે.

પરંતુ કૃપાનાં આટલા જ સાધનો છે? શું આ સિવાય બીજા એવાં કોઈ સાધનો નથી કે જેથી દેવ સામાન્ય રીતે અને વખતો વખત પ્રસન્ન થાય છે અને જેઓ તેનો ભય રાખે છે તેના ઉપર પ્રેમ કરે છે તેને તેની કૃપા પ્રાપ્ત થાય છે.

હા, જરૂરથી બીજા દયાના કામ છે. અને ધાર્મિકતાનાં પણ કામ છે જે કૃપાનાં વાસ્તવિક સાધનો છે.

ધાર્મિકતાનાં કામો અને દયાના કામોના જોડાણથી વેસ્લીની આત્મિકતાને અને સેવાને જીવન મળ્યું જે સંયુક્ત સોસાયટીઓ હતી તેમને "અમે સર્વ સંપન્ન છીએ" એવી માન્યતામાંથી બચાવી લીધી.

વેસ્લીએ આખા વિશ્વને પોતાનું સેવાક્ષેત્ર બનાવ્યું અને એમના અનુયાયીઓ પણ એમ જ કરે એવું ઈચ્છતા હતા. પરિણામે બસો વર્ષ પછી વેસ્લીના વિષે ખુલાસા આપનાર એ જોઈ શક્યા કે વેસ્લીનું ખાનગી જીવન માટે જે નીતિશાસ્ત્ર હતું તેજ સામાજીક જીવનમાં પણ હતું.

આપણે બીજી રીતે જોઈએ તો વેસ્લીની એકકીરણ કે સંયોજન નિતી જોઈ શકીએ છીએ. બે વિચારો બાહ્ય રીતે જે એકબીજાથી વિરોધાભાસી હોય તેમનું એકીકરણ કરીને એ વિચારોને દ્રઢ કે મજબુત બનાવવાની શક્તિ વેસ્લીમાં હતી. આ બે વિચારો અલગ અલગ હતા ત્યારે એ દ્રઢતા કે મજબૂતાઈ કરતાં એકતામાં વધારે દ્રઢતા જોઈ શકતા હતા.

શરૂઆતની મેથોડિસ્ટ મંડળીમાં આત્મિકતામાં પણ ખરેખર આવું જ બન્યું. ધાર્મિકતા અને દયાનું સંકલન કરવાથી ઈશ્વરના હાથમાં તે બહુ જ અસરકારક હથિયાર બન્યું. જો બંનેને અલગ અલગ રાખી કામ કર્યું હોત તો તે આટલું અસરકારક ના થાત.

આપણા જમાના માટે પણ આવું જ છે. ટોચની જે મહત્વની આત્મિકતા છે તેમાં બે મહત્વની બાબતો ફરી સમાન બની રહી. એક તે હૃદયની અને બીજી તે જીવનની પવિત્રતા.

તેથી "પ્રુડેનશિયલ ગ્રેસ" નું મહત્વ આપણે માન્ય રાખીએ તે બહુ જ મહત્વની બાબત છે.

વેસ્લીએ આને ત્રણ મુખ્ય સિદ્ધાંતોમાં વર્ણન કર્યું છે.

૧. કોઈને નુકશાન ના કરો.

૨. હંમેશા ભલું જ કરો.

૩. ઈશ્વરના સર્વ નિયમોનું પાલન કરો.

પરંતુ વેસ્લી એક સમજુ આગેવાન હતા. તેઓ સારી રીતે જાણતા હતા કે ફક્ત સામાન્ય નિયમો એકલા જ નીતિશાસ્ત્રની વ્યાખ્યા આપવા તેને પ્રેરણા આપે માટે પૂરતા નથી.

તેથી વેસ્લી તેમના સામાન્ય નિયમોમાં આગળ વધ્યા અને દરેક પ્રકારના દાખલા આપી તેની યાદી બનાવી. દા.ત. આવી યાદીમાં કેટલાક દાખલા સંસ્કૃતિને ઈતિહાસને ધ્યાનમાં રાખીને જેમ આપણે આશા રાખીએ છીએ તેમ આવ્યા હતા. આજે જો તેઓ આવી યાદી બનાવે તો શક વિના તે યાદીમાં જરૂર ફેરફાર કરે.

પરંતુ મુખ્ય સિદ્ધાંતને તિલાંજલી આપીએ, કારણ કે તે પુરાણા થઈ ગયા છે બીનઉપયોગી છે આમ કરવાથી વેસ્લીનો આખો મુદ્દો જ ધરમૂળથી આપણે ચૂકી જઈએ છીએ.

વેસ્લી જે શીખવવા માગતા હતા તે એ કે સામાજીક પવિત્રતા (દા.ત. સામૂહિક નીતિમય જીવન. દયાના કામો) તે ખાસ રીતે દર્શાવી શકાય અને દર્શાવવા જ જોઈએ.

આપણા હેતુ માટે આનો અર્થ એવો થાય કે જે ખરી આત્મિકતા છે તે કદી જ ઘડી કાઢી શકાતી નથી. એ તો દરરોજના જીવનમાં આપણાં ખાસ કૃત્યો દ્વારા જ પ્રદર્શિત કરી શકાય.

આત્મિકતાનું જે સામુહિક પાસુ છે તે હકારાત્મક અને નકારાત્મક એમ બંને રીતે પ્રદર્શિત કરી શકાય છે તે એક રસિક બાબત છે.

તેમાં બંનેનો સમાવેશ થાય છે.

"જે આપણે કરીએ છીએ તે અને જે નથી કરતા તે પણ"

"કોઈને નુકશાન નહિ કરવું તે ખ્રિસ્તી જીવનના માળખામાં અમૂક બાબત ટાળવી એ જોવા મળે છે હાલ આપણા માટે જે સમસ્યા બની રહે છે તે આ કે આ બધું જાણે "કાયદા કાનૂનની" વાતો હોય તેવું લાગે છે.

વેસ્લીનાં લખાણો આ રીતે વાંચવા તે ફરી પાછું તેમના ધ્યેયને આપણે ચૂકી જતા હોઈએ તેવું લાગે છે. વેસ્લીએ જે વાના કરવાની મનાઈ કરી હતી તે તો બંધનકર્તા નહિ પરંતુ તેમ ન કરવાની હદ ઠરાવી આપી હતી. વેસ્લી સારી પેઠે જાણતા હતા કે "એન્ટીનોએનીગ્રુપનું" પરિણામ આત્મિક જડતા અને નૈતિક જીવનના પડઘા રૂપ હતું. વેસ્લીને લાગ્યું કે વિશ્વાસીને ન્યાયીપણાના માર્ગમાં દોરવા કાયદાનો ઉપયોગ જરૂરી છે.

૬૦-૭૦ના દશકાઓ દરમ્યાન સામાજીક અને આત્મિક જીવનનાં પાસા ઉપર ભારે પ્રહાર થયા છે.

વ્યક્તિના હક્કો અને લાભો ઉપર ભાર મૂકવામાં આવ્યો અને નૈતિક જીવનના સંબંધોનું મહત્વ ઘટાડી દેવામાં આવ્યું છે તેથી વિશ્વભરમાં આપણી ચાલચલગતનું એક સરખું ધોરણ હોવું જોઈએ એનું મૂલ્ય પણ ઘટી ગયું છે.

ગમે તેમ હોય પરંતુ આપણે વેસ્લિયન વારસો એ યાદ દેવડાવે છે કે આવાં વિશ્વવ્યાપી ધોરણો પણ અસ્તિત્વ ધરાવે છે." જે મહત્વની આત્મિકતા છે તે આ સવાલ પૂછશે "ખ્રિસ્તમાં પરિપક્વતા સુધી પહોંચવા માટે મારે મારા માર્ગમાંથી કઈ બાબતો ટાળવી જોઈએ?"

આવો પ્રશ્ન કોઈ દ્વૈતવાદમાંથી ઊભો નહિ થાય. અથવા આપણા જીવનને સિમિત બનાવવા પણ પૂછવામાં નહિ આવે.

પરંતુ જીવન મેળવવા પ્રાપ્ત કરવાના સાધન રૂપ આ સવાલ પૂછવામાં આવે છે. વેસ્લી સારી પેઠે જાણતા હતા કે કોઈ પણ કાર્ય તે એક જ વ્યક્તિનું જ હોતું નથી. તેથી સેવાના કાર્યોમાં સમાજ સેવાનું પાસું પણ તેમણે અપનાવ્યું. આપણે ગમે તે કહીએ કે કરીએ તે સીધી કે પરોક્ષ રીતે બીજી વ્યક્તિને તેની અસર થયા વગર રહેતી જ નથી. જીવનમાંથી અમૂક બાબતોને ટાળવા માટે વ્યક્તિના કાર્યની પસંદગીથી બીજાઓને દુઃખ લાગે છે અને તેમના જીવનમાં નકારાત્મક અસર પણ પડે છે.

તેથી સમાજ સેવાનું પાસુ તેનું પરિણામ સમાજ ઉપર હકારાત્મક અસર કરે છે અને સામાજીક જીવનની ગુણવત્તાને ધરી રાખે છે.

જોન વેસ્લીએ જે સામાજીક આત્મિકતાને આગળ ધપાવ્યું તેમાં તેમની સેવાના હકારાત્મક વલણના લીધે થયું...

"ભલું જ કરવું" અહીં પણ આવું કરવા વેસ્લીએ ખાસ યાદી તૈયાર કરી. પરંતુ તેને નાનાં નાનાં શિર્ષક હેઠળ મૂકી.

૧. તેઓ એવી અપેક્ષા રાખતા હતા કે મેથોડિસ્ટોને બીજાના માટે શારીરિક (દૈહિક વાનાથી) રીતે ભલું કરવું. આમાં ખોરાક, કપડાં, મકાન, માંદાની અને કેદીઓની મુલાકાત આવી જાય. આપણાં જમાનામાં આપણે સમાજમાં જે રાહત કાર્યો ઉપાડી લઈએ છીએ તે વેસ્લીની નીતિ સાથે સંબંધ ધરાવે છે.

૨. બીજાઓના આત્માઓ માટે ભલું કરવું. આ શિર્ષકમાં વેસ્લીની સુવાર્તા પ્રચાર અને શિસ્તનો મુદ્દો આવે છે. આમાં ઉપદેશ મુદ્દાસરનું શિક્ષણ વગેરે આવી જાય કે જેથી દૂરમતનો સામનો કરી શકાય.

આ પુસ્તકનો જે હેતુ છે તે સામાજીક આત્મિકતા અને સમાજનું એ રીતે પોષણ અને ઉદ્ધાર માટેનો બોજ એ બંનેને સાંકળી લે છે. ગમે તેવી આત્મિકતા હોય પરંતુ જો તે બીજાના ઉદ્ધાર માટે ન હોય તો તેનુ સ્થાન વેસ્લીના સ્વભાવથી તદ્દન દૂરની વાત છે. એજ પ્રમાણે જે આત્મિકતા દૂરમતને સુધારી શકે નહિ તેવી હોય તો તે સાથે પણ વેસ્લી સંમત ના જ થાય.

આ વાત એક દાખલા રૂપે છે કે જ્ઞાન અને ધાર્મિકતાનો જોન વેસ્લીએ સુમેળ સાધ્યો છે.

૩. ખાસ કરીને જેઓ વિશ્વાસના કુટુંબના છે અથવા તેવાં બનવા દુઃખથી નિસાસા નાખે છે તેમને હકારાત્મક નીતિશાસ્ત્ર બતાવવા માગતા હતા.

ઉપર ઉપરથી આપણને આવી પસંદગી પક્ષપાત જેવી લાગે પરંતુ વેસ્લીની આ અંગેની અસર તદન જુદી જ છે.

સામાન્ય સોસાયટી જેને વેસ્લી બિનસાંપ્રદાયિક સોસાયટી ગણે તેવી સોસાયટીઓમાં ખ્રિસ્તીઓએ સાથે સુમેળમાં રહેવું જોઈએ. બીજા શબ્દોમાં જો સામાજીક આત્મિકતા બધા પ્રત્યે ભલું જ કરવું અને ભૂંડાથી દૂર રહેવું તો આજ ભાવ સાથી ખ્રિસ્તીઓ માટે રાખવો એ કેટલું બધું બંધબેસતું છે.

વેસ્લી આ પ્રમાણે કહે છે:

"જગત તો જે પોતાનાં છે તેમના જ ઉપર પ્રેમ કરશે. ખ્રિસ્તીઓએ એક બીજા માટે ખાસ પ્રકારની વિશેષ દરકાર રાખવી જોઈએ."

૩. વેસ્લીનો ત્રીજો સામાજીક આત્મિકતાનો સિદ્ધાંત તે ઈશ્વરના તમામ નિયમોનું પાલન છે.

કૃપાના જે સ્થાપિત સાધનો છે તેની જ યાદી વેસ્લી અહીં પણ રજૂ કરે છે. તે બહુ જ રસિક બાબત લાગે છે. આથી વેસ્લી બે બાબતો અહીં કરવા માગે છે.

(૧) અહીં તેઓ સામાજીક નીતિશાસ્ત્ર કે જે સંસ્કૃતિથી કે ઐતિહાસિક રીતે જેને અનૂકુળ કે બંધબેસતું કરવું પડતું નથી તે વાત દોહરાવવા માગે છે.

તેના ખાસ ઉદાહરણો : ભૂંડું ન કરો અને ભલું જ કરો તે કદાચ પેઢીએ પેઢીએ બદલાય. પરંતુ કૃપાના જે સ્થાપિત કે નક્કી સાધનો છે. તેઓ તો સંસ્કૃતિ કે ઈતિહાસથી પર છે. તે કદી બદલાતાં નથી આના લીધે જ સુવાર્તાનાં મૂળ સામાજીક પાસામાં નંખાએલાં છે.

(૨) વ્યવસ્થિત રીતે પરંતુ જેને કોઈ જ સંબંધ ના હોય એવા વર્ગીકરણ કરવાની રીતને વેસ્લી અસરકારક રીતે હટાવી દે છે.

કૃપાનાં જે સ્થાપિત સાધનો છે તેનું જ પુનરાવર્તન કરીને વેસ્લી એ બતાવવા માગે છે કે વ્યક્તિગત સામૂહિક અને સામાજીક આત્મિકતા એકબીજા સાથે કેવો સંબંધ ધરાવે છે અને સંકળાએલાં છે તે સમજી શકીએ. આનું પરિણામ જુદાં પાસાનો સુમેળ સાધવાથી તેઓ બહુ જ મજબૂત બને છે જે એકલાં રહેવાથી બની શકે નહિ.

આપણા આત્મિક જીવન ઘડતરમાં આ બધાં જ પાસાનું પ્રતિબિંબ ન પાડી શકાય ત્યાં સુધી આપણે શાંતિથી બેસી રહીએ એવું વેસ્લી કદી જ ના ઇચ્છે.

આ પુસ્તકની શરૂઆત વેસ્લીના શબ્દોનું સીધે સીધું ઓતરણ લઈને કરી હતી. અને એનો અંત પણ એજ રીતે બનાવવામાં આવે એ બહુ જ બંધબેસતું છે.

આત્મિક જીવનનો વેસ્લીનો જે બહુ જ વિશાળ અભિપ્રાય છે અને ખાસ કરીને આ અધ્યાયમાં છે તે દર્શાવવા ખાસ કરીને નીચેના વેસ્લીના શબ્દો બહુ જ બંધબેસતા છે.

"જેની પાસે પ્રભુ ઈસુનો (ધર્મ) સુવાર્તા છે તેને સંતાડવી તે અશક્ય વાત છે. કોઈ પણ જાતના વિરોધાભાસ સિવાય આપણો પ્રભુ આપણને બે પદાર્થો સાથે સરખાવીને બહુ જ સ્પષ્ટ કરે છે.

"તમે જગતનું અજવાળું છો. પહાડ ઉપર વસાવેલું નગર સંતાઈ શક્તું નથી. તમે ખ્રિસ્તીઓ જગતનું અજવાળું છો. તમારા સ્વભાવ અને કૃત્યોમાં જેમ આકાશમાં સૂર્ય બહુ જ સ્પષ્ટ રીતે દેખાય છે. તેમજ તમારી પવિત્રતા દેખાવી જોઈએ. તમે જેમ જગતની બહાર નિકળી જઈ શક્તા નથી એજ રીતે તમને બીજાઓ જોયા વગર રહી શકે જ નહિ. જ્યાં સુધી આપણા ધર્મને ફેંકી ના દઈએ ત્યાં સુધી બીજાઓ આપણામાં તે જોઈ ના શકે એવું બને જ નહિ. ખાનગી રાખવું બીજાઓ જોઈ ના શકે એવો આપણો ધર્મ છે. તો ખાત્રીથી જાણો કે તે ઈસુ ખ્રિસ્તનો ધર્મ સુવાર્તા નથી. જે ધર્મ સંતાડી શકાય તેવો હોય તો તે ખ્રિસ્તી ધર્મ નથી."

પ્રકરણ - ૭

ચર્ચા માટે પ્રશ્નો

૧. બે સિદ્ધાંતો લો : "કોઈનું ભૂંડું કરવું નહિ" અથવા "કોઈને દુઃખ પહોંચાડવું નહિ" અને "ભલું જ કરવું"
આપણા સમયમાં આ બાબતો દર્શાવવા માટે ટૂંકી અને વર્ણન કરતી યાદી બનાવો.

૨. યાદીમાં શું કરવું, શું ના કરવું તે અંગે જો મતભેદ પડે તો મંડળીએ કયો રસ્તો લેવો? સામાજીક આત્મિકતા માટે સ્થાપિત કૃપાનાં સાધનો તેના મૂળમાં છે એ વેસ્લીનો અભિપ્રાય કેટલા અંશે પ્રકાશ પાડી શકે છે?

૩. "વિશ્વાસના કુટુંબના" તમારા કુટુંબથી શરૂ કરી તમે તમારા જીવનની પવિત્રતા કઈ રીતે દર્શાવી શકો તે અંગે ચર્ચા કરો. (સામાજીક આત્મિકતા બીજાઓ માટે દયાનાં કામો વગેરે.)

૪. સ્થાપિત "કૃપાના સાધનો" જે શબ્દ પ્રયોગ વેસ્લી વારંવાર કરે છે. તેના આધારે "કોઈનું નુકશાન ન કરવું" "ભલું જ કરવું" તેનો પાયો છે. તે સમજવો આજે સમાજના જે પ્રશ્નો છે તેની સાથે આનું લાગુકરણ કરો.

P. S. પોસ્ટ સ્ક્રીપ્ટ નોંધ અનુલેખ

આગળ આપેલા અધ્યાયોમાં આત્મિક જીવનનાં સિદ્ધાંતો અને જીવનોમાં કેવી રીતે ઉતારવા તે વિષે વેસ્લીના લખાણો આપણે જોયાં. મેં જાણીબુઝીને મારા અંગત ખુલાસાઓ આપવાનું ટાળ્યું છે, તેમ કરવાને બદલે વેસ્લીના અને શરૂઆતના મેથોડિસ્ટો જેઓ વેસ્લીના અનુયાયીઓ હતા. તેમના મુખ્ય શિક્ષણના દાખલા આપવાનું મેં પસંદ કર્યું છે. મેં આ રીત અપનાવી છે કારણ કે જે રૂઢી છે તેનું જ્ઞાન રૂઢીના ખુલાસા પહેલાં જ પ્રાપ્ત થવું જોઈએ.

દુઃખની વાત છે કે વેસ્લીના જીવનનો અભ્યાસ કરતી વખતે આ રીતો મોટા ભાગે અપનાવવામાં આવતી નથી તેનું પરિણામ એ આવે છે કે વેસ્લીના નામે જે કંઈ કરવામાં કે ચલાવવામાં આવે છે તેમાં અને વેસ્લીની પ્રણાલિકાને બહુ જ ઓછું મળતાપણું જોવા મળે છે.

તે પહેલાં વેસ્લીએ તેમના સમયમાં શું કર્યું કે કહ્યું તે જાણવાની આપણી ફરજ છે. હાલ વેસ્લી જીવતા હોય તો શું કહે કે કરે એ કામ ઉપાડીએ.

આ બાબત માટે વાંચક તરીકે હું તમારા ઉપર વિશ્વાસ રાખું છું કે તમે તમારા જીવન અને વેસ્લીના જીવન વચ્ચે કંઈક સંબંધ જોડી શકશો કે જોઈ શકશો. આવા ઘણા સંબંધો જોડવાની મથામણમાં પડશો તો તમે પોતે જ તમારા જીવનમાંથી એ શોધી કાઢો તેના આનંદથી તમને વંચીત રાખશે.

આપણી રૂઢીના ઉપર શરૂઆતમાં જે પ્રતિબિંબ પાડયું તે જ બાબત

આપણને આધુનિક જમાનામાં આપણા જીવન માટે અને મંડળીના બહોળા જીવન માટે પ્રદર્શિત કરવા દોરવણીરૂપ બનશે.

આટલું કહ્યા પછી હું એ બાબત સ્પષ્ટ કરવા માગું છું કે વેસ્લિયન રૂઢી પ્રમાણે મનનીય જીવન તાજું કરવા માટે આપણે અઢારમી સદીમાં પાછા જવાની કે ફક્ત તેનો પુનરોચ્ચાર કરવાની જરૂર નથી.

કેટલાક પ્રસંગો એવા છે કે જેમાંથી ખાસ રીતો પાછી મેળવી શકાય અને એ ઈચ્છવા જોગ પણ છે. પરંતુ અમૂક પ્રસંગોમાં તો વેસ્લીનો જે આત્મભાવ હતો તેને જ પાછો પ્રાપ્ત કરવાનો યોગ્ય રાહ ગણાશે. (ડો. આલ્બર્ટ આઉટલર મત પ્રમાણે) પરંતુ આવું પ્રાપ્ત કરવાની રીત (પ્રેકટીસથી કે ભાવનાથી) આ પ્રણાલિકાના મૂળ જ્ઞાનથી અલિપ્ત રહીને કરી શકાય નહિ.

વેસ્લિયન પ્રણાલિકાને આ રીતે તમારી સમક્ષ ખુલ્લી કરી પ્રેરણા પામો. અને વેસ્લીના પોતાના શબ્દો અને કૃત્યનો ઉંડો અભ્યાસ કરો તે માટે હું તમને ઉત્તેજન આપવા માગું છું. દુઃખની વાત છે કે (હાલ જાન્યુ. ૧૯૮૩માં) વેસ્લીના લખાણોની નકલ જે જેકસને છપાવી છે તે ઉપલબ્ધ નથી. પરંતુ વેસ્લીના લખાણોના અમૂક ભાગો ઉપલબ્ધ છે.

આવાં લખાણો વાંચવાથી તમે પોતે વિચારી શકશો અને ભવિષ્યની યોજના માટે વેસ્લિયન રૂઢીનો કેવો આકાર કે રૂપ તમારી ઈચ્છા પ્રમાણે આપી શકાય તે માટે અનૂમાન કરી શકશો.

હું એ પણ જણાવવા માગું છું કે આવું વાંચન તમને બહુ જ સઘન અનુભવ કરાવશે અને વેસ્લિયન રૂઢી પ્રમાણે તમારા આત્મિક ઘડતર અને સ્વાર્પણને દર્શાવી શકશો.

જ્યારે તમે આ અભ્યાસ કે સંશોધન પૂરું કરો. પછી વેસ્લીનાં બીજા જાણીતાં લખાણો તરફ ધ્યાન આપો. આમ કરવાથી તમે પોતે વેસ્લીને બરાબર સમજી શકશો. તમને મદદરૂપ બને તેવા ખુલાસા મળી રહેશે. અને વેસ્લીના જીવન અને વિચારોમાં જુદાં જુદાં પાસાં સમજીને તે ઉપર તમે તમારા મંતવ્યો બાંધી શકશો.

આવા અભ્યાસમાં જે છેલ્લો તબક્કો છે તે તો વેસ્લીએ જે સાહિત્ય-પુસ્તકો વાંચ્યાં હતાં તે તમે પણ વાંચો. આવું કરવાથી તમે પોતાને અને વેસ્લીને જે ખ્રિસ્તી વિચારોનો પ્રવાહ છે તેમાં યોગ્ય સ્થળે મૂકી શકશો કે જોઈ શકશો. વેસ્લીના આત્મિક જીવનનો અભ્યાસ હાલ શક્ય અને લાભકારક છે એનાં કારણો વેસ્લીને જેટલો ઉપયોગી હતાં તેટલાં જ આપણા માટે પણ ઉપયોગી છે.

ખ્રિસ્તી આત્મિકતાને તાજી કરવા આપણે સાથી મુસાફરો છીએ. ફરી એકવાર વેસ્લીને આપણી સાથે વાત કરવા દઈએ કે આત્મિકતા એટલે શું.

"એ તદન સત્ય હકીકત છે કે ધર્મનાં મૂળ તો હૃદયમાં જ છે. આત્માના ઊંડાણોમાં આ તો ઈશ્વર અને આત્માનું જોડાણ છે. મનુષ્યના આત્મામાં ઈશ્વરનું જીવન. પરંતુ આ મૂળ જો ખરેખર હૃદયમાં જ છે તો બાહ્ય રીતે ઈશ્વરને આધીન થવાથી તેમાંથી ડાળીઓ ફૂટયા વગર રહી શકે જ નહિ."

જો ઉપર જણાવેલી લાયકાતો આપણા આત્મિક જીવનના ઘડતરમાં જોવા મળે તો આપણે વેસ્લિયન મનનીય જીવનની પ્રણાલિકાને જીવનમાં ઉતારી છે એમ કહી શકાય.

2BGW2